દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 257 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 October 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૩૧ ઑક્ટોબર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગુરુવારે ‘અ થર્સડે’ ફિલ્મ જેવી બાનની ઘટના

# પવઈમાં બંધક ડ્રામા, કિડનેપરનું ઍન્કાઉન્ટર

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,214/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## ઑડિશનના નામે પ્રોફેસર રોહિત આર્યે ૧૭ બાળકને બોલાવ્યા ને બંધક બનાવ્યાં: મહારાષ્ટ્ર સરકારની યોજના પેટે બે કરોડ રૂપિયા ન મળતાં પગલું ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શહેરના પવઈ વિસ્તારમાં આવેલા એક સ્ટુડિયોમાં ગુરુવારે પ્રોફેસરે ૧૭ બાળકને બંધક બનાવતાં યામી ગૌતમની ‘અ થર્સડે’ ફિલ્મ જેવો હાઈ વૉલ્ટેજ ડ્રામા થયો હતો. બાથરૂમની ગ્રિલ તોડીને સ્ટુડિયોમાં પ્રવેશેલી પોલીસ ટીમ સાથેની અથડામણમાં આરોપીનું મૃત્યુ થયું હતું, જ્યારે બંધક બનાવવામાં આવેલા બાળકોને પોલીસે સહીસલામત બચાવી લીધા હતા. પોલીસ એન્કાઉન્ટર પૂર્વે આરોપીએ એક વીડિયો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો, જે ખાસ્સો વાયરલ થયો હતો.

ઝોન-૧૦ના ડેપ્યુટી પોલીસ કમિશનર દત્તા નલાવડેએ જણાવ્યું હતું કે પોલીસ કાર્યવાહીમાં આરોપી ગંભીર રીતે જખમી થયો હતો. સારવાર માટે તેને જોગેશ્વરીની ટ્રોમા કેર સેન્ટરમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ રોહિત આર્ય (૫૦) તરીકે થઈ હતી. નાગપુરનો વતની રોહિત હાલમાં ચેમ્બુર પરિસરમાં રહેતો હતો. તે સ્વચ્છતા મોનિટર નામની યોજના ચલાવતો હતો. આ યોજનાના ભાગ રૂપે સરકાર પાસેથી બે કરોડ રૂપિયા મળ્યા ન (જુઓ પાનું ૨) ▶▶

**વાંક કોનો, ડામ કોને?:** મુંબઈના પવઈમાંના આ રા સ્ટુડિયોમાં ગઈ કાલે બાનનો ડ્રામા થયો હતો અને ઈન્સેટમાં આ ઘટનાનો આરોપી રોહિત આર્ય જે પછી પોલીસની ગોળીનો શિકાર થયો હતો. (અમય ખરાડે)




## ટ્રમ્પ ચીન પરની ટૅરિફ ઘટાડશે

### ▸ બેઈજિંગ અમેરિકાના સોયાબીન્સ ખરીદશે, દુર્લભ ખનિજની નિકાસ કરશે ▸ ટ્રમ્પ ચીન જશે, શી અમેરિકા આવશે ▸ ચીન ખાતે કમ્પ્યુટર ચિપ્સની નિકાસ કરવા અને એનવીડિયા અંગે ચર્ચા કરાઈ

ઍર ફોર્સ વનમાંથી: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનના નેતા શી જિનપિંગ સાથેની ગુરુવારની રૂબરૂ બેઠકને બહુ જ સફળ ગણાવી હતી અને જણાવ્યું હતું કે હું અમેરિકા ખાતે ચીનના માલસામાનની આયાત પર લદાયેલી ટૅરિફમાં ઘટાડો કરીશ. બેઇજિંગ દુર્લભ ખનિજની નિકાસ કરવા અને અમેરિકા પાસેથી સોયાબીન્સ ખરીદવા સહમત થયું છે. હું ચીન જઇશ અને તે પછી શી અમેરિકા આવશે.

ટ્રમ્પે ઍર ફોર્સ વનમાં પત્રકારોને જણાવ્યું હતું કે અમે ચીન દ્વારા ફેન્ટાનીલ (દર્દશામક દવા) બનાવવા માટેનાં રસાયણો વેચવામાં આવતા હોવાથી તેને દંડ કરવા લાદેલી સંબંધિત ૨૦ ટકા ટૅરિફને ઘટાડીને ૧૦ ટકા કરીશું.



આ ઉપરાંત, ચીન ખાતેથી આયાત કરવામાં આવતા બધા માલસામાન પરની સરેરાશ ટૅરિફ ૫૭ ટકાથી ઘટાડીને ૪૭ ટકા કરીશું.

તેમણે જણાવ્યું હતું કે હું એપ્રિલમાં ચીન જઇશ અને તેના થોડા સમય પછી શી જિનપિંગ અમેરિકા (જુઓ પાનું ૨) ▶▶

## ચાબહાર બંદર પ્રતિબંધમાંથી ભારતને છ મહિનાની રાહત

### અમેરિકા સામે નવી દિલ્હીની મોટી રાજદ્વારી જીત

નવી દિલ્હી: વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે ઇરાનના ચાબહાર બંદર પર અમેરિકાએ લાદેલા પ્રતિબંધમાંથી અમેરિકાએ ભારતને છ મહિના માટે બાકાત રાખ્યું છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સવાલના જવાબમાં જણાવ્યું હતું કે અમેરિકાએ ઇરાનના ચાબહાર બંદર પર લાદેલા પ્રતિબંધમાંથી ભારતને છ મહિના માટે રાહત આપી છે. અમેરિકાએ ભારતને આપેલી સંબંધિત રાહતને લીધે નવી દિલ્હી વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વના આ બંદરના (જુઓ પાનું ૨) ▶▶

**હજારો ભારતીયોની નોકરીઓ ખતરામાં**

## અમેરિકામાં વિદેશીઓ માટે વર્ક પરમિટ લંબાવવી મુશ્કેલ

વૉશિંગ્ટન: અમેરિકામાં વિદેશી નોન-ઇમિગ્રન્ટ વિઝાધારકોની વર્ક પરમિટ આપમેળે લંબાવતા અગાઉની બાઇડન સરકારના નિર્ણયને ટ્રમ્પ વહીવટીતંત્રે પાછો ખેંચ્યો છે અને હવે તેઓની વર્ક પરમિટ લંબાવતી વખતે તેઓની અરજીની ઝીણવટભરી તપાસ કરાશે. અમેરિકાના આ નિર્ણયની માઠી અસર હજારો ભારતીય સહિતના લાખો વિદેશી કર્મચારીઓ પર પડશે. અમુક વર્ગ (કૅટેગરી)ના વિદેશી કર્મચારીઓના એમ્પ્લોયમેન્ટ ઑથૉરાઇઝેશન ડૉક્યુમેન્ટ્સ (ઇએડી)ની માન્યતા આપમેળે લંબાવતા નિયમને ટ્રમ્પ વહીવટીતંત્રે ગુરુવારે પાછો ખેંચ્યો હતો.

અગાઉ, બાઇડન વહીવટીતંત્રે ૨૦૨૨ના મેમાં સંબંધિત નિયમમાં સુધારો કર્યો હતો અને તેને લીધે વિદેશી (જુઓ પાનું ૨) ▶▶

## જેમિમાએ ભારતને પહોંચાડ્યું ફાઇનલમાં

નવી મુંબઈ: ભારતે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ગુરુવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાને દિલધડક સેમિ ફાઇનલમાં પાંચ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતે ૩૩૯ રનનો લક્ષ્યાંક ૪૮.૩ ઓવરમાં ૫/૩૪૧ના સ્કોર સાથે (નવ બૉલ બાકી રાખીને) મેળવી લીધો હતો. મુંબઈની જેમિમા રૉડ્રિગ્સ (૧૨૭ અણનમ, ૧૩૪ બૉલ, ૧૯૩ મિનિટ, ૧૪ ફોર) આ હાઇ-સ્કોરિંગ મુકાબલાની સુપરસ્ટાર હતી. તેની અને કૅપ્ટન હરમનપ્રીત કૌર (૮૯ રન, ૮૮ બૉલ, બે સિક્સર, દસ ફોર) વચ્ચે ૧૫૬ બૉલમાં ૧૬૭ રનની ભાગીદારી થઈ હતી. વનડાઉનમાં રમવા આવ્યા બાદ જેમિમા ઘાયલ થવા છતાં અને ખૂબ જ થાકી ગઈ હોવા છતાં લડાયક ઇનિંગ્સમાં છેક સુધી યાદગાર ઇનિંગ્સ રમી હતી. ■



વિગતવાર અહેવાલ ૧૨



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આપણાથી ક્લાઉડ સીડિંગ પણ સફળતાથી થતું નથી!

**આપણા** દેશની રાજધાની દિલ્હીમાં દિવાળી ટાણે જ પ્રદૂષણ વધવાની મોંકાણ મંડાય છે ને પ્રદૂષણને નાથવા માટે નક્કર પગલાં લેવાના બદલે બુદ્ધિનું પ્રદર્શન કરવાની હોડ પણ શરૂ થઈ જાય છે. દિલ્હીમાં છેલ્લાં ૧૦ વર્ષથી અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી હતા ને કેજરીવાલની પિન ઓડ-ઈવન પર ચોંટી ગયેલી એટલે પ્રદૂષણનું સ્તર ખતરનાક સ્તરે પહોંચી ગયું છે એવું જાહેર થાય એ સાથે જ કેજરીવાલ ઓડ-ઈવનનો તમાશો શરૂ કરી દેતા. કેજરીવાલની ઓડ-ઈવન ફોર્મ્યુલા જગજાહેર હતી તેથી તેના વિશે ઝાઝું કહેવાની જરૂર નથી પણ લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે એવું કહેવાય છે તેથી બે લીટીમાં ઓડ-ઈવન ફોર્મ્યુલા સમજાવી દઈએ. કેજરીવાલની 'ઓડ-ઈવન' કાર ફોર્મ્યુલા પ્રમાણે એક દિવસ રોડ પર એકી નંબર ધરાવતી કારો બહાર કાઢી શકાતી અને બીજા દિવસે માત્ર બેકી નંબરો ધરાવતી કારો જ બહાર કાઢી શકાતી.

દિલ્હીનાં લોકોએ 'ઓડ-ઈવન' કાર ફોર્મ્યુલા સહિતના તાયફાઓથી કંટાળીને કેજરીવાલને ઘરભેગા કરી દીધા ને ભાજપને સત્તા સોંપી પણ રેખા ગુપ્તાની ભાજપ સરકારે પણ બુદ્ધિનું પ્રદર્શન કરવાની પરંપરા જાળવી છે. રેખા ગુપ્તા સરકારે પ્રદૂષણને નાથવા માટે ક્લાઉડ સીડીંગનો સહારો લઈને બુદ્ધિનું પ્રદર્શન કરી નાખ્યું. વિજ્ઞાનીઓ કહી ચૂક્યા છે કે, ક્લાઉડ સીડીંગથી વરસાદ પડે તેના કારણે કામચાઉ રીતે પ્રદૂષણ ઘટે છે પણ કાયમી ઘટતું નથી.

કૃત્રિમ વરસાદ પડે તેના કારણે થોડોક સમય રાહત લાગે પણ વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ઉમેરાવાની પ્રક્રિયા ચાલુ જ હોય તેથી સ્થિતિ પાછી એ જ થઈ જાય તેથી પ્રદૂષણ ઘટાડવા માટે ક્લાઉડ સીડિંગ સારો રસ્તો નથી છતાં દિલ્હી સરકારે એ રસ્તો અપનાવ્યો. બીજું બુદ્ધિનું પ્રદર્શન એ કરાયું કે, વિજ્ઞાનીઓ નવેમ્બર મહિના અને ફેબ્રુઆરીથી મે દરમિયાનના સમયને ક્લાઉડ સીડિંગ માટે શ્રેષ્ઠ માને છે ત્યારે દિલ્હી સરકારે હરખપદૂડી થઈને ઓક્ટોબરમાં જ ક્લાઉડ સીડીંગનો તાયફો માંડી દીધો.

આ બુદ્ધિના પ્રદર્શનમાં પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થઈ ગયો કેમ કે ૧.૩૦ કરોડ રૂપિયાનું આંધણ કર્યા પછી વરસાદ જ ના વરસ્યો. વરસાદ ના વરસ્યો તેનું કારણ અણઘડ આયોજન છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી) કાનપુરના વિજ્ઞાનીઓની દેખરેખ હેઠળ ક્લાઉડ સીડિંગનો પ્રયોગ કરાયેલો. બે વાર વિમાન મોકલીને વાદળો ઝડપથી બંધાય એ માટેની પ્રક્રિયા કરાયેલી પણ વરસાદ ના પડતાં વગર પાણીએ સવા કરોડ રૂપિયાથી વધારે ધોવાઈ ગયા.

ક્લાઉડ સીડીંગ બહુ સામાન્ય પ્રક્રિયા છે પણ એ પણ આપણે સફળતાપૂર્વક ના કરી શકીએ તેના પરથી જ આપણે સાયન્સ અને ટેક્નોલોજીમાં ક્યાં ઊભા છીએ તેનો અંદાજ આવી જાય. ક્લાઉડ સીડિંગ હેઠળ હવામાં રહેલા ભેજને વાદળોમાં ફેરવીને કૃત્રિમ વરસાદ વરસાવાય છે. ક્લાઉડ સીડિંગ અંતર્ગત વિમાનમાંથી આકાશમાં સિલ્વર આયોડાઈડનો છંટકાવ કરવામાં આવે છે તેથી વાદળાં બંધાવાની પ્રક્રિયા ઝડપી બને છે.

સિલ્વર આયોડાઈડ હવાના સંપર્કમાં આવે પછી ભેજને ખેંચવા માંડે છે અને તેને બરફના કણ બનાવી દે છે. બરફ હવામાં ઝડપથી ગતિ ના કરી શકે તેથી જમીન તરફ જાય છે ને પાણીના રૂપમાં નીચે પડે છે. આ બહુ સામાન્ય પ્રયોગ છે અને યુએઈ જેવા દુનિયાના ટચૂકડા દેશો પણ ક્લાઉડ સીડિંગમાં સો ટકા સફળતા મેળવે છે. મતલબ કે, જેટલી વાર પ્રયત્ન કરે એટલલી વાર સફળ થાય છે ને વરસાદ પડે જ છે. તેની સામે આપણે બે વાર પ્રયત્ન કર્યા ને બંને વાર નિષ્ફળ ગયા.

આ નિષ્ફળતા પછી આઈઆઈટી કાનપુરના ડિરેક્ટર મણીન્દ્ર અગ્રવાલે જ્ઞાન પિરસ્યું છે કે, દિલ્હી ઉપરનાં વાદળોમાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી ક્લાઉડ સીડિંગથી વરસાદ પડ્યો ન હતો. રવિવારે પ્રયોગ કરાયો ત્યારે ભેજનું પ્રમાણ લગભગ ૧૫ ટકા હતું જ્યારે ક્લાઉડ સીડિંગ સફળ થવા માટે ભેજનું પ્રમાણ લગભગ ૫૦ ટકા હોવું જોઈએ.

આઈઆઈટી દેશની ટોચની સંસ્થા છે અને તેના વિજ્ઞાનીઓને પ્રયોગ કર્યા પછી ભેજનું પ્રમાણ ઓછું હતું એ વાતની ખબર પડે એ સ્થિતી કેટલી દયનિય કહેવાય ? આ સાયન્સ અને ટેકનોલોજીના જમાનામાં ભેજનું પ્રમાણ કેટલું છે એ ગણતરીની મિનિટોમાં જાણી શકાય ને આપણા મહાન સંશોધકોને પ્રયોગ કરતાં પહેલાં ભેજનું પ્રમાણ જોઈએ એટલું નથી આ વાતની ખબર જ નહોતી એ સાંભળીને હસવું કે રડવું એ જ ખબર પડતી નથી.

અગ્રવાલ સાહેબે જ્ઞાન પિરસ્યું છે કે, વાદળનો પ્રકાર, તાપમાન, ભેજ અને પવન જેવાં અનેક પરિબળો પર વરસાદ પડશે કે નહીં તેનો આધાર હોય છે. આ વાત સાચી છે પણ આ બધાં ધારાધોરણોની ચકાસણી પહેલાં કેમ ના કરાઈ એ ખબર પડતી નથી. તેના કારણે પ્રજાની પરસેવાની કમાણીથી ભરાતી સરકારી તિજોરીમાંથી સવા કરોડ રૂપિયા હવામાં જ સિલ્વર આયોક્સાઈડની સાથે ઉડી ગયા તેના માટે કોણ જવાબદાર ? આ દેશમાં પ્રજાનાં નાણાં વેડફવા માટે કોઈને જવાબદાર ગણવામાં આવતા નથી ને લોકોમાં જવાબ માગવાની મર્દાનગી નથી તેથી અગ્રવાલ સાહેબ જેવા લોકો આવા વાહિયાત બચાવ કરી શકે છે.

આ સ્થિતિ બદલાવાની નથી તેથી તેની પાછળ વિલાપ કરવાનો મતલબ નથી એટલે શાસકો દ્વારા કરાતા બુદ્ધિના પ્રદર્શનની વાત પર પાછા ફરીએ. ક્લાઉડ સીડિંગ સહિતનાં પગલાં બુદ્ધિનું પ્રદર્શન એટલે છે કે, એ પ્રદૂષણનો કાયમી ઉકેલ નથી. ક્લાઉડ સીડિંગ આભ ફાટ્યું છે ત્યારે થિગડું મારવા જેવી વાત છે ને ભાજપ સરકાર પણ પ્રદૂષણની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના બદલે થાગડથિગડ કરી રહી છે. દિલ્હીમાં પ્રદૂષણ માટે સતત ઊડતી રહેતી ધૂળ અને વાહનોનો ધુમાડો જવાબદાર છે. દિલ્હીમાં આડેધડ બાંધકામો થઈ રહ્યાં છે તેથી ખોદકામ ચાલ્યા જ કરે છે અને ધૂળ ઉડ્યા જ કરે છે. તેના કારણે પ્રદૂષણ વધે છે અને લોકોનું સ્વાસ્થ્ય બગડે છે. દિલ્હીમાં અંદરના વિસ્તારોમાં અને આસપાસના વિસ્તારોમાં આવેલા ઉદ્યોગો મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાવે છે. હજારોની સંખ્યામાં આવેલી નાની નાની ફેક્ટરીઓની જરીપુરાણી મશીનરીઓ રોજ ટનબંધ કાર્બન ડાયોક્સાઈડ ઓકે છે. દિલ્હીની આસપાસના વીજળી ઉત્પાદન કરવા માટેના પ્લાન્ટ પણ પ્રદૂષણ વધારે છે કેમ કે તેમાં હજુય કોલસો વપરાય છે. દિલ્હીમાં વાહનોના કારણે વધતા પ્રદૂષણનો મામલો સૌથી ગંભીર છે. દિલ્હીમાં રોજ નવાં ૨૦ હજાર ખાનગી વાહનો ઉમેરાય છે તેથી સતત વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધ્યા કરે છે. પ્રદૂષણ રોકવું હોય તો આ બધું રોકવું જોઈએ પણ ના કેજરીવાલ સરકારે કંઈ કર્યું ને નથી રેખા ગુપ્તા સરકાર કશું કરી રહી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૩૧-૧૦-૨૦૨૫, સરદાર પટેલ જયંતી, શ્રી હરિ જયંતી, રંગનાથ જયંતી (નારેશ્વર)

- ભારતીય દિનાંક ૯, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા સાંજે ક. ૧૮-૫૦ સુધી, પછી શતભિષા
- ચંદ્ર મકરમાં સવારે ક. ૦૬-૪૭ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભમાં (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ધ

- ભરતીઃ સવારે ક. ૦૬-૫૯, રાત્રે ક. ૧૯-૩૫
- ઓટઃ બપોરે ક. ૧૩-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૫ (તા. ૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી, રંગનાથ જયંતી (નારેશ્વર), સરદાર પટેલ જયંતી, જગધાત્રી પૂજા (બંગાળ), અનલા નવમી (ઓરિસ્સા), પંચક પ્રારંભ સવારે ક. ૦૬-૪૭, સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વિશેષરૂપે મંગળ-રાહુ શુક્ર ગ્રહદેવતાનું પૂજન, વસુ દેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, ખીજડી, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, દુકાન-રત્નધારણ, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, બી વાવવું, હજામત, વૃક્ષ રોપવા, શ્રીસત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અસ્થિર મન, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ભારતે રશિયાના તેલની ખરીદીમાં મોટો કાપ મૂક્યો છેઃ ટ્રમ્પનો ફરી દાવો

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે દાવો કર્યો હતો કે ભારતે રશિયાના ખનિજ તેલની ખરીદીમાં મોટો કાપ મૂક્યો છે. નવી દિલ્હીએ મોસ્કો ખાતેથી તેલની આયાતમાં તબક્કાવાર ઘણો ઘટાડો કર્યો છે. ટ્રમ્પે બુસાનમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની શિખર મંત્રણા બાદ ઍર ફોર્સ વનમાં બેસીને વૉશિંગ્ટન પાછા ફરતી વખતે પત્રકારોને જણાવ્યું હતું કે ચીન રશિયા પાસેથી ઘણાં લાંબા સમયથી ખનિજ તેલ ખરીદી રહ્યું છે. તેને લીધે ચીનના ઘણાં વિસ્તારની ઈંધણની જરૂરિયાત સંતોષાય છે. આ કિસ્સામાં ભારત ઘણી સારી કામગીરી કરીને રશિયા પાસેથી તેલની ખરીદીમાં મોટો કાપ મૂકી રહ્યું છે. મેં શી જિનપિંગ સાથેની રૂબરૂ બેઠકમાં રશિયા પાસેથી તેલની ખરીદી અંગે ચર્ચા નહોતી કરી. અમે રશિયા - યુક્રેનનું યુદ્ધ બંધ કરાવવા સંયુક્ત પ્રયાસ કરવા વાત કરી હતી.

ટ્રમ્પ છેલ્લાં થોડાં દિવસથી દાવો કરે છે કે નવી દિલ્હીએ રશિયા પાસેથી તેલની ખરીદીમાં મોટો ઘટાડો કરવાની મને બાંયધરી આપી હતી.

ટ્રમ્પે ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે ભારત મોસ્કો પાસેથી ખનિજ તેલની ખરીદી બંધ કરવા સહમત થયું છે.

આમ છતાં, ભારતે ટ્રમ્પના સંબંધિત દાવાને નકારીને જણાવ્યું હતું કે નવી દિલ્હી તેલના વૈશ્વિક બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેલ અને ગૅસની આયાતનો નિર્ણય લે છે. ભારત પોતાની ઊર્જાની જરૂરિયાત મુજબ ઊર્જાના સ્રોતમાં વૈવિધ્ય લાવી રહ્યું છે. (એજન્સી)

## 30 વર્ષે અણુશસ્ત્રોનું પરીક્ષણ શરૂ કરશે અમેરિકા

બુસાનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એવો ઈશારો કર્યો હતો કે અમેરિકા ત્રણ દાયકા પછી પહેલી વાર અણુશસ્ત્રોનું પરીક્ષણ કરશે જેથી રશિયા અને ચીન સાથે રહી શકાય. જોકે અમેરિકા અણુબૉમ્બનો સ્ફોટ કરશે એવો ચોખ્ખો નિર્દેશ મળ્યો નથી. જોકે ટ્રમ્પે અમેરિકાની નીતિમાં મોટા ફેરફાર તરફ નિર્દેશ કર્યો હતો.

ચીનના પ્રમુખ શી જિનપિંગને દક્ષિણ કોરિયામાં ગુરુવારે મળતા પહેલાં તેમણે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને ઉક્ત જાહેરાત કરી હતી.

અમેરિકા અણુશસ્ત્રોનું વહન કરી શકે એવી મિસાઈલનું પરીક્ષણ નિયમિત રીતે કરે છે. જોકે પરીક્ષણ પરના પ્રતિબંધને લીધે ૧૯૯૨થી અણુબૉમ્બનો સ્ફોટ કર્યો નથી. જોકે પ્રમુખે સૂચવ્યું હતું કે બીજા દેશોને લીધે નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે. એ સ્પષ્ટ નથી કે તેઓ કોનો ઉલ્લેખ કરી રહ્યા છે. પરંતુ આને લીધે શીતયુદ્ધ ભડકી જશે.

ટ્રમ્પે ટ્રુથ સોશ્યલમાં લખ્યું હતું કે બીજા દેશો પરીક્ષણ કરતા હોવાથી મેં ડિપાર્ટમેન્ટ ઑફ વૉરને સમાનતા મેળવવા આપણાં હથિયારોનું પરીક્ષણ કરવાનું ચાલુ કરો એવો હુકમ આપ્યો છે. આ પ્રોસેસ તરત જ શરૂ થશે.

વાઈટ હાઉસે વધુ વિગત માગતા સવાલોનો જવાબ આપ્યો નહોતો. ટ્રમ્પે બુસાનની ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની બેઠક વખતે તેમની પોસ્ટ અંગેના સવાલને ટાળ્યો હતો.

પેન્ટાગોનના અધિકારીઓએ ટ્રમ્પની અણુ મિસાઈલના પરીક્ષણની જાહેરાત પર ટિપ્પણી કરી નહોતી

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને આ અઠવાડિયે કે રશિયાએ અણુઊર્જાથી ચાલતા મિસાઈલ અને અન્ડરવોટર ડ્રોનના સફળ પરીક્ષણની જાહેરાત કરી હતી. પુતિને અણુહથિયારના પરીક્ષણની વાત કરી નથી. છેલ્લે રશિયાએ ૧૯૯૦માં અણુહથિયારોનું પર્રીક્ષણ કર્યું હતું.

ટ્રમ્પે રશિયન ટેસ્ટનો ઉલ્લેખ કર્યો નહતો. જોકે તેમણે અમેરિકા પાસે રહેલા અણુહથિયારોની ચીન અને રશિયા સાથે તુલના કરતા કહ્યું હતું કે રશિયા બીજે નંબરે છે અને ચીન દૂર ત્રીજા નંબરે છે, પરંતુ પાંચ વર્ષમાં ચીન અમેરિકાની બરોબરી કરી નાખશે. (એજન્સી)

## સૂર્યકાંત દેશના મુખ્ય ન્યાયાધીશપદે નિયુક્ત

નવી દિલ્હીઃ જસ્ટિસ સૂર્યકાંત ૨૪ નવેમ્બર, ૨૦૨૫થી ભારતના ચીફ જસ્ટિસ બનશે. તેઓને દેશના ૫૩મા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ૨૪ નવેમ્બરે શપથ લેશે. વર્તમાન ચીફ જસ્ટિસ બી.આર. ગવઈએ કેન્દ્ર સરકારને તેમની નિમણૂકની ભલામણ કરી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિએ તેમના નામને મંજૂરી આપી છે. કેન્દ્રીય કાયદા મંત્રાલયના ન્યાય વિભાગે તેમની નિમણૂકની જાહેરાતને લઈને એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. જસ્ટિસ સૂર્યકાંત ૨૩ નવેમ્બરે નિવૃત્ત થઈ રહેલા ન્યાયમૂર્તિ ભૂષણ આર. ગવઈનું સ્થાન લેશે. તેઓ લગભગ ૧૫ મહિના સુધી મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપશે અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ નિવૃત્ત થશે. કેન્દ્રીય કાયદા અને ન્યાય અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાળે આ અંગે એક પોસ્ટ પોસ્ટ કરી હતી. પોતાની પોસ્ટમાં અર્જુન રામ મેઘવાલે લખ્યું હતું કે ''ભારતના બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંતને ૨૪ નવેમ્બર, ૨૦૨૫થી ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા છે. હું તેમને મારા હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું.''

## પ્રજામત

### રખવાળો રામ...

કુદરતને ગમે એવું કરતા રહીએ કામ,
એમાં રાજી રહે છે આપણો રખવાળો રામ,
પંખીડા તો આંગણિયે બોલાવીએ,
ખોબલો ભરીને ચણ નાખીએ,
એના કિલકિલ કરતાં,
કલરવમાં આપણને મળી જાશે એક અનોખું વરદાન,
ઠેરઠેર પાણીના પરબ બંધાવીએ,
તરસ્યા લોકોની તરસ છીપાવીએ,
એની દુઆ દેતી આંતરડીએથી મળી જાશે આપણને
માનવતા કેરું ઈનામ,
ઘરડાં મા-બાપની સેવા કરીએ,
હિંદુ સંસ્કૃતિનું નામ ઉજાળીએ
એની ચાલી આવતી પરંપરા
દુનિયાના ઈતિહાસને પાને
લખાઈ જાશે મા-ભારતનું નામ
હાલો કુદરતને ઉમળકાભેર વધાવીએ
હાલો રામચંદ્રજીનો જયજયકાર બોલાવીએ
કાચલિયા કહે જિંદગીમાં બાકી શું
રહ્યું છે છેવટની ઘડીએ તમારું
કાંડું પકડી લેશે રખવાળો રામ.

**નવીનચંદ્ર રતિલાલ કાચલિયા, નવસારી**

### જિંદગી એક તૂફાન

સાગરમાં ઉછળતાં મોજાં...
બેકાબૂ બની સુનામી સર્જે છે...
વાવાઝોડું તૂફાની બની...
પ્રકૃતિમાં ખેદાનમેદાન કરી નાખે છે...
વર્ષારાણી પણ કેમ પાછળ રહી જાય.
ચારેકોર જળબંબાકાર, જળબંબાકાર
આ તો કહાની થઈ... કુદરતી તોફાનોની...
માનવીનું જીવન પણ ક્યાં શાંતમય વિતે છે...
સર્જાય છે...ક્ષણે ક્ષણે...
મનમાં ઉપસતું વિચારોનું તૂફાન...
દિલમાં ઉમટી પડે છે...
લાગણીઓનું...સ્પંદનોનું...તૂફાન...
સુખ...સુખી ક્ષણોમાં...
પૈસાની રેલમછેલનું તૂફાન...
દુઃખમાં પડી રહે છે...
ચારેકોરથી ઘેરાયેલું મુસીબતોનું તૂફાન...
તૂફાન...તૂફાન ક્યાં ક્યારે વિરમે છે?
વિશ્વ પણ ઊભું છે...
તૂફાનની ચપેટમાં ઉભરાઈ જવાની ક્ષણમાં.
ક્યાં કોઈને શાંતિમય જીવનની
ચંદ પળો માણવી જ છે?
બાકી...'માનવધર્મ'...સમભાવની સુવાસ ફેલાવી...
ભલભલી સુનામીમાં પણ અડીખમ રાખે છે.
પડકાર છે... માનવજાતને...
જિંદગી જીવવાની સફરમાં...
તૂફાનમય જિંદગીને શાંત કરવાની...
પણ આખરે તો ક્ષણોક્ષણ તૂફાનમય...
જિંદગીનું તૂફાન જ બની રહે છે...
જિંદગી... એક તૂફાન છે...બીજું કાંઈ?

**હર્ષદ દડિયા- ઘાટકોપર (ઈસ્ટ)**

## છઠી મૈયાનું અપમાન કર્યું કૉંગ્રેસ અને આરજેડીના નેતાઓએઃ મોદી

છપરા /મુઝફ્ફરપુર : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વિરોધ પક્ષ કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળના જોડાણ પર 'છઠી મૈયા'નું અપમાન કરવાનો, અયોધ્યામાં રામમંદિર બાંધવા સામે વાંધાવચકા કાઢવાનો તેમ જ વૉટ બૅન્કના રાજકારણ અને તુષ્ટિકરણ માટે ઘૂસણખોરનું રક્ષણ કરવાનો આક્ષેપ કર્યો હતો. કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે એવો આક્ષેપ કર્યો હતો કે મોદીએ છઠ પૂજા માટે યમુનામાં ડૂબકી મારવાનો ડ્રામા કરવાનો પ્રયાસ કર્યો હતો. નદી ગંદી હોવાથી સ્વચ્છ પાણી વડે ખાબોચિયું બનાવવામાં આવ્યું હતું. પરંતુ આ ઉઘાડું થતાં ડ્રામા પડતો મુકાયો હતો. મોદીએ ઉક્ત ટિપ્પણી રાહુલના આક્ષેપના જવાબમાં મુઝફ્ફરપુર અને છપરા નગરની રૅલીમાં કરી હતી.

મોદીએ લોકોને તેમનો વિશ્વાસ 'નરેન્દ્ર-નીતીશ' જોડાણ પર રાખવાનો અનુરોધ કર્યો હતો. મોદી જેડી(યુ)ના પ્રમુખ અને બિહારમાં સૌથી લાંબા સમય માટે મુખ્ય પ્રધાન રહેનાર નીતીશ કુમારનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

મોદીએ કહ્યું હતું કે છઠ પૂજા બાદ મારી બિહારની પહેલી યાત્રા છે. આ પૂજા આખા જગતમાં વિશ્વવિખ્યાત છે. તહેવાર સમર્પણ અને સમાનતાનો સંદેશ આપે છે. આથી મારી સરકાર આને યુનેસ્કો હેરિટેજનો મોભો મળે એ માટે પ્રયાસ કરી રહી છે. હું મુસાફરી કરતી વખતે છઠના ગીતો સાંભળું છું. નાગાલૅન્ડની બાળાએ ગાયેલું છઠનું ગીત મને હૃદયમાં સ્પર્શી ગયું હતું. તમારો પુત્ર છઠને સમ્માન અપાવવા માટે પ્રયત્નશીલ છે ત્યારે કૉંગ્રેસ અને આરજેડી જોડાણ આ પર્વને નાટક અને નોટંકી ગણાવીને તેનો ઉપહાસ કરે છે. મોદીએ કોઈનું નામ લીધા વિના આ વાત કહી હતી. રાહુલે બુધવારે આક્ષેપ કર્યો હતો કે મોદી મત મેળવવા કંઈ પણ કરી શકે. મોદી આ માટે નૃત્ય પણ કરી શકે.

મોદી કહ્યું હતું કે જુઓ, આ લોકો મત મેળવવા કેટલા નીચા સ્તરે જતા રહે છે. આ છઠ તહેવારનું અપમાન છે અને બિહાર આને સદીઓ સુધી ભૂલશે નહીં. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકામાં

કર્મચારીઓ એમ્પ્લોયમેન્ટ ઑથૉરાઇઝેશન ડૉક્યુમેન્ટ્સના રિન્યૂઅલ માટેની નવી અરજી કરે તે પછી ઇએડીની માન્યતા કોઇ પણ વૅરિફિકેશન પ્રૉસેસ વિના ૫૪૦ દિવસ માટે આપમેળે લંબાવવામાં આવતી હતી.

વિદેશી કર્મચારીઓની વર્ક પરમિટની મુદત લંબાવવા માટેની ૧૫ લાખ જેટલી અરજી પૅન્ડિંગ હોવાથી કોઇ પણ વૅરિફિકેશન વિના તેને લંબાવવાનો નિર્ણય અગાઉની બાઇડન સરકારે લીધો હતો, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રે તે પાછો ખેંચ્યો છે અને હવે દરેક અરજીને બારીકાઇથી તપાસવામાં આવશે.

ડીએચએસએ એક નિવેદનમાં કહ્યું હતું કે ઈએડીનું ઓટોમેટિક એક્સ્ટેન્શન સમાપ્ત કરવાથી અમેરિકામાં કામ કરવા માટે રોજગાર અધિકૃતતા માટે અરજી કરતા વિદેશીઓની વારંવાર તપાસ કરવામાં આવશે, અત્યાર સુધી, કામદારો તેમની નવીકરણ અરજીઓ મંજૂરી માટે બાકી હોય ત્યારે ૫૪૦ દિવસ સુધી તેમની નોકરી ચાલુ રાખી શકતા હતા.

અગાઉ કર્મચારીઓ તેમની રિન્યૂઅલ અરજીઓ મંજૂરી માટે બાકી હોય ત્યારે ૫૪૦ દિવસ સુધી તેમની નોકરી ચાલુ રાખી શકતા હતા. નવા નિયમ હેઠળ જો કોઈ વ્યક્તિને રિન્યૂઅલ તેમની વર્તમાન ઈએડી સમાપ્ત થાય તે પહેલાં મંજૂર ન થાય તો તેમણે તાત્કાલિક કામ બંધ કરવું પડશે. ડીએચએસ એક નિવેદનમાં કહ્યું હતું કે યુએસસીઆઈએસ અમેરિકાના નાગરિકો ન હોય તેવા લોકોને સલાહ આપે છે કે તેઓ તેમની ઈએડી રિન્યૂઅલ અરજીઓ સમયસર અને સચોટ રીતે પૂર્ણ કરે જેથી તેઓ તેમની ઈએડી પૂર્ણ થયાની તારીખના ૧૮૦ દિવસની અંદર રિન્યૂ કરી શકે. કોઈ વિદેશી ઈએડી રિન્યૂઅલ અરજી ફાઇલ કરવા માટે જેટલો લાંબો સમય રાહ જોશે, તેમની રોજગાર અધિકૃતતા અથવા દસ્તાવેજ અસ્થાયી રૂપે સમાપ્ત થવાની શક્યતા એટલી જ વધારે છે. ટ્રમ્પ સરકારના આ નિર્ણયથી ભારતીય નાગરિકો પર મોટી અસર થવાની શક્યતા છે. જેઓ અમેરિકાના ઇમિગ્રન્ટ વર્કફોર્સનો મોટો ભાગ છે અને પહેલાથી જ ગ્રીન કાર્ડ અને પેન્ડિંગ વીઝા અરજીઓનો સામનો કરી રહ્યા છે. આ ફેરફારથી સૌથી વધુ ભારતીય એચ-૧બી વિઝા ધારકો, એચ-૪ વિઝા ધરાવતા જીવનસાથીઓ અને ઓપીટી (વૈકલ્પિક પ્રેક્ટિકલ ટ્રેનિંગ) પર કામ કરતા વિદ્યાર્થીઓને સૌથી વધુ અસર કરે તેવી શક્યતા છે. (એજન્સી)

### પવઈમાં

હોવાનો દાવો રોહિતે કર્યો હતો. આ મુદ્દે તેણે અગાઉ ભૂખહડતાળ પણ કરી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે રોહિતે વેબસિરીઝના ઑડિશનને બહાને બાળકોને બોલાવ્યા હતા. પવઈમાં સાકી-વિહાર રોડ પરની મહાવીર ક્લાસિક ઈમારતમાં આવેલા રા સ્ટુડિયોમાં બાળકો પહોંચ્યા પછી પ્રોફેસરનો હાઈ વૉલ્ટેજ ડ્રામા શરૂ થયો હતો.

કહેવાય છે કે ઍરગન અને જ્વલનશીલ કેમિકલ સાથે રોહિત સ્ટુડિયોમાં આવ્યો હતો. બપોરે દોઢ વાગ્યાથી ૧૦થી ૧૨ વર્ષનાં ૧૭ છોકરા-છોકરી સહિત ૧૯ જણને તેણે બંધક બનાવ્યાં હતાં. બાળકોને બંધક બનાવવામાં આવ્યાની માહિતી પોલીસ કન્ટ્રોલ રૂમને મળતાં જ પવઈ અને સાકીનાકા પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનો પણ મદદે પહોંચ્યા હતા. જોતજોતાંમાં આખો માર્ગ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સૌપ્રથમ અધિકારીઓએ રોહિત સાથે વાતચીતથી મામલાની પતાવટનો પ્રયાસ કર્યો હતો, પણ રોહિત તરફથી કોઈ સકારાત્મક નિર્ણય લેવાયો નહોતો. પરિણામે પોલીસે સ્ટુડિયોમાં ઘૂસીને કાર્યવાહી કરવાનું નક્કી કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે બાળકોને બંધક બનાવ્યા પછી રોહિતે તેનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. વીડિયોમાં તેણે ચર્ચા કરવાની જ માગણી કરી હતી. માગણી ન માનવામાં આવે તો જગ્યાને આગ લગાડી દેવાની ચીમકી તેણે ઉચ્ચારી હતી.દરમિયાન પોલીસની ટીમ બાથરૂમની ગ્રિલ તોડીને સ્ટુડિયોમાં પ્રવેશી હતી. પોલીસને જોતાં જ રોહિતે ઍરગનથી ફાયર કર્યું હતું. પોલીસે વળતા જવાબમાં એક રાઉન્ડ ફાયર કરતાં ગોળી રોહિતને વાગી હતી. ગંભીર હાલતમાં તેને હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સાંજે સાડાપાંચ વાગ્યાની આસપાસ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઑપરેશન બાદ પોલીસે બંધક બનાવાયેલા ૧૭ બાળક સહિત ૧૯ જણને સુરક્ષિત બચાવી લીધા હતા. છોડાવાયેલા લોકો માટે પોલીસે બસની વ્યવસ્થા પણ કરી હતી. આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. આ આખા પ્રકરણની ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

### ચાબહાર બંદર

પ્રૉજેક્ટનું કામ આગળ વધારી શકશે. ભારત પાકિસ્તાનમાં પ્રવેશ્યા વિના ચાબહાર બંદરેથી અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશોની સાથે વેપાર કરી શકે એમ છે.

અગાઉ, અમેરિકાએ ઇરાનના ચાબહાર બંદરના પ્રૉજેક્ટ પર ૨૯ સપ્ટેમ્બરે પ્રતિબંધ મૂક્યો હતો અને તેના એક મહિના પછી ભારતને આ પ્રૉજેક્ટ આગળ વધારવા છ મહિનાનો સમય આપ્યો છે.

ઇરાનના અણુબૉમ્બના કહેવાતા કાર્યક્રમને રોકવા માટે તેના પર દબાણ લાવવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન પર વિવિધ પ્રતિબંધ મૂક્યા છે. તેને લીધે ભારત દ્વારા ઇરાનના ચાબહાર બંદરને વિકસાવવાનું કામ અટકી ગયું હતું.

અગાઉ, ટ્રમ્પના વહીવટીતંત્રે ૨૦૧૮માં પણ ઇરાનના ચાબહાર બંદર પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ ભારતીય કંપનીઓને ચાબહાર બંદર ખાતે પોતાની કામગીરી ચાલુ રાખવાની પરવાનગી આપી હતી.

### ટ્રમ્પ ચીન પરની

આવશે.ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે અત્યાધુનિક કમ્પ્યૂટર ચિપ્સની ચીન ખાતે નિકાસ કરવા અંગે પણ ચર્ચા કરી હતી. ચીનના સત્તાવાળાઓની સાથે એનવીડિયા અંગે પણ ચર્ચા થઇ હતી.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે અમેરિકા અને ચીનની વચ્ચે ટૂંક સમયમાં વેપાર-કરાર કરાશે. અમારી વચ્ચે કોઇ ખાસ વાંધાજનક બાબત નથી.


ટ્રમ્પ અને શી જિનપિંગની વચ્ચે દક્ષિણ કોરિયામાં ૧૦૦ મિનિટ સુધી મંત્રણા ચાલી હતી અને અમેરિકાના પ્રમુખે તેને ફળદાયી ગણાવી હોવા છતાં વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા આ બે દેશની વચ્ચે હજી અનેક મુદ્દે તંગદિલી છે.

બન્ને દેશ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિતની અત્યાધુનિક ટૅક્નોલૉજી વિકસાવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે. આ ઉપરાંત, રશિયાની યુક્રેન સાથેની લડાઇ અંગે પણ બન્ને દેશ ભિન્ન મત ધરાવે છે. (એજન્સી)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# રાષ્ટ્રીય એકતા દિનની એકતાનગરમાં ભવ્ય ઉજવણી



**સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ**

દેશના એકીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર
વલ્લભભાઈ પટેલના ૩૧ ઑક્ટોબરના જન્મદિનને
'રાષ્ટ્રીય એકતા દિન' તરીકે ઉજવવામાં આવે છે.
લોહપુરુષની દોઢસોમી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી
કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશના
પ્રથમ ગૃહપ્રધાનની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી'
જ્યાં છે તે એકતાનગરમાં જવાના છે ત્યારે
આ બે મહાનુભાવોમાં રહેલી સામ્યતાને
રેખાંકિત કરવામાં આવે છે.



**આદરણીય નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી**

## એમની કાર્યશૈલી અને દેશભાવનામાં ઘણી જ સામ્યતા રહેલ છે.

- બન્ને મહાપુરુષોએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.
- બન્ને રાષ્ટ્રનેતાઓ માટે 'રાષ્ટ્ર પ્રથમ, પરિવાર પછી–નિસ્વાર્થ રાષ્ટ્રસેવા એજ એમનું ધ્યેય'

- આઝાદી દરમિયાન દેશને વિભાજિત ન થવા દીધો અને એકજૂટ રાખ્યો.
- અંગ્રેજ સામ્રાજ્યને હચમચાવી નાખ્યું.
- પત્નીના અગ્નિસંસ્કાર બાદ તરત જ કોર્ટમાં હાજર થયા.
- સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો.
- આજની પેઢીએ એમનાં કાર્યોને પુસ્તકો થકી જાણ્યા છે, સાંભળ્યા છે અને એના પરિણામોની નોંધ લીધી છે.

- આઝાદી પછીના વર્ષોમાં દેશના ટુકડા ન થવા દીધા અને એને વધારે મજબૂત બનાવ્યો.
- આખા વિશ્વમાં છવાઈ ગયા.
- માતાના અગ્નિસંસ્કાર બાદ તરત જ દેશની સેવામાં હાજર થયા.
- રામમંદિરની પુનઃસ્થાપના કરી અને ભગવાન રામને અયોધ્યામાં પાછા લાવ્યા.
- આજની પેઢી, સતત ૨૫ વર્ષથી એમની દેશભક્તિ, કાર્યશૈલી, નીડરતાની સાક્ષી રહી છે અને દેશના વિકાસને જાતે અનુભવ્યો છે.

* આજના આ શુભદિને આપણે પ્રત્યેક વ્યક્તિ એક સાચા ભારતીય નાગરિક તરીકે આ બન્ને મહાન વ્યક્તિના કાર્યોનું અને દેશભક્તિનું અનુકરણ, અવલોકન અને આચરણ કરીએ અને આપણે ''United we stand'' સૂત્રને સાર્થક કરી એને વિશ્વસંદેશ બનાવીએ.

**સૌજન્યઃ શ્રી મુકેશ મોહનભાઈ પટેલ** [ઘાટકોપર, મુંબઈ]



★ ડાયરેક્ટર, નીલકંઠ ગ્રૂપ ઓફ કંપનીસ.
★ વાઈસ પ્રેસિડન્ટ- Credai MCHI (Maharashtra Chambers of Housing Industry)
★ ટ્રસ્ટીઃ ■ રામજી આસર વિદ્યાલય (ઘાટકોપરની ૧૧૪ વર્ષ જૂની શાળા)
■ શ્રી સમસ્ત કચ્છી સતવારા સમાજ ટ્રસ્ટ, મુંબઇ
■ વેલજી હરખા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ.

NEELKANTH
Building Trust Since 1938
Formerly known as:
Velji Harkha Patel & Sons.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતીના પરિવારને ૧.૧૫ કરોડ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૯માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતીના પરિવારજનોને ૧.૧૫ કરોડ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. દંપતીની ૧૬ વર્ષની દીકરીને ૭૫.૨૯ લાખ રૂપિયા અને મૃતક શખસનાં માતા-પિતાને પ્રત્યેકને ૨૦ લાખ રૂપિયા ચૂકવવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા.

એમએસીટીના સભ્ય આર.વી. મોહિતેએ મંગળવારે આપેલા આદેશમાં નોંધ્યું હતું કે આ અકસ્માત બેદરકારીપૂર્વક ટ્રક હંકારવાને કારણે થયો હતો.

દાવેદારના વકીલ એસ.જે. તિવારીએ ટ્રિબ્યુનલને કહ્યું હતું કે વિક્રોલી વિસ્તારમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ફિરોઝ શાહ મહેતા બ્રિજ નજીક ૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ આ અકસ્માત થયો હતો. થાણેમાં રહેતો અને ખાનગી કંપનીમાં કામ કરતો એન્જિનિયર અક્ષય પ્રમોદ ગુપ્તા (૩૪) તેની પત્ની આરતી ગુપ્તા (૩૨) અને પુત્રી સાથે સ્કૂટર પર ધીમી અને મધ્યમ ગતિથી જઇ રહ્યો હતો. એ સમયે પાછળથી પૂરપાટ વેગે આવી રહેલી ટ્રકે સ્કૂટરને ટક્કર મારતાં અક્ષય અને તેની પત્ની આરતી નીચે પડી ગયાં હતાં અને ટ્રક તેમના પર ફરી વળી હતી, જેમાં બંનેના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મૃતક અક્ષય ગુપ્તા દર મહિને ૬૫ હજાર રૂપિયા કમાતો હતો.

દરમિયાન ઘાયલોને કોઇ પણ તબીબી સહાય આપ્યા વિના ટ્રક ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. વિક્રોલી પોલીસે આ પ્રકરણે ટ્રક ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને ત્યાર બાદ આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. ટ્રકનો માલિક ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થયો નહોતો અને આ મામલે તેની વિરુદ્ધ એકતરફી નિર્ણય લેવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલે ટ્રક ડ્રાઇવરની બેદરકારી સ્થાપિત કરવા માટે પોલીસના દસ્તાવેજો, સીસીટીવી ફૂટેજ અને સાક્ષીદારોનાં નિવેદન સહિત ઇન્વેસ્ટિગેશન ઓફિસરનો રિપોર્ટ પર આધાર રાખ્યો હતો. ટ્રિબ્યુનલે અવલોકન કર્યું હતું કે ટ્રક ડ્રાઇવર ગતિને નિયંત્રણમાં રાખી શક્યો નહોતો અને તે અકસ્માતને ટાળવા માટે છેલ્લી તક ધરાવતો શખસ હતો. (પીટીઆઇ)

# ખેડૂતોના વિરોધ સ્થળેથી જરાંગે-પાટીલની સરકારને ચેતવણી

નાગપુરઃ ખેડૂતોને સંપૂર્ણ લોન માફી અને લોનમાફીની માગણી સાથે વર્ધા રોડ પર આવેલા પરસોડી ખાતે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. બુધવારે રાતે ફોન પર મુખ્ય પ્રધાન સાથે ચર્ચા પછી, બચ્ચુ કડુ અને ખેડૂત નેતાઓ ચર્ચા માટે મુંબઈ આવ્યા હતા. જોકે, આંદોલન ચાલુ હતું ત્યારે મરાઠા અનામત માટે આંદોલન કરી રહેલા મનોજ જરાંગે પાટીલે ખેડૂતોના આંદોલન સ્થળની મુલાકાત લીધી હતી. પરસોડીમાં એક ખુલ્લી જગ્યામાં તંબુ બાંધવામાં આવ્યો હતો. આ પ્રસંગે નસરકાર જાગોથ, નખેડૂતોને લોન માફી મળવી જ જોઈએથ જેવા નારા લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોલતા જરાંગે-પાટીલે કહ્યું હતું કે, છેલ્લા ૭૫ વર્ષમાં બધાએ મળીને ખેડૂતોને લૂંટ્યા છે. ખેડૂતોને ન્યાય મેળવવા માટે સરકાર સામે વળતો હુમલો કરવાની અને બદલો લેવાની જરૂર છે, એમ જરાંગેએ કહ્યું હતું.

ખેડૂતોની સંપૂર્ણ લોન માફી માટે મંગળવારથી નાગપુરમાં ચાલી રહેલું ખેડૂત આંદોલન ત્રીજા દિવસે પણ ચાલુ છે. મુંબઈમાં દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને ગુરુવારે ભૂતપૂર્વ વિધાનસભ્ય બચ્ચુ કડુ અને અન્ય નેતાઓ મુંબઈ જવા રવાના થયા હતા.

# કોરેગાંવ ભીમા હિંસા કેસમાં ઉદ્ધવ ઠાકરેને કારણદર્શક નોટિસ

મુંબઈઃ ૨૦૧૮ના કોરેગાંવ ભીમા હિંસાની તપાસ કરી રહેલા કમિશને ગુરુવારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેને કેસ સંબંધિત દસ્તાવેજો રજૂ કરવાની માંગણી કરતી અરજીનો જવાબ આપવામાં નિષ્ફળ રહેવા બદલ કારણદર્શક નોટિસ જારી કરી છે.

હાઈ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જે.એન. પટેલની આગેવાની હેઠળના તપાસ પંચે ઠાકરેને લખેલી નોટિસમાં પૂછ્યું હતું કે પ્રકાશ આંબેડકર દ્વારા તેમની સામે જામીનપાત્ર વોરંટ જારી કરવાની માંગ કરતી અરજીને શા માટે મંજૂરી ન આપવી જોઈએ? વંચિત બહુજન આઘાડીના નેતા અને આ કેસમાં સાક્ષી આંબેડકરે આ વર્ષે ફેબ્રુઆરીમાં અરજી દાખલ કરી હતી જેમાં ઠાકરેને ૨૦૨૦માં એનસીપી (એસપી) ના વડા શરદ પવાર દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો રજૂ કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી.

આંબેડકરના જણાવ્યા મુજબ, પવારે ઠાકરેને સુપરત કરેલા દસ્તાવેજોમાં દાવો કર્યો હતો કે ૨૦૧૮ માં પુણે શહેર નજીક કોરેગાંવ ભીમામાં થયેલી હિંસા માટે કેટલાક જમણેરી સંગઠનો જવાબદાર હતા.

ગુરુવારે કમિશને કહ્યું કે તેણે ૧૨ સપ્ટેમ્બર અને ૨૭ ઓક્ટોબરે ઠાકરેને અરજીનો જવાબ માગવા માટે બે વાર નોટિસ ફટકારી હતી.

## પારસી મરણ

જિમી નાદિરશૉ એલચીદાણા (ઉં. વ. ૯૧) તા. ૩૦-૧૦-૨૫ના ગુજરી ગયા છે. તે મરહુમ બખ્તાવરના પતિ. તે મરહુમ નાદિરશૉ હોરમસજી એલચીદાણા, મરહુમ ગુલ એલચીદાણાના દીકરા. તે જયોતિ, લક્ષ્મીના પિતા. તે સુપ્રાતીમ, ગણેશના સસરા. તે આદિત્ય, રિતિકાના ગ્રાન્ડફાધર. ઉઠમણુંઃ પહેલી નવેમ્બર, ૨૦૨૫ યોજાશે. ઠે. ૭૯૮, તેહમી વિલા, ગ્રાઉન્ડ ફ્લોર, જામે જમશેદ રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૧૪.

ગોદરેજ કાવસજી ગઝદર તે ઝીનોબીયાના ધની. તે મરહુમો પેરીન કાવસજી ગઝદરના દીકરા. તે મરહુમો પેરીન પરવેઝ ભરુચાના જમાઇ. તે દેલનાઝ ઝીનીયા, અનઉશકાના પપા. તે મેરઝાદ ને શાહઝાદના સસરાજી. હીલ્લા ને પરસીસના ભાઇ. (ઉં.વ.૬૮) રે. ઠે. ૬-એ, કાકા બિલ્ડિંગ, ગીલ્ડર લેન, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૧-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

હોમાય જાલ મહેતા તે જાલના ધનીયાની. તે મરહુમો ગુલબઇ બરજોરજી જંગલવાલાના દીકરી. તે મીનુ ને બરજોરના માતાજી. તે નીલુફર ને મેગનના સાસુજી. તે મરહુમો નોશીર, અદી, હોરમઝદ, ધનજીશા, ગોદરેજ, નાજુ, પીલુંના બહેન. તે ઝુબીન બરજોર મહેતાના બપઇજી. (ઉં.વ. ૯૪), રે. ઠે.ઃ ૩૫, જવાહરબાદ, બી વિંગ, ૯મો રસ્તો ઓફ અલમેદા રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૧-૧૦-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

શાપુર એરચશા લીમકી તે મરહુમો ખોરશેદ તથા એરચશા લીમકીના દીકરા. તે રોદા તથા મરહુમો કેરશાસ્પ ને અરદેશરના ભાઇ. તે દીલશાહ, ઝુબીના ને ખુશનુમના કાકા. તે પરસીના મામા. તે ઝરીનના જેઠ. (ઉં.વ.૮૨) રે. ઠે. ૭૮૯, કરાવાલા બિલ્ડિંગ, રૂમ. નં. ૫, ૧લે માળે, જામે જમશેદ રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા : તા. ૧-૧૧-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**પાટણ જૈન**

મૂળ નિવાસી પાટણ મહાલક્ષ્મી માતાના પાડો સ્વ. હંસાબેન-કિર્તીભાઇ શાહના પુત્ર કેતનભાઇ (ઉં. વ. ૫૯) સ્વ. ભરત-નીતાના ભાઇ મંગળવાર, તા. ૨૧-૧૦-૨૫ના અરિહંતશરણ થયેલ છે. ઠે. ૨/૨૯, રાજેન્દ્ર ભુવન, સાંઇનાથ નગર, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગંબર મુમુક્ષુ જૈન**

લાઠી નિવાસી હાલ વાપી (ઉં. વ. ૬૯) તે સ્વ. જયોતિબેન દલીચંદભાઇ શાહના સુપુત્ર ચી. ઉર્મિલભાઇ શાહ તા. ૨૮-૧૦-૨૫ના દેહપરિવર્તન થયેલ છે. તે જયેશભાઇ, આરતીબેનના ભાઇ. આશાબેનના જેઠ. ધ્વનિના મામા. પ્રાર્થનાસભા તા. ૩૧-૧૦-૨૫ના વાપી મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

મૂળ વતન ધ્રાંગધ્રા હાલ દહિસર, હીરાબેન (ઉં. વ. ૮૭) તા.૨૫/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રજનીકાંત સુખલાલ કોઠારીના ધર્મપત્ની. આશિષભાઇ, શ્રેયાંસભાઈ, કેતનભાઈના માતુશ્રી. અનિતાબેન, નૂતનબેન, પૂર્વિબેનના સાસુ. સ્વ. રતિલાલ ગોપાળજી કામદારના દીકરી. સ્વ. અમૃતલાલ, સ્વ.રજનીભાઇ, સ્વ. ગુણવંતરાયના બેન. આનંદ, ફાલ્ગુની, રૂબી, દીપ, આર્ય, રિયાના દાદી. પ્રાર્થનાસભા તા. ૧/૧૧/૨૫ શનિવારના ૧૦ થી ૧ વાગે. આંગનવાડી બેન્કવેટ હોલ, કેન્ટ ટાવર, ટી.પી.એસ. રોડ, ફેક્ટરી લેન જંકશન પાસે , લાગુબંધુ જ્વેલર્સની ઉપર, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડ દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ મલાડ, સ્વ. રસિકલાલ કસ્તુરચંદ શાહના સુપુત્ર ભરતભાઈ (ઉં. વ.૭૦) તે સ્વ. મીતાબેનના પતિ. અક્ષતના પિતાશ્રી. કિરીટભાઈ, પ્રકાશભાઈ, પ્રફુલભાઈ, ભુપેન્દ્રભાઈ તથા સ્વ. રેખાબેનના ભાઈ. હળવદ ધવાણા નિવાસી સ્વ. જયંતીલાલ મગનલાલ શાહના જમાઈનું તા. ૨૭/૧૦/૨૫ને સોમવારે અવસાન થયેલ છે. ૧૦, મણીભુવન, તુરેલ પખાડી રોડ, મલાડ પશ્ચિમ, સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

પાલીતાણા નિવાસી હાલ કાંદીવલી, સ્વ. પ્રવિણચંદ્ર જયંતીલાલ કપાસીના ધર્મપત્ની ગં. સ્વ. મધુબેન (મૃદુલાબેન) તા. ૨૯.૧૦.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મિતેશ વિપુલના મમ્મી. નેહા વૈશાલીના સાસુ. અંચિત, આયુષી, પ્રિયાંશ, જીનલ અને હિલોનીના દાદી. પિયરપક્ષે ગારીયાધાર નિવાસી રાયચંદભાઈ મોહનલાલ શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાદ્રોડ (મહુવા) નિવાસી હાલ વિરાર, સ્વ. કુંવરજી દેવચંદ દોષીના સુપુત્ર કાંતિલાલ દોષી (ઉં. વ. ૬૮) તે સ્વ. હિંમતલાલ, સ્વ.મનસુખલાલ, શશીકાંત, સ્વ. પુષ્પાબેન નગીનદાસ શાહ, સ્વ. પ્રતિભાબેન જીતેન્દ્રકુમાર શાહના ભાઈ. મનીષાના પતિ. કિરણ તથા દીપકના પિતાશ્રી. ચંદ્રાબેન ચંપકલાલ દેસાઈના જમાઈ. તા. ૨૧ ઓક્ટોબર ૨૫ના અરિહંતશરણ પામેલ છે, તેમની પૂજા તા. ૧ નવેમ્બર ૨૫ શનિવાર સવારે ૧૦ વાગ્યે. શ્રી જૈન શ્વેતાંબર ધર્મશાળા ટ્રસ્ટ, શ્રી આયંબિલ ભવન, શ્રી સંભવનાથ જૈન દેરાસર રોડ, વિરાર વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. મણીબેન મુરજી થાવર છેડા (ઉં. વ. ૬૦) મંગળવાર તા. ૨૧.૧૦.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.બુધ્ધીબેન થાવરના પુત્રવધૂ. સ્વ. મુરજીના ધર્મપત્ની અનિલ, અસ્મિતા, મોનિકા, સ્વ. નેમચંદના માતુશ્રી. હિતાંશ, ક્રિશાના નાની. પ્રાર્થના રાખેલ નથી. ઠે.બી-૨૦૨, હંસા કોમ્પ્લેક્ષ, દત્તપાડા રોડ, એચ.ડી.એફ.સી. બેન્કની સામે, બોરીવલી-ઈસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈ હાલે વિલેપાર્લેના કેશવજી (બાબુભાઈ) હરખચંદ ધનજી (ઉં. વ. ૮૪) બુધવાર તા. ૨૯.૧૦.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી દેસરીબેન હરખચંદના સુપુત્ર. વેલુબેનના પતિ. ગં. સ્વ. ભાનુબેન, પ્રેમિલા, સ્વ. કાંતા, જયા, ગુણવંતી, રમેશ, ચંદ્રીકા, કમલેશના પિતાશ્રી. સ્વ. રમેશભાઈ, અમૃતલાલ, રમેશ, ભગવાનજી, લતા, મેહુલ, અલ્પાના સસરા. ફોરમ, હર્ષિલ, સાહિલ, હેનીલના દાદા. માતુશ્રી ડાઈબેન ભચુ જગા ગાલાના જમાઈ. પ્રાર્થના શુક્રવાર તા.૩૧.૧૦.૨૫ના સમય ૩ થી ૪ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે.૩૦૧ સિલ્વર એપાર્ટમેન્ટ, મહંત રોડ, વિલેપાર્લે-ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના પ્રવિણ કુંવરજી ખીમજી સાવલા (ઉં. વ. ૭૭) તા. ૨૯/૧૦ના અરિહંત શરણ પામેલ છે. કેસરબેન કુંવરજીના પુત્ર. સ્વ. સુશીલાના પતિ. બીના, દેવાંગના પિતાશ્રી. ઝવેરબેન, જ્યોત્સનાબેન, કુસુમબેનના ભાઈ. કુંદરોડી લક્ષ્મીબેન વિશનજી હીરજી છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણભાઈ સાવલા-બી/૫૦૩, શિવ દર્શન-૨, એસ.વી.પી. માર્ગ, કાંદીવલી (વે). મું. ૬૭.

સાડાઉના અનશનવ્રતધારી ભાનુબેન (મુલબાઇ) આણંદજી (બચુભાઇ) દેઢીયા (ઉં. વ. ૮૨)નો બીજા ઉપવાસે ૨૮-૧૦-૨૫ના સંથારો સીઝેલ છે. હીરબાઇ ઉમરશી પ્રેમજીના પુત્રવધુ. આણંદજીના પત્ની. છાયા, નયન, અલ્પા (જીલ્પા), પરેશના માતુશ્રી. બગડા પુરબાઇ લાલજી શીવજી ચંદ્રુઆના સુપુત્રી. વિશનજી, ઉમરશી, નાનજી, હરખચંદ, રૂક્ષ્મણીના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. રીટા દેઢીયા, એ/૩૦૩, વસંત વીલા, મ.ફુલે રોડ, પનવેલ-૪૧૦૨૦૬.

ટુંડાના શ્રી શૈલેશ શાહ (ગોગરી) (ઉં. વ. ૫૭) તા. ૨૮-૧૦-૨૫ના અવસાન પામેલ છે. પ્રભાવંતીબેન શીવજીના પુત્ર. હીનાબેન ના પતિ. મહેક, પરમના પિતા. કિરણ, નિલેશ, મયુર, હીનાના ભાઈ. ગઢશીશા ચંદ્રાબેન દામજી દેઢિયાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇ). ટા. ૩ થી ૪.૩૦. નિ. : હીના શાહ (ગોગરી), ૪૪૬/૧૮૦૩, કેશર હોરાઇઝન, ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ, શિશુવન સ્કૂલ, માટુંગા બોર્ડીંગની સામે, માટુંગા (ઈ), મું. ૧૯.

## હિન્દુ મરણ

**કપોળ**

ડેડાણ નિવાસી હાલ વિલેપાર્લે ઠાકરશીભાઇ હરજીવનદાસ ગોરડીઆના પુત્ર ઇશ્વરલાલ (ઉં. વ. ૮૫) તા. ૨૯-૧૦-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે કૃષ્ણાબેનના પતિ. તે જયેશ, કેતન, રેખા કિરીટકુમાર મહેતા-છાયા-અંજુ અમરીશ મોદીના પિતાશ્રી. તે મમતા-હેતલ-કિરિટકુમાર-અમરીશના સસરા. તે વૈભવ-આયુષી-આર્યન-ધ્રુવી-દીશા-ખુશના દાદા. સાસરા પક્ષે ચીતળવાળા કેશવજી ત્રીકમલાલ મોદીના જમાઇ. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧-૧૦-૨૫ શુક્રવારના ૫થી ૭. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છ વાગડ લોહાણા**

મૂળ ગામ બાદરગઢ હાલ ડોમ્બીવલીના સ્વ. નરસંગ દાનસંગ કાથરાણીના પુત્રવધૂ તે સ્વ.ચૂનીલાલ નરસંગના ધર્મપત્ની શાન્તાબેન (ઉં.વ.૮૪) તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. તે કુંભારડીવાળા અરજણભાઈ દેવકરણભાઈ દક્ષિણીના દિકરી. તે મધુબેન જયંતિલાલ ભિડે, ચંદ્રીકાબેન વિનોદકુમાર પોપટ તથા ગં.સ્વ. જ્યોતીબેન કમલેશભાઈ મિરાણીના માતુશ્રી. તે સ્વ.દયારામભાઈ, સ્વ.મગનભાઈ તથા શાન્તિલાલભાઈના ભાભી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૩૧/૧૦/૨૫ ના રોજ સાંજે ૪-૩૦ થી ૬-૦૦ સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બિવલી ઈસ્ટ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

મહેશભાઇ શંકરલાલ ચઠમંદ્રા (ઉં. વ. ૬૭) સ્વ. સાવિત્રીબેન શંકરલાલ જોશીના જયેષ્ઠ પુત્ર કચ્છ ગામ નેત્રા હાલે થાણે, માયા બેનના પતિ. તે પ્રકાશ, કનૈયાલાલ, અશોકના મોટાભાઇ. દિપ્તી, પૂજા, દિનલ, પ્રિતેશના પિતા. ભરત, મેહુલ, હર્ષાલીના સસરા. સ્વ. જમનાબેન મણિશંકર જોશીના જમાઇ તા. ૨૯-૧૦-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૩૧-૧૦-૨૫ના સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (પ.), સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

સ્વ. ચાગબાઇ દેવજી ઠક્કરના મોટા પુત્ર જયંતીલાલ દેવજી ઠકકર (ઉ.વ. ૭૩) ગામ કૂકમા હાલ ઘાટકોપર નિવાસી તે વિજયાબહેન, મહેશભાઇ, સ્વ. સીતાબેન, સ્વ. મુકતાબેન અને સ્વ. હંસાબેન સુરેશ કકકડના ભાઇ. સૌ. રેખા મહેશ ઠક્કરના જેઠ. સૌ. ધ્વનિ ક્રિશ કોઠારી અને કુ. ચાર્મીના મોટા પપ્પા તા. ૨૭-૧૦-૨૫ સોમવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબેન મોનજી કુંવરજી આઇયા કચ્છ ગામ મોટી વિરાણી હાલ મુલુંડના પુત્રવધુ ગં.સ્વ. ઉષા જમનાદાસ ખેરાણી (આઇયા) (ઉં.વ.૮૨) તે સ્વ. મણીબેન લક્ષ્મીદાસ ગોપાલજી મહીંધર કચ્છ ગામ બીટા હાલ મુલુંડના પુત્રી તા. ૨૮-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩૧-૧૦-૨૫ના ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફલોર, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓ તે જ દિવસે આવી જવું.

**કચ્છી ભાવસાર**

મુંબઇ નિવાસી વીણાબેન પ્રવીણચંદ્ર પરમાર (પરમાર) (ઉં.વ.૭૨) તા. ૨૪-૧૦-૨૫ શુક્રવારના અવસાન થયેલ છે. સ્વ. પ્રવિણકુમાર ખીમજી પરમારના ધર્મપત્ની. સ્વ. રંભાબેન અને સ્વ. રમણિકલાલ શાહના સુપુત્રી. ભાવનાબેન, વિશાલભાઇ અને મનિષભાઇના માતુશ્રી. સુનિતાબેન, પ્રકાશભાઇ જોગધ્યાના સાસુ. નર્મતા, ખુશીના નાની. આવિશના દાદી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૧૧-૨૫ના ૪થી૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), એસ. વી. રોડ, પારેખ લેન, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વૈષ્ણવ વણિક**

ચિંચણ નિવાસી હાલ પાર્લા સ્વ. ધીરજલાલ પરષોતમદાસ શાહના પત્ની શોભનાબેન (ઉં. વ. ૯૩) તે સ્વ. મંગળદાસભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. ચતુરાબેનના ભાભી. પ્રેમચંદ્ર લોટીયાના પુત્રી. સ્વ. નવીનચંદ્ર શાહ તથા સ્વ. રસીકભાઇ વજીરના વેવાણ. રીટાબેન, પરેશભાઇના માતા. અ. સૌ. મીના તથા દીપકકુમારના સાસુ તા. ૨૮-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**ઇડર ઔદીચ્ય સત્તાવીશ અને પિસ્તાલીસ જ્ઞાતિ**

દિપક હસમુખલાલ પંડ્યા (ઉં. વ. ૫૭) ગામ વસાઈ, હાલ વાલ્કેશ્વર, તા. ૨૭/૧૦/૨૫ના દેવલોક પામેલ છે, તે કોકિલાબેન હસમુખલાલ પંડ્યાના પુત્ર. તેજલના પતિ. ઉદિત, કૃપેશના પિતા. પાયલના સસરા. મીના સંજય જાની અને રાગીણીબેનના ભાઈ. નીલાબેન મધુસુદન ભટ્ટ, બડોલીના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવંજ મોઢ બ્રાહ્મણ**

કપડવંજ નિવાસી, હાલ મીરારોડ, નિવાસીકિરીટ ત્રિવેદીની પત્ની અ. સૌ. તરુલતા ત્રિવેદી (ઉં. વ. ૮૦) દિપન તથા હેમાની માતા. નિકેતાની સાસુ. પ્રિષાની દાદી સોમવાર તા. ૨૭-૧૦-૨૫ના મીરા રોડ મુકામે દેવલોક પામ્યા છે, તેમની ઉત્તરક્રિયા ચાણોદ મુકામે રાખેલ છે.

**ચરોતર રૂખિ સમાજ**

અડાસના નિવાસી હાલ વરલી મુંબઈ, સ્વ. જીવણભાઈ મંગળભાઈ ગોલંસીવાલાના પત્ની મંજુલાબેન (ઉં. વ. ૭૭) રવિવારે તા.૨૬-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે કચરાભાઈ રામાભાઈ જાદવના સુપુત્રી. કનુભાઈ, સ્વ. મુકેશભાઈ, પ્રકાશભાઈ, ગીતાબેન સરોજબેનના માતુશ્રી. ગીતાબેન, શીલાબેન, રેશ્માબેન, તુલસીદાસ, રાજેશભાઇના સાસુ. ડિમ્પલ, કિરણ, મનીષ, મનસ્વી, શ્રુતિ, કેતન, સિમરનના દાદી. દર્શના, નમ્રતા, નિખિલ, પ્રથમ, જીગ્નેશ, સોનું, કિયાંનના નાની. પ્રાર્થનાસભા શુક્રવાર ૩૧-૧૦-૨૦૨૫ના ૫ થી ૭. એફ બ્લોક રૂમ નો ૬૩ વી.પી નગર વરલી (લોટસ) મુંબઈ.

**ચારણ / ગઢવી સમાજ**

સ્વ. વાલજીભાઈ નારાયણ બારોટ (શેડા), ગામ ઝરપરા કચ્છ, હાલ વિરાર, સ્વ. નારાયણ જીવરાજ શેડ અને સ્વ. દેસાબાઈ નારાયણ શેડાના પુત્ર (ઉં. વ. ૯૦) તા. ૨૯/૧૦/૨૫ના દેવલોક પામ્યા છે. તેઓ પ્રભાવતીબેનના પતિ. પ્રવિણભાઈ અને લીનાના પિતાશ્રી. પ્રીતિ બારોટના સસરા. કેવલના દાદા. વાલજીભાઈ બાનાયત, હાંસબાઈ મૌવર અને મોહનભાઈ સાખરાના મામા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## ક્લાસિફાઈડ


### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૬. પરચુરણ

**પટવા**

મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવોઃ સંપર્ક-9821369617 / 9324805010. (બી-૨૯૨૦)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૪૦૧-સી)

### ૧૪. નોકરી ખાલી છે

CAREER OPPORTUNITY!! Retired / Housewives / Bankers / Pensioners. Age: 35+/ 45+. Fixed Salary + Incentives + Medical Benefits. :8097181975. (B-16606)

WE ARE MANUFACTURE OF Laboratory Chemicals in LR/ AR/ACS/HPLC/IP/BP, Metallic Salts and Disinfectants, Looking for Production People with good experience of making these Products (Freshers or any other field person kindly excuse) with the best salary of the Trade. WhatsApp your CV at +91 99116 65530. (SDB-2927)

### ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટ**

વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલી ફર્નિશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr. નિગોસિએબલ ઓનર ૯૮૧૯૯૭૩૩૪૧. (એસડીબી-૨૯૨૧)

**ખાર વેસ્ટ**

3 બેડ 1150' તથા 3 બેડની જોડી (1150' +1150') મધુપાર્કની બાજુમાં પાર્કિંગ, જીમ, A/C લોબી રેડી OC સાથે ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૨)

**શાંતાક્રુઝ વેસ્ટ**

4 બેડ 1800' ના બે ફ્લેટ નવામાં રેડી OC સાથે રામકિશન હોસ્પિટલની બાજુમાં ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૧)

**MATUNGA EAST EXCLUSIVE**

**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ-પોમણ- બાપાને- સસુનવઘર-ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ-પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી-ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ-9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા-૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### બંધક બનાવવાની

(૨૫) બેસ્ટની બસને બાનમાં લીધી હતી, જેમાં ૧૨ પ્રવાસીને બંધક બનાવી રાખ્યા હતા. મનસે અધ્યક્ષ રાજ ઠાકરેને મારી નાખવાને ઇરાદે રાહુલ પટનાથી મુંબઈ આવ્યો હતો. તે સમયે પણ પોલીસે એન્કાઉન્ટરમાં રાહુલને પતાવી નાખ્યો હતો અને બંધકોને છોડાવ્યા હતા.

ત્યાર બાદ પચીસ મે, ૨૦૦૩ના રોજ હોસ્ટેજ ડ્રામા મુંબઈના ઍરપોર્ટ ખાતે થયો હતો. સીઆઈએસએફના જવાન રાજ નામદેવે તેના ડેપ્યુટી કમાન્ડન્ટ એ. આર. કરંજકરને ગોળીબાર કરી મારી નાખ્યા પછી છ સાથી જવાનને બાનમાં લીધા હતા. જોકે બાદમાં તેણે આત્મસમર્પણ કર્યું હતું. ફરજ પરથી રજા ન મળતાં તેણે આવું પગલું ભર્યું હતું. ધરપકડ કરાયેલો નામદેવ અમુક મહિના પછી જામીન પર છૂટ્યો હતો. બે વર્ષ પૂર્વે ૨૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ બનેલી ઘટનાએ તો મુંબઈગરાઓને હચમચાવી નાખ્યા હતા. વેસ્ટર્ન રેલવેની જયપુર-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસમાં આરપીએફના કોન્સ્ટેબલ ચેતન સિંહે (૩૦) ગોળીબાર કર્યો હતો. એસ્કોર્ટ સિક્યોરિટી ગાર્ડ તરીકે ટ્રેનમાં ફરજ બજાવતા ચેતન સિંહે આરપીએફના એએસઆઈ ટીકારામ મીના (૫૮) અને ત્રણ પ્રવાસીને ગોળીએ દીધા હતા.

અન્ય એક ઘટનામાં સાંતાક્રુઝના કલિના ખાતે ઈન્ડિયન ઍર ફોર્સ સ્ટેશનના જવાને ગુસ્સામાં ગોળીબાર કરી તેના બે સાથીની હત્યા કરી હતી. આ ગોળીબારમાં અન્ય બે જણ ઘવાયા હતા. આરોપી આર. એચ. યાદવે (૪૯) તેની અવગણનાને પગલે આ કૃત્ય કર્યું હતું.

### હવે સામાજિક ન્યાય

સપ્ટેમ્બરથી ઈ-કેવાયસી માટે બે મહિનાની સમયમર્યાદા આપવામાં આવી છે અને અદિતિ તટકરેએ ૧૮ નવેમ્બર સુધીમાં ઈ-કેવાયસી પૂર્ણ કરવાની અપીલ કરી હતી. અદિતિ તટકરેએ 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના'ની સમીક્ષા કરી. આ યોજના હેઠળ, દર મહિને ૧,૫૦૦ રૂપિયાનો હપ્તો પાત્ર મહિલાઓના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે દરેક લાભાર્થીની ઓળખ અને પાત્રતા આધાર નંબર દ્વારા ચકાસવામાં આવશે. ઈ-કેવાયસી સુવિધા ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫થી સત્તાવાર વેબસાઇટ ladakibahin.maharashtra.gov.in પર ઉપલબ્ધ છે. આ પ્રક્રિયામાં વધુ સુસંગતી લાવવા માટે તટકરેએ ગુરુવારે મંત્રાલયમાં એક બેઠક યોજી હતી. આ માટે બે મહિનાનો સમયગાળો આપવામાં આવ્યો હતો અને અત્યાર સુધીમાં મોટાભાગની લાડકી બહેનોએ આ પ્રક્રિયા પૂર્ણ કરી છે.

### જોખમી ઈમારતોના

કરવામાં આવી હતી. ત્યારબાદ સોસાયટીએ ઇમારતના પુનઃવિકાસ માટે એક ડેવલપરની નિમણૂક કરી. જોકે સોસાયટી અને ડેવલપર વચ્ચે કાનૂની વિવાદને કારણે મ્હાડાએ પુનઃવિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ ન આપ્યું. દરમિયાન ખાનગી કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે અવલોકન કર્યું કે ખાનગી વિવાદ મ્હાડાને પુનર્વિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાથી રોકી શકતો નથી. તેવી જ રીતે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાથી ખાનગી વિવાદ પર કોઈ અસર થતી નથી. ત્યારબાદ અરજદારે હાઇકોર્ટનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે તેમનો વિવાદ અંગત છે. સોસાયટીએ અરજીમાં દાવો કર્યો હતો કે આમ છતાં મ્હાડા પુનર્વિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં વિલંબ કરી રહ્યું છે. કોર્ટે સોસાયટીની અરજીની નોંધ લીધી. સોસાયટીના પુનઃવિકાસની જરૂરિયાત પર ભાર મૂકતા, તેણે મ્હાડાને બે અઠવાડિયામાં સોસાયટીને પુનઃવિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો. સાથે સ્પષ્ટ કર્યું હતું કે સોસાયટીના કોઈપણ સભ્યએ પુનઃવિકાસમાં અવરોધ ન લાવવો જોઈએ અને આ પરિસ્થિતિમાં વૈકલ્પિક સ્થળે સ્થળાંતર કરવું જોઈએ.

### વીડિયોમાં રોહિતે

પૂછવા છે અને જવાબ પર કાઉન્ટર પ્રશ્ન ઊભા થાય તો એ સવાલ પૂછવા છે, પરંતુ મને જવાબ જોઈએ.

મને કંઈ નથી જોઈતું. હું ટેરરિસ્ટ નથી કે નથી મારી કોઈ નાણાંની માગણી. હું માત્ર ચર્ચા કરવા માગું છું અને તેના માટે જ આ બાળકોને બંધક બનાવ્યા છે. મેં પ્લાન બનાવ્યો છે... એ મુજબ હું ખરેખર કરીશ. હું નહીં તો બીજું કોઈ કરશે. હું મરી ગયો તો કોઈ પણ નક્કી કરશે, પરંતુ જે થવાનું છે તે થશે જ અને આ બાળકો સાથે જ થશે, એવું રોહિતે કહ્યું છે. વીડિયોમાં રોહિતે ચીમકી પણ આપી હતી કે તમારા તરફથી કોઈ ભૂલ થશે તો હું આ જગ્યાને આગ લગાવી દઈશ. હું મરીશ અને આ બાળકોને ઇજા થશે. તેમના મગજ પર ગંભીર અસર થશે. એવું કંઈ થાય તો મને જવાબદાર ગણતા નહીં. મારી વાત પૂરી થયા પછી હું જાતે જ બહાર આવીશ. હું એકલો નથી... મારી સાથે અન્ય લોકો પણ છે... અનેક લોકોને આ સમસ્યા છે.

### અપાત્ર બહેનો

બહેન યોજના જુલાઈ ૨૦૨૪માં શરૂ થઈ હતી. આ યોજના હેઠળ, મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. જૂન ૨૦૨૫ સુધીમાં, સરેરાશ ૨.૪ કરોડ મહિલાઓને આ યોજનાનો લાભ મળ્યો હતો.

### 'મેં પોતે અપહરણકર્તા

હતા. 'રોહિત આર્ય સ્વચ્છતા મોનિટર નામની યોજના ચલાવી રહ્યા હતા. તેણે સરકારના અભિયાનમાં ભાગ લીધો હતો. તે સંદર્ભમાં, વિભાગે કહ્યું કે તેણે કેટલાક બાળકો પાસેથી સીધી ફી વસૂલ કરી હતી, પરંતુ રોહિત આર્યએ કહ્યું હતું કે તેમણે આવી કોઈ ફી વસૂલ કરી નથી. તેણે વિભાગ સાથે વાત કરીને આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈતો હતો. બાળકોને આ રીતે બંધક બનાવવું ખોટું છે,' એમ દીપક કેસરકરે કહ્યું હતું.

'જ્યારે હું શિક્ષણ પ્રધાન હતો, ત્યારે મેં તેને વ્યક્તિગત રીતે મદદ કરી હતી. મેં તેને જાતે ચેક દ્વારા પૈસા આપ્યા છે, પરંતુ સરકારની ચુકવણી માટે બધી ઔપચારિકતાઓ પૂર્ણ કરવી પડે. તેથી, મને નથી લાગતું કે તેમનો દાવો કે મને બે કરોડ રૂપિયા મળવા જોઈએ તે યોગ્ય છે. તેણે વિભાગ સાથે આ બાબતે રજૂઆત કરવી જોઈએ અને સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવા જોઈતા હતા,' એમ દીપક કેસરકરે કહ્યું હતું.

'રોહિત આર્ય માનસિક રીતે બીમાર છે એમ કહેવું યોગ્ય નથી. તે પહેલાં પણ ભૂખ હડતાળ પર ઉતરી ચૂક્યો હતો. તેથી એવું લાગતું નથી કે તે સંવાદના મૂડમાં નહોતો. સરકાર સમક્ષ તેણે સાબિત કરવું પડશે કે મેં આ કામ કર્યું છે. તેણે સાબિત કરીને પૈસા મેળવવા જોઈએ. મારે પણ સરકારના નિયમોનું પાલન કરવું પડે છે. સરકારના પૈસા ડૂબતા નથી. પૈસા નિયમો મુજબ મળે છે. મેં પોતે સહાનુભૂતિના વ્યક્તિગત ભાગરૂપે તેને પૈસા આપ્યા હતા. સરકાર માટે કામ કરતી વખતે, તમારે દસ્તાવેજો સબમિટ કરવા પડે છે અને તમારા બિલ રજૂ કરવા પડે છે,' એમ દીપક કેસરકરે જણાવ્યું હતું.

### મતદાર યાદીમાં

રેલી દક્ષિણ મુંબઈની ફેશન સ્ટ્રીટથી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) મુખ્યાલય સુધી કાઢવામાં આવશે. તે બપોરે એક થી ચાર વાગ્યા દરમિયાન યોજાશે.તેમણે કહ્યું કે વિરોધ રેલીને કારણે નાગરિકોને કોઈ તકલીફ નહીં પડે.

રાજ્યમાં શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સહિત સમગ્ર વિપક્ષી નેતૃત્વ આ રેલીમાં ભાગ લેશે. આ શાંતિપૂર્ણ રીતે યોજાશે અને મત ચોરી અને મતદાર યાદીઓમાં અનિયમિતતા જેવા મુદ્દાઓને ઉજાગર કરવામાં આવશે, એમ શિવસેના (યુબીટી)ના નેતાએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે કહ્યું છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને સંચાલિત કરતા કાયદાઓ કે નિયમોમાં વોટર વેરિફાઇબલ પેપર ઓડિટ ટ્રેઇલ (વીવીપેટ) મશીનોના ઉપયોગ માટે કોઈ જોગવાઈ નથી.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**




# ‘ડિજિટલ અરેસ્ટ’ ફ્રોડમાં ₹ ૧.૨ કરોડ ગુમાવ્યાના મહિના બાદ નિવૃત્ત સરકારી અધિકારીનું મૃત્યુ

પુણે: પોલીસ અને સીબીઆઇ અધિકારીના સ્વાંગમાં પુણેના ૮૩ વર્ષના નિવૃત્ત સરકારી અધિકારી અને તેની પત્નીને ‘ડિજિટલ અરેસ્ટ’નો ડર દેખાડીને ૧.૨ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ ઘટનાથી ઘેરો આઘાત પામેલા નિવૃત્ત અધિકારીનું મહિના બાદ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું.

પુણેના રહેવાસી એવા નિવૃત્ત અધિકારીને આરોપીઓએ ધમકી આપી હતી કે તેનું નામ નામાંકિત વ્યક્તિઓને સંડોવતા મની લોન્ડરિંગના કેસમાં સામે આવ્યું છે.


સાયબર પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે નિવૃત્ત અધિકારીનું હાર્ટએટેકથી મૃત્યુ થયાના એક સપ્તાહ બાદ તેની પત્નીએ મંગળવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ડિજિટલ અરેસ્ટ એ પીડિતોને ભય દેખાડી, દગો કરી અને ધાકધમકી આપીને ખંડણી વસૂલવાની સાયબર ગુનેગારોની પદ્ધતિ છે. કાયદાનો અમલ કરતી ઉચ્ચ સંસ્થાના અધિકારી હોવાનું જણાવીને આરોપીઓ પીડિતોને ધરપકડની બીક બતાવે છે, બૅંક ખાતાં ફ્રીઝ કરવાની ધમકી આપે છે અને જો કાનૂની પગલાં નહીં લેવાય એવું ચાહતા હોય તો દંડ અથવા સિક્યુરિટી ડિપોઝિટને નામે પીડિતને વિવિધ બૅંક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરવા માટે મજબૂત કરવામાં આવે છે.

પુણેના નિવૃત્ત અધિકારીને ઑગસ્ટમાં કૉલ આવ્યો હતો. કૉલ કરનારી વ્યક્તિએ પોતાની ઓળખ કોલાબા પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે આપી હતી.

કૉલરે ‘નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસ’નો સંદર્ભ આપ્યો હતો અને નિવૃત્ત અધિકારીને કહ્યું હતું કે આ કેસમાં તેની પણ સંડોવણી સામે આવી છે. બાદમાં નિવૃત્ત અધિકારીને વીડિયો કૉલ કરાયો હતો, જેમાં બે ઠગોએ પોતાની ઓળખ આઇપીએસ ઓફિસર વિજય ખન્ના અને સીબીઆઇના અધિકારી દયા નાયક તરીકે આપી હતી. ‘આ કેસમાં તમારી સંડોવણી હોવાથી તમારી સાથે તમારી પત્નીની પણ ધરપકડ કરવામાં આવશે, એવી તેમણે નિવૃત્ત અધિકારીને ધમકી આપી હતી.

દરમિયાન દંપતીને કલાકો સુધી વીડિયો કૉલ પર રાખવામાં આવ્યું હતું અને તેઓ ડિજિટલ અરેસ્ટ હેઠળ છે, એવું જણાવાયું હતું. બાદમાં તેમના બૅંક ખાતાંની ખરાઇ કરવાને બહાને આરોપીઓએ ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર વચ્ચે ઘણાં બધાં અકાઉન્ટ્સમાં રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પાડવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■




# બીડમાં બૅંકનું લોકર તોડીને ૧૮.૫ લાખ રૂપિયા ચોર્યા

બીડ: બીડ જિલ્લામાં જાહેર ક્ષેત્રની બૅંકની બ્રાન્ચમાં ઘૂસેલા ચોર લોકર તોડીને ૧૮.૫ લાખ રૂપિયા ચોરી ફરાર થયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ પાલી ખાતે ગુરુવારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. ધુળે-સોલાપુર નેશનલ હાઇવે પર આવેલી બૅંકની બ્રાન્ચમાં ઘૂસેલા ચોરોએ ગેસ કટર વાપરી મુખ્ય લૉકર તોડ્યું હતું અને તેમાંથી ૧૮.૫ લાખ રૂપિયા ચોર્યા હતા. દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી. બીજી તરફ ફોરેન્સિક નિષ્ણાતોએ પણ ઘટનાસ્થળેથી નમૂના તથા અન્ય પુરાવા એકઠા કર્યા હતા. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસ વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તાબામાં લીધા હતા. આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા માટે પોલીસ ટીમ તૈયાર કરવામાં આવી છે, એમ ઇન્સ્પેક્ટર મારુતિ ખેડકરે જણાવ્યું હતું. (પીટીઆઇ)■




PARAS

# શિવાજી મહારાજના નામ પર કોઈનો વિશેષાધિકાર નથી: હાઈ કોર્ટ


મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે છત્રપતિ શિવાજી મહારાજનું નામ ‘કોઈપણ સ્વરૂપમાં વિશેષાધિકારનો વિષય ન હોઈ શકે’ એવો ચુકાદો આપતા નવી મરાઠી ફિલ્મ ‘પુન્હા શિવાજી રાજે ભોસલે’ શુક્રવારે નિર્ધારિત સમયપત્રક મુજબ રિલીઝ થવાનો માર્ગ મોકળો થયો છે.

ગુરુવારે જસ્ટિસ અમિત જામસાંડેકરની વેકેશન બેન્ચના ચુકાદામાં એવરેસ્ટ એન્ટરટેઈનમેન્ટ એલએલપી દ્વારા દાખલ કરાયેલા કોપીરાઈટ ઉલ્લંઘનના આરોપોને ફગાવી દેતા ફિલ્મની રિલીઝ પર સ્ટે આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે બંને ફિલ્મોની સ્ક્રિપ્ટમાં કોપીરાઈટ ઉલ્લંઘનના આરોપો પ્રથમ દૃષ્ટિએ અયોગ્ય અને પાયાવિહોણા છે.

એવરેસ્ટની અરજી મુજબ કંપની ‘મી શિવાજી રાજે ભોસલે બોલતોય’ ફિલ્મના એકમાત્ર અને વિશિષ્ટ કોપીરાઈટ માલિક હતી, જે ૨૦૦૯ માં માંજરેકરની અશ્વમી ફિલ્મ્સ સાથે રિલીઝ થઈ હતી. ૨૦૧૩માં એવરેસ્ટને ફિલ્મના તમામ અધિકારો પ્રાપ્ત થયા.

હાઈ કોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે એવરેસ્ટ ‘છત્રપતિ શિવાજીરાજે ભોસલે’ અથવા ‘છત્રપતિ શિવાજી મહારાજ’ નામોમાં કોઈ વિશેષાધિકાર દાવો કરી શકે નહીં. ■






# કોર્ટની કડક ચેતવણી બાદ બચ્ચુ કડુએ 'રેલ રોકો આંદોલન' પાછું ખેંચ્યું

નાગપુરઃ નાગપુરમાં ખેડૂતોના વિરોધ પ્રદર્શનને કારણે હાઇવે પર ટ્રાફિક ખોરવાતા બોમ્બે હાઇ કોર્ટની નાગપુર બેન્ચ દ્વારા સુઓમોટો જાહેર હિતની અરજી પર ગુરુવારે સુનાવણી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને પોલીસ વહીવટીતંત્રે જસ્ટિસ રજનીશ આર. વ્યાસની બેન્ચ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ સમયે કોર્ટે નાગપુર શહેર પોલીસ કમિશનર રવિન્દ્ર સિંઘલ દ્વારા દાખલ કરાયેલ સોગંદનામાની નોંધ લીધી.

સોગંદનામા મુજબ, હાઇવે નંબર ૪૪ અને અન્ય રસ્તાઓ પર ટ્રાફિક સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. જોકે પોલીસ કમિશનરે મીડિયા અહેવાલો અનુસાર જો વાટાઘાટો નિષ્ફળ જાય તો પ્રતિવાદી બચ્ચુ કડુએ 'રેલ રોકો ' શરૂ કરવાની શક્યતા વ્યક્ત કરી. આનાથી કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થઈ શકે છે, તેથી પોલીસ વહીવટીતંત્રે કોર્ટને યોગ્ય આદેશો જારી કરવા વિનંતી કરી.

આ પૃષ્ઠભૂમિ પર કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે નાગરિકોની સુરક્ષા અને તેમના મુક્ત હિલચાલના અધિકારનો મુદ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો રેલ ટ્રાફિકને અસર થવાની શક્યતા હોય તો તમામ સંબંધિત વિભાગોને સૂચના આપવી આવશ્યક છે. કોર્ટે પોલીસ, રેલવે અને સ્થાનિક વહીવટીતંત્ર સહિત તમામ એજન્સીઓને કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને નાગરિકોને અસુવિધા ન થાય તે માટે સાથે મળીને કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો.



**વિરોધઃ** સાતારામાં મહિલા ડૉક્ટરની આત્મહત્યા કેસમાં ન્યાય અપાવવાની માગણી સાથે એનસીપી–એસપીના નેતાઓ– કાર્યકરો દ્વારા દેખાવ કરવામાં આવ્યા હતા. (અમય ખરાડે)

# પાંચમી નવેમ્બરે બાણગંગા ખાતે મહાઆરતી

મુંબઈઃ વારાણસીની ગંગા આરતીની જેમ મુંબઈના પ્રખ્યાત ધાર્મિકસ્થાન વાલકેશ્વરમાં પણ બાણગંગા તળાવના કિનારે પાંચ નવેમ્બરના રોજ ત્રિપુરારી પૂર્ણિમા નિમિત્તે મહાઆરતી યોજાશે. દક્ષિણ મુંબઈમાં ટ્રાફિક નિયંત્રણની સમસ્યાઓને કારણે પોલીસે આ કાર્યક્રમ માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ હવે પોલીસ વહીવટીતંત્રે આરતી યોજવાની મંજૂરી આપી દીધી છે.

દક્ષિણ મુંબઈના વાલકેશ્વરમાં આવેલું બાણગંગા તળાવ ધર્મ, પર્યટન અને પ્રાચીન સ્મારક તરીકે ખૂબ જ મહત્વપૂર્ણ છે. છેલ્લા કેટલાક વર્ષોથી ત્રિપુરારી પૂર્ણિમાના દિવસે આ તળાવના કિનારે હજારો દીવા પ્રગટાવવામાં આવે છે. મુંબઈકર સહિત રાજ્યભરમાંથી ભક્તો મોટી સંખ્યામાં બાણગંગા પર યોજાતી મહાઆરતીમાં આવે છે, પરંતુ આ વર્ષે વધતી ભીડને ધ્યાનમાં રાખી ટ્રાફિક પોલીસે પરવાનગી નકારી કાઢી હતી. આ પૃષ્ઠભૂમિમાં ટ્રસ્ટના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને પદાધિકારીઓની યોજાયેલી બેઠકમાં વહીવટીતંત્રે નિર્દેશ આપ્યો હતો કે આરતી કાર્યક્રમ માટે પગલાં લેવામાં આવે.

વર્ષમાં ફક્ત એક જ વાર યોજાતી આ મહાઆરતીની વિધિનો નજારો વારાણસીની ગંગા આરતી જેટલો જ ભવ્ય હોય છે.

# થાણેના અમુક વિસ્તારમાં શનિવારે પાણી પુરવઠો બંધ

થાણેઃ થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારના ઇન્દિરાનગર વિસ્તારમાં નાખવામાં આવેલી નવી પાણીની પાઇપલાઇન કાર્યરત કરવાની હોવાથી આ માટે નીતિન કંપની જંકશન પર પાણીની પાઇપલાઇન પર વાલ્વ બેસાડવાનું કામ કરવામાં આવશે. આ કારણે લોકમાન્યનગર અને સાવરકરનગર વિસ્તારોમાં પાણી પુરવઠો શનિવારે ૨૪ કલાક માટે બંધ રહેશે. આ બંધ પછી આગામી એકથી બે દિવસ સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની વસ્તી ૨૭ લાખ છે. શહેરને દરરોજ ૬૨૧ મિલિયન લિટર પાણીની જરૂર છે, પરંતુ મળે છે ફક્ત ૫૮૫ મિલિયન લિટર પાણી જ. આમાંથી ૨૫૦ મિલિયન લિટર મ્યુનિસિપલ કોર્પોરેશનની પોતાની પાણી પુરવઠા યોજનામાંથી ૧૩૫ મિલિયન લિટર મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમમાંથી, ૧૧૫ મિલિયન લિટર સ્ટેમ કંપનીમાંથી અને ૮૫ મિલિયન લિટર બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી પૂરું પાડવામાં આવે છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના વાગલે વોર્ડ કમિટી અને લોકમાન્ય સાવરકર નગર વોર્ડ કમિટી હેઠળના ઇન્દિરાનગર સંપને પાણી પહોંચાડવા માટે નવા નાખેલા ૧૧૬૮ મીમી વ્યાસના પાણીની પાઇપને કાર્યરત કરવા માટે નીતિન કંપની જંકશન પર ૭૫૦ મીમી વ્યાસના પાણીની પાઇપ પર વાલ્વ સ્થાપિત કરવાનું કામ કરવામાં આવશે. આ કાર્યને કારણે પહેલી નવેમ્બર, શનિવારના રોજ સવારે ૯ વાગ્યાથી રવિવાર બીજી નવેમ્બરના રોજ સવારે ૯ વાગ્યા સુધી કુલ ૨૪ કલાક પાણી પુરવઠો બંધ રહેશે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ આવતા ઇન્દિરાનગર જલકુંભ, શ્રીનગર જલકુંભ, વારલીપાડા જલકુંભ, કૈલાસનગર રેનો ટેન્ક, રૂપાદેવી જલકુંભ, રૂપાદેવી રેનો ટેન્ક, રામનગર જલકુંભ, યેયુર એરફોર્સ જલકુંભ, લોકમાન્ય જલકુંભ જેવા વિસ્તારોમાં પાણી પુરવઠો ૨૪ કલાક માટે સંપૂર્ણપણે બંધ રહેશે. આ બંધ પછી, આગામી એક થી બે દિવસ સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે.

**ઉદ્ધવ ઠાકરેની પાર્ટીમાં મોટી ઊથલપાથલ**

# ૬૦ વર્ષથી વધુ ઉંમરના માટે ઉમેદવારી નહીં

## ભૂતપૂર્વ મેયર પેડણેકરનું પત્તું કપાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી આડે હવે થોડા જ દિવસો બાકી છે, ત્યારે તમામ રાજકીય પક્ષોએ મુંબઈ મહાનગરપાલિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દરેક પક્ષે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને ચૂંટણી જીતવા માટેની રણનીતિ પણ બનાવી છે. આ બધું ચાલી રહ્યું છે, ત્યારે બીએમસી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉદ્ધવ ઠાકરે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લે તેવી શક્યતા જોવાઈ રહી છે. છેલ્લા પચીસ વર્ષથી એશિયાની સૌથી શ્રીમંત મહાનગરપાલિકા પર પોતાનો દબદબો અકબંધ રાખવા માટે કેટલાક આકરા નિર્ણય લેવાની શક્યતા છે. અત્યારે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ઠાકરેની શિવસેના બીએમસી ચૂંટણીમાં ઉમેદવારી માટે નવા યુવાન ચહેરાઓને પ્રાધાન્ય આપશે. આવું થશે તો શહેરના ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકર સહિત અનેક સિનિયર કોર્પોરેટરનાં પત્તાં કપાઈ શકે છે.

હાલમાં રાજકીય નિરીક્ષકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે બીએમસી ચૂંટણી માટે ઉમેદવારી આપતી વખતે ઠાકરેની પાર્ટી સિનિયર કોર્પોરેટરોને બદલે નવા યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપશે. તેથી, આ વખતે પક્ષમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના ભૂતપૂર્વ કોર્પોરેટરોને ઉમેદવારી આપવામાં આવશે નહીં. આનાથી ઠાકરેની પાર્ટીમાં મોટી ઉથલપાથલ થવાની શક્યતા જોવાઈ છે. જો સિનિયર કોર્પોરેટરો નારાજ હોય, તો તેઓ અલગ વલણ અપનાવી શકે છે. તેથી, હવે બધાની નજર આ સંભવિત નિર્ણયની ઠાકરે જૂથ પર શું અસર પડશે તેના પર છે.

### ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે શું કહ્યું?

આ મુદ્દે ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે કહ્યું હતું કે, 'આજે, ૭૫ વર્ષના વડા પ્રધાન/મુખ્ય પ્રધાન તમને ચાલે છે. હું જાણું છું કે આ સત્તાધારી પક્ષની ચાલ છે, સારા ચહેરાઓને મૂકીને નવા ચહેરાઓને તક આપવાની. નવા ચહેરાઓ ચોક્કસપણે આવવા જોઈએ, પરંતુ ક્યાં, આ ભાગેડુઓ જશે અને તેમનું સ્થાન નવા ચહેરા લેશે. કારણ કે કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન તેના પ્રથમ કાર્યકાળમાં જાણતું નથી. આ મારો પોતાનો અનુભવ છે. એટલે કેટલાક અનુભવી કોર્પોરેટર તો રાખવા જ પડશે.'

# અકોલાના ખેડૂતોને પાક નુકસાન માટે ₹ ૩ અને ₹ ૨૧ જેટલું વળતર!!!

## આ આર્થિક સહાય નહીં, અમારી મજાક છેઃ ખેડૂતોનો દાવો

મુંબઈઃ મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના કેટલાક ગામડાઓના ખેડૂતોએ ભારે વરસાદને કારણે થયેલા પાકના નુકસાન માટે કેન્દ્રીય વીમા યોજના હેઠળ વળતર તરીકે રૂ. ૩ અને રૂ. ૨૧ જેટલું નજીવું વળતર મળ્યું હોવાનો દાવો કર્યો હતો અને આ સહાયને તેમની હાલતનું 'અપમાન' અને 'મજાક' ગણાવી હતી.

સપ્ટેમ્બરમાં થયેલા અતિ વરસાદને કારણે અકોલા જિલ્લામાં સોયાબીન, કપાસ અને મગના પાકને વ્યાપક નુકસાન થયું છે. રાજ્ય સરકારે ખાતરી આપી હતી કે દિવાળી પહેલા અસરગ્રસ્ત ખેડૂતોને નાણાકીય રાહત પૂરી પાડવામાં આવશે.

ખેડૂતોના જણાવ્યા મુજબ તેમણે વળતરની પ્રક્રિયા માટે મહેસૂલ અધિકારીઓને તેમના જમીન રેકોર્ડ, આધાર અને બેંક વિગતો સહિત તમામ જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા હતા. સરકાર પાસે ભંડોળ ઉપલબ્ધ હોવા છતાં ભંડોળ ટ્રાન્સફરમાં વિલંબ થયો હતો. કેટલાક લોકોએ સ્થાનિક મહેસૂલ કર્મચારીઓ દ્વારા ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં બેદરકારીનો પણ આરોપ લગાવ્યો હતો.

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ વળતરની રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે, પરંતુ ઘણા કિસ્સાઓમાં ૩ રૂપિયાથી ૨૧.૮૫ ની વચ્ચે રકમ જમા કરવામાં આવી હતી.

વળતર તરીકે નજીવી રકમ મળવાથી ગુસ્સે ભરાયેલા, દિનોડા, કાવસા અને કુતાસા ગામના ખેડૂતોએ જિલ્લા કલેક્ટરની કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું તે દરમિયાન તેમણે કલેક્ટરને ચેક આપીને રકમ પરત કરી હતી.

યુથ કોંગ્રેસના પ્રવક્તા કપિલ ઢોકે કહ્યું કે, જો તમે ખેડૂતનું સન્માન ન કરી શકો, તો ઓછામાં ઓછું તેમનું અપમાન તો ન કરો. આ સહાય નહીં પણ મજાક છે. ખેડૂતોએ માગ કરી છે કે સરકાર વળતરના આંકડાઓની સમીક્ષા કરે અને વાસ્તવિક નુકસાનના મૂલ્યાંકનના આધારે વાજબી ચુકવણીની જાહેરાત કરે. તેમણે અધિકારીઓને પાકના નુકસાનનું વાસ્તવિક મૂલ્યાંકન કરવા અને અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક અને પૂરતી રાહત સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. (પીટીઆઈ)

# થાણેની ઈમારતમાં આગઃ ફ્લૅટમાલિકનું મૃત્યુ

થાણેઃ થાણેમાં ચાર માળની ઈમારતના એક ફ્લૅટમાં લાગેલી આગમાં ફ્લૅટમાલિકનું મૃત્યુ થયું હોવાનું પોલીસ અદિકારીએ જણાવ્યું હતું. થાણે મહાનગરપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે બુધવારની રાતે ૯.૪૫ વાગ્યે થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારમાં આવેલી પ્રથમેશ એપાર્ટમેન્ટ ઈમારના ચોથા માળે આવેલા ફ્લૅટમાં આગ લાગી હતી. આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર ફાઈટિંગ સાધનોની મદદથી લગભગ અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

આગમાં ફ્લૅટમાલિક સચિન નિકમ (૪૫) ગંભીર રીતે દાઝ્યો હતો. કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં લઈ જવાયેલા નિકમને તબીબે મૃત જાહેર કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. આગને કારણે વાયરિંગ, સીલિંગ ફૅન્સ, પડદા અને ફ્લૅટમાંની અન્ય વસ્તુઓને નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# ભાજપની મુંબઈ પાલિકા માટે નવી વ્યૂહરચના મુંબઈગરાના મંતવ્યો જાણવાની ઝુંબેશ આદરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્ર અને રાજ્ય પછી હવે મુંબઈ મહાનગરપાલિકામાં પણ પોતાની સત્તા સ્થાપિત કરવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરેલા ભાજપે મુંબઈગરા પાલિકા વહીવટીતંત્ર પાસેથી લોકોની અપેક્ષાઓ શું છે તે જાણવા માગે ચે અને આ અંગે તેમણે એક સર્વેક્ષણ પણ હાથ ધર્યું હોવાનું જાણવા મળ્યું છે. ભાજપની આ ચૂંટણી માટેની પૂર્વતૈયારીઓ તરીકે જોવામાં આવી રહી છે.

ભાજપ મુંબઈવાસીઓને પૂછી રહી છે કે તેઓ તેમના શહેરમાં શું ઇચ્છે છે, ૫૦,૦૦૦ થી વધુ લોકોએ પહેલેથી જ ઓનલાઈન પોતાનો પ્રતિસાદ આપી દીધો છે. હવે, ૩૧ ઓક્ટોબરથી ત્રણ દિવસ સુધી પાર્ટી રેલવે સ્ટેશનો, બસ સ્ટોપ અને હાઉસિંગ સોસાયટીઓમાં નાગરિકોને રૂબરૂ મળીને લોકોને તેમની અપેક્ષાઓ વિશે પૂછશે.

મુંબઈ ભાજપના પદાધિકારીઓ સીધા લોકો પરથી એકત્રિત કરાયેલા અભિપ્રાયને આધારે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરશે. આ પહેલના ભાગરૂપે, મુંબઈ ભાજપના અધ્યક્ષ અમિત સાટમ શુક્રવારે સવારે નેશનલ પાર્ક અને રવિવારે સવારે મરીન ડ્રાઇવમાં લોકો સાથે સંવાદ સાધશે.

રાજ્યભરમાં બીએમસી અને અન્ય ૨૮ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ યોજવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત સમયમર્યાદા ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ છે અને તે પહેલાં ચૂંટણી યોજાવાની શક્યતા છે.

છેલ્લે બીએમસીની ચૂંટણીઓ ૨૦૧૭માં યોજાઈ હતી અને કોર્પોરેશનનો પાંચ વર્ષનો કાર્યકાળ ૨૦૨૨માં સમાપ્ત થઈ ગયો છે. ૨૦૧૭માં, અવિભાજિત શિવસેનાએ ૮૪ બેઠકો મેળવી હતી, જ્યારે ભાજપે મુંબઈના કુલ ૨૨૭ નાગરિક વોર્ડમાંથી ૮૨ બેઠકો જીતી હતી. ભાજપ લાંબા સમયથી બીએમસીમાં પોતાનો મેયર બેસાડવાનું લક્ષ્ય રાખી રહ્યું છે, પચીસ વર્ષથી શિવસેનાના નિયંત્રણ હેઠળ છે.

ગયા અઠવાડિયે, મુંબઈમાં પસંદગીના પત્રકારો સાથે વાત કરતા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવો દાવો કર્યો હતો કે પાર્ટી પોતાના દમ પર મુંબઈમાં લગભગ ૧૦૦ બેઠકો જીતશે. 'ગઠબંધનમાં તેને કેટલી બેઠકો મળે છે તેના આધારે જીતવાની અપેક્ષિત બેઠકોમાં થોડી બેઠકો વધી શકે છે અથવા ઘટી શકે છે.'

બીએમસીની ચૂંટણીઓમાં જોરદાર જંગ જોવા મળે એવી શક્યતા છે કારણ કે ઉદ્ધવ ઠાકરેના અલગ થયેલા પિતરાઈ ભાઈ રાજ ઠાકરેએ તેમના મતભેદોને બાજુ પર રાખ્યા છે અને તેમના પ્રચારના મૂળમાં મરાઠી ગૌરવના મુદ્દે જોડાણ તરીકે ચૂંટણી લડવાની શક્યતા છે. બીજી તરફ, એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનું ત્રણ પક્ષનું ગઠબંધન મુંબઈ પર નિયંત્રણ જાળવી રાખવાના વિપક્ષના સપનામાં મોટો અવરોધ ઉભો કરી રહ્યું છે.

# મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરનો જૈન ટ્રસ્ટની મિલકત બિલ્ડરને વેચવાના દસ્તાવેજ રદ કરવાનો આદેશ

પુણેઃ મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરે ગુરુવારે પુણેમાં જૈન ટ્રસ્ટની માલિકીની એક મિલકત જેનો છેલ્લા કેટલાક દિવસોથી સમાજ દ્વારા વિરોધ થઇ રહ્યો છે બિલ્ડરને ન વેચવાનો આદેશ આપ્યો છે. બાંધકામ કંપની ગોખલે લેન્ડમાર્ક્સ એલએલપી અને સેઠ હીરાચંદ નેમચંદ દિગંબર સ્મારક ટ્રસ્ટે મૉડેલ કોલોનીમાં ૩.૫ એકર મિલકત સંબંધિત વેચાણ દસ્તાવેજ રદ કરવાની ઇચ્છા વ્યક્ત કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં હાલમાં બોર્ડિંગ અને જૈન મંદિર છે. ચેરિટી કમિશનરે એપ્રિલ ૨૦૨૫ ના તેના આદેશને રદ કર્યો હતો જેમાં સેઠ હીરાચંદ નેમચંદ દિગંબર સ્મારક ટ્રસ્ટને ગોખલે લેન્ડમાર્ક્સ સાથે કરાર કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સાથે ટ્રસ્ટીઓને સંપૂર્ણ રકમ ગોખલે લેન્ડમાર્ક્સને પરત કરવાનો આદેશ આપ્યો હતો. આ મિલકત પૂણે સ્થિત ગોખલે લેન્ડમાર્ક્સ એલએલપી દ્વારા આ વર્ષની શરૂઆતમાં સેઠ હીરાચંદ નેમચંદ મેમોરિયલ ટ્રસ્ટ પાસેથી ૩૧૧ કરોડમાં હસ્તગત કરવામાં આવી હતી, જેમાંથી રૂ. ૨૩૦ કરોડ ચૂકવવામાં આવ્યા હતા જ્યારે બાકીની રકમ હોસ્ટેલના પુનર્વિકાસ માટે હતી. ચેરિટી કમિશનરે ગયા અઠવાડિયે વ્યવહાર પર યથાવત સ્થિતિનો આદેશ આપ્યો હતો.

જૈન સમુદાયના સભ્યોએ પુણે અને મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં વિરોધ પ્રદર્શનો કર્યા હતા, જેમાં ટ્રસ્ટીઓ પર ડેવલપરની તરફેણ કરવાનો અને સોદો આગળ વધારતી વખતે ચેરિટેબલ જમીનને લગતા ધોરણોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ભૂતપૂર્વ ધારાસભ્ય અને શિવસેનાના નેતા રવિન્દ્ર ધંગેકરે આ વ્યવહારમાં કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલની સંડોવણીનો આરોપ લગાવતા આ વિવાદે રાજકીય વળાંક લીધો હતો, જેને બાદમાં તેમણે નકારી કાઢ્યો હતો.

# ભંડોળ મેળવવા નાયબ મુખ્ય પ્રધાનના બોગસ હસ્તાક્ષર સાથેનો પત્ર રજૂ કર્યો

બીડઃ બીડમાં વિકાસ કાર્યો માટે ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી (ડીપીસી)નું એક કરોડ રૂપિયાનું ભંડોળ મેળવવા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના બોગસ હસ્તાક્ષર સાથેનો પત્ર રજૂ કરવા બદલ શખસ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

શિવાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીની ઓળખ અશોક વાઘમારે તરીકે થઇ હતી, જે મઝગાંવ તહેસીલના લહમેવાડીનો રહેવાસી છે.

ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ઓફિસર સુધાકર ચિંચણેએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપીએ જુલાઇમાં કલેક્ટરને સંબોધિત કરતો પત્ર લઇને અમારો સંપર્ક સાધ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન પવારના હસ્તાક્ષર સાથે પત્રમાં ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટીના ભંડોળમાંથી લહમેવાડીના ૧૦ કામ માટે ૧૦ લાખ રૂપિયા તાત્કાલિક મંજૂર કરવાની ભલામણ કરવામાં આવી હતી.

દરમિયાન ચિંચણેએ આ અંગે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના કાર્યાલયમાં તપાસ કરાવી ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે આવો કોઇ પત્ર જારી કરવામાં આવ્યો નથી.

ચિંચણે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે અશોક વાઘમારે વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ટ્રમ્પના નામે નકલી આધાર કાર્ડ

## રોહિત પવારના દાવા બાદ એફઆઈઆર દાખલ

મુંબઈઃ એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નામે નકલી આધાર કાર્ડ તૈયાર કરીને બોગસ મતદારોની નોંધણી માટે તેનો ઉપયોગ બતાવ્યા બાદ મુંબઈ પોલીસે અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધી છે.

૧૬ ઓક્ટોબરના રોજ એક પત્રકાર પરિષદ દરમિયાન પવારે દર્શાવ્યું હતું કે કેવી રીતે વેબસાઇટ પર નકલી આધાર કાર્ડ તૈયાર કરવામાં આવી રહ્યા હતા અને બોગસ મતદારોની નોંધણી માટે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે ગયા વર્ષે લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ માટે પ્રતિકૂળ પરિણામો પછી બોગસ મતદારોની નોંધણી, સાચા મતદારોને મોટા પ્રમાણમાં કાઢી નાખવા અને મતદારોની ડબલ નોંધણી જેવી ગેરરીતિઓ થઈ હતી.

ભાજપના સોશિયલ મીડિયા સેલના સહ-કન્વીનર ધનંજય વાગાસ્કરે એક યુટ્યુબ ચેનલ પર આ સામગ્રી જોઈ હતી, જેમાં તેમના પક્ષના એક પદાધિકારી સામે પણ આરોપો લગાવવામાં આવ્યા હતા. આ ઘટનાને ગંભીરતાથી લેતા, વાગાસ્કરે વેબસાઇટના અજાણ્યા સર્જક, માલિક અને વપરાશકર્તા અને અન્ય લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ દાવો કર્યો હતો કે રાજકીય નેતા દ્વારા એક કપટપૂર્ણ કૃત્ય કરવામાં આવ્યું હતું જેણે ભારતમાં એક સ્વાયત્ત સંસ્થા અને તેમના પક્ષ (ભાજપ) સામે લોકોમાં ગુસ્સો અને નફરત ભડકાવીને સામાજિક સુરક્ષાને જોખમમાં મૂકી હતી. તેમણે આરોપ લગાવ્યો કે બોગસ વેબસાઇટ દ્વારા બોગસ આધાર કાર્ડ બનાવીને, સમાજને ગેરમાર્ગે દોરવાનો અને બે જૂથો વચ્ચે મતભેદ અને દુશ્મનાવટ પેદા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફરિયાદના આધારે સાયબર પોલીસે મંગળવારે બે અજાણી વ્યક્તિઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમો હેઠળ બનાવટી, ઓળખ ચોરી, ખોટી માહિતી ફેલાવવા અને માહિતી ટેકનોલોજી કાયદાની જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો હતો. (પીટીઆઈ)

# મુંબઈ પોલીસ ૨,૪૭૯ કોન્સ્ટેબલ અને ૧૭૩ જેલ સ્ટાફની ભરતી કરશે

મુંબઈઃ રાજ્યના ગૃહ વિભાગે મુંબઈ પોલીસ માટે મેગા ભરતીને મંજૂરી આપી હતી. જેનાથી ફોર્સને ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં નિવૃત્તિને કારણે ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે ૨,૪૭૯ કોન્સ્ટેબલોની ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે. સંયુક્ત પોલીસ કમિશનર (વહીવટ) એસ. જયકુમારે જણાવ્યું હતું કે આ ભરતી કોવિડ-૧૯ મહામારી પછીથી સ્ટાફની અછતને દૂર કરશે.

દર વર્ષે સરેરાશ ૧,૫૦૦ કોન્સ્ટેબલ નિવૃત્ત થાય છે, જેના કારણે માનવશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. નવી કોન્સ્ટેબલ પોસ્ટ માટે અરજીઓ ૩૦ નવેમ્બર સુધી સ્વીકાર્ય છે અને પસંદ કરાયેલા ઉમેદવારો તેમની તાલીમ પૂર્ણ કર્યા પછી ૨૦૨૬ના અંત સુધીમાં જોડાય તેવી અપેક્ષા છે. હાલમાં મુંબઈ પોલીસ દળમાં લગભગ ૫૨,૦૦૦ કર્મચારીઓ છે, જેમાં ૪૨,૦૦૦ કોન્સ્ટેબલ, ૭,૦૦૦ અધિકારીઓ અને ૨,૦૦૦ ડ્રાઇવરોનો સમાવેશ થાય છે. દરમિયાન આર્થર રોડ, ભાયખલા, થાણે, કલ્યાણ અને તલોજા જેલ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનની જેલોમાં સ્ટાફની તીવ્ર અછતને પહોંચી વળવા માટે જેલ વિભાગને ૧૭૩ કોન્સ્ટેબલોની ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

# એમએસઆરટીસીના સાત કર્મચારીઓને દારૂ પીને ફરજ પર આવવા બદલ સસ્પેન્ડ કરાયા

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ના સાત કર્મચારીઓને દારૂના નશામાં ફરજ પર આવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજ્ય પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકના કાર્યાલય દ્વારા જારી કરાયેલી યાદીમાં જણાવાયું છે કે સાત કર્મચારીઓમાં ત્રણ ડ્રાઇવર, એક કન્ડક્ટર, બે મિકેનિકલ કર્મચારી અને એક ક્લીનરનો સમાવેશ છે. આ તમામ અલગ અલગ ડેપોમાં કામ કરે છે.


આ અંગે ઘણી ફરિયાદો મળ્યા બાદ પ્રધાનના નિર્દેશ પર કાર્યવાહી કરતા એમએસઆરટીસી દ્વારા ફરજ પર હાજર કર્મચારીઓએ દારૂનું સેવન કર્યું છે કે કેમ તે જાણવા ૨૮ ઑક્ટોબરે રાજ્યવ્યાપી ઓચિંતુ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન ૭૧૯ ડ્રાઇવરો, ૫૨૪ કન્ડક્ટરો અને ૪૫૮ મિકેનિકલ કર્મચારીઓ સહિત કુલ ૧,૭૦૧ કર્મચારીઓ પર બ્રેથ એનલાઇઝર ટેસ્ટ હાથ ધરવામાં આવી હતી.


પ્રતાક સરનાઇકે જણાવ્યું હતું કે એમએસઆરટીસી દ્વારા નિયમિતપણે આવી તપાસ કરવી જોઇએ અને દારૂ પીને ફરજ પર હાજર થનારાઓ સામે કોઇ પણ દયા દાખવ્યા વિના કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. (પીટીઆઇ)

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


**આયુષ્યની ષષ્ટિપૂર્તિ ઉજવી રહેલા આ એક્ટરના ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન થયું છે એ નિમિત્તે એની કેટલીક ખાસ જોવી જ જોઇએ એવી ફિલ્મોનું આચમન**











## શાહરુખને સલાહ: સપનાનો રાજકુમાર ને લાડલો દીકરો




૧૩ એપિસોડની ‘ફૌજી’ સિરિયલ અને ૧૯ એપિસોડની ‘સર્કસ’ સિરિયલોમાં ચમક દેખાડી ૧૯૯૦ના દાયકાના પ્રારંભમાં આત્મવિશ્વાસથી ફાટફાટ થતા ૨૭ વર્ષના દિલ્હીના યુવાન નામે શાહરુખ ખાનની પહેલી ફિલ્મ ‘દીવાના’ (૧૯૯૨) થઈ ધૂમ મચાવી રહી હતી. ત્યારબાદ કોઈની પણ આંગળી ઝાલ્યા વિના અને એક પણ ભલામણ પત્ર વિના ત્રણ વર્ષમાં ૧૫ ફિલ્મોમાં ચમકી ગયો. ‘બાઝીગર’, ‘ડર’ અને ‘અંજામ’ ફિલ્મોમાં નાયક હોવા છતાં ખલનાયક જેવી ભૂમિકા કરી અને શાહરુખ માટે ‘દિલ્હી સે આયા મેરા દોસ્ત, દોસ્ત કો સાઈન કરો’ જેવો માહોલ ખડો થઈ ગયો હતો.

–અને એક ખુશનુમા સાંજે સુપર સ્ટાર બનવાનું ખ્વાબ જોઈ રહેલા શાહરુખની મુલાકાત થઈ વિખ્યાત ફિલ્મમેકર યશ ચોપડાના પુત્ર આદિત્ય ચોપડા સાથે. જુનિયર ચોપડાએ સોનેરી સલાહ આપી ‘સુપર સ્ટાર બનવું હોય તો દરેક યુવતીના સપનાનો રાજકુમાર અને દરેક માતાનો લાડલો દીકરો બની જા.’ અને ‘દિલવાલે દુલ્હનિયા’ (ડીડીએલજે)ના રાજ મલ્હોત્રા ઉર્ફે શાહરુખે આદિત્યની સલાહનું અક્ષરશઃ પાલન કર્યું.

કેવો જોગાનુજોગ છે કે જે આદિત્ય ચોપડાએ ‘ડીડીએલજે’થી શાહરુખને રોમેન્ટિક હીરોના સિંહાસન પર બેસાડી દીધો એ જ આદિત્ય ચોપડાએ ‘પઠાન’થી શાહરુખ જેની ઝંખના કરતો હતો એ એક્શન હીરો પણ બનાવી દીધો. ત્યારબાદ આવેલી ‘જવાન’થી એ સિલસિલો આગળ વધ્યો અને આગામી ‘કિંગ’માં વાત આગળ વધશે એવું અનુમાન જરૂર કરી શકાય.

બીજો જોગાનુજોગ પણ સર્જાયો છે. આગામી રવિવારે શાહરુખ ખાન આયુષ્યના ૬૦ વર્ષ પૂરા કરી રહ્યો છે. આજથી ત્રીસ વર્ષ પહેલા (૩૦ ઓક્ટોબર, ૧૯૯૫) ડીડીએલજે રજૂ થઈ હતી. ષષ્ટિપૂર્તિ નિમિત્તે શાહરુખ ખાનનો ફિલ્મ ફેસ્ટિવલ શરૂ થઈ રહ્યો છે અને બે અઠવાડિયા સુધી સ્વદેશ અને વિદેશમાં સિને પ્રેમીઓને જલસા કરાવશે. દર્શકો દિલ્હીના ઉત્સાહી છોકરાની કિંગ ઓફ બોલિવૂડ સુધીની સફરની કેટલીક અવિસ્મરણીય ક્ષણોના ફરી સાક્ષી બનશે. ફિલ્મોમાં રસ હોય અને શાહરુખ ખાન ગમતો હોય તો અહીં જેની વાત કરવામાં આવી છે એ ફિલ્મો તો અચૂક જોવી જોઈએ.

**એન્ટિ હીરોની ટ્રિલજી (બાઝીગર, ડર અને અંજામ):** અબ્બાસ – મસ્તાન હોલિવૂડ ફિલ્મ ‘અ કિસ બિફોર ડાઈંગ’માંથી પ્રેરણા લઈ હિન્દી ફિલ્મ બનાવવા માગતા હતા. જોકે, અનિલ કપૂર, સલમાન ખાન અને અક્ષય કુમારે ના પાડ્યા બાદ શાહરુખે સ્વીકારી અને હીરો મર્ડર કરતો હોવા છતાં ચિત્રપટ સુપરહિટ થયું. યશ ચોપડાની ‘ડર’માં કિરણ (જુહી ચાવલા)ને મેળવવાની લાલસા માટે સતત એનો પીછો કરતો યુવાન (ક ક ક ... કિરણ યાદ છે?) અને ‘અંજામ’નો ગમી ગયેલી છોકરી (માધુરી દીક્ષિત)ને પામવા શેહઝાદાનો રોલ જેવા જોખમ એક્ટરે લીધા. નામ નાયકનું, કામ ખલનાયકનું એ સમીકરણથી એનું પલડું વજનદાર થઈ ગયું.

**દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે:** બરાબર ૩૦ વર્ષ પહેલા (૩૦ ઓક્ટોબર, ૧૯૯૫) આવેલી આદિત્ય ચોપડાની પહેલી ફિલ્મથી શાહરુખ ખાનનો ‘કિંગ ઓફ રોમેન્સ’ તરીકે વાવટો લહેરાયો. આ ફિલ્મે અસાધારણ આર્થિક સફળતા મેળવી અને એસઆરકેની કરિયરના નવા અધ્યાય અથઃ શ્રી રોમેન્ટિક કથાનો પ્રારંભ થયો. દર્શકો, ખાસ કરીને યંગસ્ટર્સની દિલની દુનિયાને બાગ બાગ કરી દેતા રાજ – રાહુલ નિયમિતપણે મળવા લાગ્યા. જોકે, એક લાભ મેળવતા બીજું નુકસાન એ થયું કે જરાય ગભરાયા વિના, ઈમેજની પરવા કર્યા વિના રિસ્ક લેતો એક્ટર શાહરુખ ખાન સિને પ્રેમીઓએ ગુમાવ્યો. આની સાથે યશજીની ‘દિલ તો પાગલ હૈ’ (ડીએલટીપીએચ)નોઉલ્લેખ પણ કરવો જોઈએ, કારણ કે આ ફિલ્મ ‘ડીડીએલજે’નું એક્સ્ટેંશન છે – એનો વિસ્તાર લાગે છે. ‘ડીડીએલજે’નો રાજ થોડો ચાઈલ્ડિશ લાગે છે, પણ ‘ડીએલટીપીએચ’નો રાહુલ રાજની સરખામણીમાં મેચ્યોર છે. બંને ફિલ્મ બે વર્ષના અંતરમાં આવી હતી, પણ શાહરુખે રાજ – રાહુલની પેશકશમાં ગજબનાક સૂઝ દેખાડી બંને પાત્ર અલગ રીતે ભજવી, મોહક બનાવી દર્શકોના દિલમાં રાજ કર્યું.

**ચક દે ઈન્ડિયા:** શાહરુખ ખાન કેવો દમદાર એક્ટર છે એ જોવું – જાણવું હોય તો આ ફિલ્મ જોવી જ જોઈએ. ફિલ્મના પ્રારંભથી અંત સુધી તમને ક્યાંય કિંગ ખાનનું ગ્લેમર નહીં દેખાય, દેખાશે તો ફક્ત અને ફક્ત હોકી કોચ કબીર ખાનની કશ્મકશ. ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે ફિલ્મમાં શાહરુખની કોઈ હીરોઈન નથી કે નથી તેણે કોઈ ગીત ગાયું અને તેમ છતાં થિયેટરમાંથી બહાર નીકળ્યા પછી ફિલ્મ અને નાયક તમારા માનસપટ પર અંકિત થઈ જાય છે.

**સ્વદેસ અને માય નેમ ઈઝ ખાન:** અમેરિકન સ્પેસ એજન્સી ‘નાસા’ના પ્રોજેક્ટ એન્જિનિયર મોહન ભાર્ગવ છુટ્ટી મનાવવા ભારત આવે છે. દેશદાઝ અને દેશપ્રેમ આગળ વિદેશની ગ્લેમરસ નોકરી પાણી ભરે એ ન્યાયે નાસાનો એન્જિનિયર પોતાના દેશના વિકાસમાં મગ્ન બની જાય એ કવિ ન્યાય જ કહેવાય. આશુતોષ ગોવારિકરે હૃદયસ્પર્શી ફિલ્મ બનાવી અભિનેતા શાહરુખને રજૂ કર્યો, પણ એ જ વર્ષે આવેલી બે બ્લોકબસ્ટર ફિલ્મ ‘મૈં હૂં ના’ અને ‘વીર ઝારા’ના પ્રભાવમાં રહેલા દર્શકોને ‘સ્વદેસ’ના મોહન ભાર્ગવની સાદગી પલ્લે ન પડી. કરણ જોહરની ફિલ્મો જોઈ હોય અને ‘માય નેમ ઈઝ ખાન’ જુઓ તો આ ખરેખર કરણની ફિલ્મ છે? એવો સવાલ મનમાં ચોક્કસ ઊભો થાય. રોમેન્ટિક ફિલ્મોથી ચીલો ચાતરી કરણે શાહરુખને શારીરિક અને માનસિક તકલીફ ધરાવતા અને ૯/૧૧ હુમલા પછી યુએસમાં પૂર્વગ્રહનો સામનો કરી રહેલા મુસ્લિમના પાત્રમાં મોટું જોખમ લીધું હતું. ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી ને ગ્લેમર રહિત શાહરુખની દમદાર એક્ટિંગ જોવા મળી. ■

## જેટલાં બીજાને મોંઘા કરશો એટલાં તમે પોતે સસ્તા થઈ જશો...

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

બહુ ઉચાટ રહેલો મનમાં કે મસાઈમારા જવાશે કે નહીં? એમાં પાછું આછડતું એવું જાણવા મળેલું કે કર્તા–હર્તા પોતે જઈ આવેલાં એટલે મસાઈમારા જવા–આવવાનો જે ખર્ચ થશે એ પોતે ‘રોકડો’ લઈ લેશે એટલે મનમાં એક ઈર્ષ્યા પણ પેદા થઈ ગયેલી ઈર્ષ્યા એટલે પોતાનાં કરતાં બીજા શ્રેષ્ઠ છે એવું સ્વયં સ્વીકારી લીધેલું પ્રમાણપત્ર જ ને? અમને નહી લઈ જાય કારણ પોતે શ્રેષ્ઠ છે અને અમે કઈ કહી કે કરી ન શકીએ એ સંજોગ હતાં. કિશુમુ–નકુરુ નાં શો પછી જો આપણને નહીં લઈ જાય તો આપણે શો નહીં કરીએ એવું અમે ત્રણેયે નક્કી કરેલું જે ‘શો મસ્ટ ગો ઓન’ થી સાવ વિપરીત વિચાર હતો. જેટલાં બીજાને મોંઘા કરશો એટલાં તમે પોતે સસ્તા થઈ જશો. કર્તાઓને મોંઘા કરી આવા વિચારે અમને સાવ સસ્તા કરી નાખેલા... પણ ભગવાનના આશીર્વાદ કે અમે અમારો નઠારો વિચાર અમલમાં ન મૂકવાની અમને સમજણ આપી. સમજદાર વ્યક્તિ પોતાની સમજદારીથી ચુપ થઈ જાય છે અને સામેવાળાને લાગે છે કે મારાથી ડરીને ચુપ થઇ ગયા છે. અમારામાં સમયસર ચુપ રહેવાની સમજ આવી અને ડરવાની વાત નેવે મુકાઇ અને બધાને મસાઈમારા લઈ જવાની સમજદારી સામે પક્ષે આવી અને આગળ કહ્યું એમ અમારી ટુર જાણે પૂર્ણરૂપે ફળી.

અમે આનંદ માણતાં અને મસાઈમારાનાં અનુભવો મમળાવતા હોટલ કીકોરોક પહોંચ્યા. થોડા ફ્રેશ–અપ થઈ ત્યાંના ડિસ્કોબારમાં પહોંચ્યાં. જતીન અને સિદ્ધાર્થ સરસ ડાન્સ કરી શકે છે એ ત્યાં જોયું. રસિક તો ફિલ્મોમાં નસીબ અજમાવી ચુક્યો હતો એટલે ‘ડાન્સ’ એને માટે સહેલો હતો. સનત–સચ્ચું હતા, પણ જેમ નવરાત્રિમાં કોઈ આપણને ગરબા લેવા ફોર્સ કરે અને આપણે એક રાઉન્ડ માંડ પૂરો કર્યો–ન–કર્યો અને બહાર નીકળી જઈએ, બસ... સનત–પ્રતાપ એ જ ફોલો કરતા હતા. હું શરીરે સ્થૂળ એટલે સ્વિફટનેસ ઓછી, છતાંય અડધો રાઉન્ડ કમર હલાવી લેતો.

એમાં ગમ્મત થઈ. ત્યાની ‘નીગ્રો–બ્યુટી’ જતીન સાથે નાચવા લાગી. કેસિનોમાં મને ‘રાજુ’ કહેતી જેમ ગળે પડેલી એમ જતીન પાછળ પડી અને એ બન્નેનાં ફોટા રસિકે પાડી લીધાં. ત્યારે જતીનને ખબર ન પડી. પછી રસિકે ‘મીઠું–બ્લેકમેલિંગ’ શરૂ કર્યું. ‘આ ફોટા હું ચિત્રાભાભીને (જતીનની વાઈફ) દેખાડીશ’ જતીન રિકવેસ્ટ કરતો રહ્યો, ‘પ્લીઝ, અમારા સંસારમાં ‘કાંડી’ ન લગાડતો, દોસ્ત... હું તને ટસ્કર બિયરનાં બે ટીન પીવડાવીશ.’... પણ માને તો રસિક શેનો? મેં કહ્યું ‘જતીન, તે માત્ર ડાન્સ કર્યો છે. અશ્લીલતા તો લેશમાત્ર એ ડાન્સમાં નહોતી. ભલે ચિત્રાભાભીને બતાવતો, શું કહેશે? એ વિચાર મનમાંથી કાઢી નાખ. ‘જેટલાં ઓછા વિચાર કરશો તેટલાં વધુ આનંદમાં રહેશો’ એ વાક્ય મનમાં બોલતો રહે. હવે આમ પણ બિસ્તરા–પોટલા બાંધવાને ક્યાં વધુ દિવસો બાકી રહ્યા છે!’

એ પછી સિદ્ધાર્થે દરમ્યાનગીરી કરી અને રસિકની આ મીઠી મજાકનો આનંદી ઉકેલ આવી ગયો. જતીનની સરળતા મને તેમ જ સનત–સચ્ચુને અપીલ કરી ગઈ. મેં વાત ભૂલી જવા કહ્યું અને ટપાર્યો કે ‘જંગલમાં સીધું લાકડું અને સમાજમાં સીધો માણસ હંમેશાં પહેલાં કપાય છે. સરળ બન, પણ કપાય જાય એટલો નહીં.’

ડાન્સબાર પછી અમે બિયરનાં એક ટીનમાંથી ત્રણેયે ઘૂંટડાઓ ભર્યા. વધેલી ‘ટીચર્સ’ વ્હિસ્કી તો મસાઈમારા જતાં પહેલાં જ પતાવી દીધી હતી...

એ પછી ડિનર માટે બેઠા. ત્યારે રાજાણી અને અન્ય સ્પોન્સર્સ પણ હાજર રહેલાં. ફરી સિદ્ધાર્થ સાથે આખી ટીમનો આભાર માન્યો. નૈરોબીની ગુજરાતી પ્રજા ખૂબ ખુશ થઈ છે અને પેટભરી મનોરંજન માણ્યું એમ પણ કહ્યું. મને એક ગુજરાતી તરીકે અભિમાન થયું અને નૈરોબીના આટલાં ગુજરાતીઓ એક થઈ નાટકો માણી શકે છે એ વાતનો આનંદ પણ થયો. ત્યાં જુદી–જુદી જ્ઞાતિના ગુજરાતી ગ્રુપો ભેગા મળી આવા કાર્યક્રમો કરતાં રહે છે એ જાણ્યું. સ્વામીનારાયણનાં ઘણાં મંદિર ત્યાં છે. એ ભક્તિ ત્યાં અનોખી ઊર્જા ઉત્પન્ન કરતી રહે છે.

બીજે દિવસે અને ત્રીજે દિવસે શો હતાં. બીજા દિવસનાં શો પછી બધાને ‘મહેનતાણું’ મળવાનું હતું. સિદ્ધાર્થે બધાનાં લેણાં નીકળતાં પૈસાનો હિસાબ કરી ‘કવર’ તૈયાર કરી રાખેલાં. હું જે બે નાટકોમાં અભિનય કરતો હતો એનાં શો પ્રમાણે ૧૨૦૦૦/– થતા હતા. એ બે નાટકોનાં શો વધુ થયેલાં. શો દીઠ મારા ૩૦૦/– રૂપિયા નક્કી થયેલ. મેં જોયું તો મારા કવરમાં માત્ર ૭૦૦૦/– હતાં. મેં સવાલ કર્યો જેનો જવાબ મને અસંતોષકારક મળ્યો.

સનત અને પ્રતાપને હું ૭૦૦૦/– માં ‘ઉઘડા’ લાવ્યો છું તો એનાથી વધુ હું ન આપી શકુંને?

મને આ ગણતરી વિચિત્ર લાગી. હું જે નાટકમાં પાત્ર ભજવતો હતો એ નાટકનાં જો માત્ર ચાર શો થયા હોત તો શું રૂપિયા ૩૦૦/– લેખે માત્ર ૧૨૦૦/– જ આપત?

આપણને સાથે પહેલી વિદેશી સફર કરવા મળી અને ઉપરથી પૈસા પણ મળ્યાં એનો સંતોષ લે, દાદુ! સૌ પોતાની ગણતરીમાં રમતાં હોય છે...હવે વાત વધારવાનો કોઈ અર્થ નથી અને વધારીશ તો પણ આપણો પનો ટૂંકો જ પડશે. એવું સનત– સચ્ચુ એ કહી મારો ગુસ્સો ઠારવા કોશિશ કરી પણ મન તો ખિન્ન થયું જ....

ખરેખર! આખો વ્યવહાર વિચિત્ર લાગ્યો. વ્યવહાર એ અરીસો છે જેમાં સંસ્કાર અને અહંકાર બંને દેખાઈ આવે, મને એ બન્ને દેખાઈ ગયા.

બીજા દિવસે અમુક, જેમાં હું અને પ્રતાપ, મુંબઈ આવવા નીકળવાના હતા અને જતીન, સિદ્ધાર્થ, સનત વગેરે ...ગુલમહોર નાટક સાથે દુબઈ જવા રવાના થવાના હતાં. બીજા દિવસે અમે નૈરોબી એરવેઝમાં મુંબઈ આવવાં રવાના થયા. મુંબઈમાં મારા જૂના નિર્માતા નવા નાટક માટે મારી રાહ જોઈ રહ્યા હતા. ■

**ડબલ રિચાર્જ**

*પતિઃ (પુસ્તક વાંચતા) આમાં લખ્યું છે કે કે મહતમ મૂર્ખ માણસને ખૂબ સુંદર પત્ની મળે છે.*
*પત્નીઃ (શરમાતાં) બસ કરો. મારાં વખાણ કરવા સિવાય બીજું કોઈ કામ નથી તમારી પાસે?*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# સતીશ શાહ
## એક્ટિંગના શાહસાહેબ

### ‘કોઈ એંગલથી એક્ટર જેવો નથી લાગતો’ એવી આકરી ટીકા સાંભળ્યા પછી અભિનયની આવડતથી અનેરી ઊંચાઈ હાંસલ કરી એમણે...

‘ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનો ડિપ્લોમા મેળવી હું ચિત્રપટ સૃષ્ટિમાં કામ મેળવવા આવ્યો એ સમયે એક્ટરોને અલગ અલગ ચોકઠામાં ફિટ કરવાનો રિવાજ હતો અને આશ્ચર્યની વાત એ હતી કે હું એકમાં પણ બંધબેસતો નહોતો. મારી ઊંચાઈ સારી હતી અને શારીરિક બાંધો મજબૂત હતો એટલે કોમેડિયન તરીકે હું યોગ્ય નહોતો. મારા ચહેરામાં કુમાશ હતી એટલે વિલન તરીકે પણ ફિટ નહોતો અને હીરોના લુક્સ પણ નથી એવું મને રોકડું પરખાવી દેવામાં આવ્યું.’

ટૂંકમાં સતીશ શાહ એક્ટરની કોઈ પણ વ્યાખ્યામાં ફિટ નહોતો બેસતો. વ્યથાકથા આગળ વધારી શાહસાહેબ જણાવે છે કે ‘હું જ્યારે પણ લોકોને મળવા જતો ત્યારે હું સિનેમેટોગ્રાફર કે એડિટર અથવા ડિરેક્ટર તરીકે કરિયર બનાવવા માગતો હોઈશ એવું લોકો ધારી બેસતા. ટૂંકમાં મારો દેખાવ-મારા લુક્સ મારા માટે અડચણ હતા.’

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ જ તો વિચિત્રતા છે. ભારતભૂષણથી લઈ મહિપાલ અને રાહુલ રોય તેમ જ વિવેક મુશ્રન જેવા નબળા અભિનેતા ટોપ એક્ટર બની જાય છે અને અફલાતૂન એક્ટરની વ્યાખ્યાને ઉજળી બનાવતા સતીશ શાહને ગુણી અભિનેતાનું સર્ટિફિકેટ હોવા છતાં કામ મેળવવા સંઘર્ષ કરવો પડે. ફિલ્મ હોય કે ટીવી સિરિયલ હોય કે નાટક હોય, સતીશ શાહએ સાકાર કરેલાં પાત્રો દર્શકોના સ્મૃતિપટ પર કાયમ અંકિત રહેશે. શાહ સાહેબની એ કમાલ છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કિંગ ખાન શાહરુખ ખાનને સતીશ શાહ માટે ‘કભી હાં કભી ના’ વખતથી લાગણી અને આદર હતા. કેટલાક વર્ષ પહેલા એક ઈન્ટરવ્યૂમાં સાથી કલાકારોના અભિનયના ઉલ્લેખ દરમિયાન શાહરુખે સતીશ ભાઈનો ઉલ્લેખ ‘હમારે શાહસાહબ’ એવી રીતે કર્યો હતો. બોલચાલમાં શાહ સાહેબ એ આદર વ્યક્ત કરતું સંબોધન છે. મોભો અને આવડતની ઊંચાઈનું પ્રમાણપત્ર છે. સતીશ શાહ નિઃશંક એ હરોળના કલાકાર રહ્યા..





શાહરુખ સાથેની પહેલી ફિલ્મ ‘કભી હાં કભી ના’ અને ‘ભૂતનાથ’માં અમિતાભ બચ્ચન સાથે

સતીશ શાહે ત્રીસેક વર્ષની કારકિર્દીમાં ઘણી ફિલ્મો કરી, પણ મુખ્યત્વે એમની નામના કોમેડિયન તરીકે રહી. એક એવા કોમેડિયન જેનો સહજ અભિનય રમૂજ પેદા કરે, તેમણે ભજવેલું પાત્ર સ્મરણમાં રહી જાય. એક્ટર નહીં પણ એનું પાત્ર પ્રભાવ પાડી જાય એ કલાકારની સિદ્ધિ કહેવાય. સતીશ શાહની કરિયરમાં ‘જાને ભી દો યારો’ તેમ જ ટીવી સિરિયલ ‘યે જો હૈ જિંદગી’ અને ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ સીમાચિન્હ ગણાય છે. અહીં આપણે અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન સાથેની ફિલ્મોમાં પણ એ કેવા સ્મરણમાં રહ્યા એ જાણીએ.

અમિતાભ બચ્ચન સાથેની બે ફિલ્મનો વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. પહેલી છે શરૂઆતના દોરની રમેશ સિપ્પીની ‘શક્તિ’. ‘અરવિંદ દેસાઈ કી અજીબ દાસ્તાન’, ‘અલબર્ટ પિન્ટો કો ગુસ્સા ક્યોં આતા હૈ’, ‘ઉમરાવ જાન’ વગેરે ફિલ્મોમાં ચમકેલા અભિનેતાની હજી કોઈ ઈમેજ નહોતી બની. જોકે, ‘શક્તિ’માં એક ટ્રેનના સીનમાં સ્મિતા પાટીલની છેડતી કરતા મવાલી ટાઈપ યુવાનના રોલમાં જોયા પછી આ એક્ટર વિલન તરીકે કાઠું કાઢી શકશે એમ માનવાનું સહેજે મન થાય. જોકે, અમિતજીએ એક્ટરને શ્રદ્ધાંજલિ આપતી વખતે જેનો ઉલ્લેખ કર્યો છે એ ‘ભૂતનાથ’માં માત્ર ચહેરાના હાવભાવથી મૂંઝાયેલા અને હાસ્યાસ્પદ સાબિત થયેલા સ્કૂલ પ્રિન્સિપાલને જે ખૂબીથી પેશ કર્યા છે એ જોવા જેવું છે. સીનમાં અમિતજીની હાજરી હોવા છતાં સતીશ શાહ વધુ દાદ મેળવીને યાદ રહી જાય છે.

રસપ્રદ વાત એ છે કે બીજી નવેમ્બરે આયુષ્યના ૬૦ વર્ષ પૂર્ણ કરનારા કિંગ ખાનની કેટલીક ફિલ્મો આજથી દર્શાવવામાં આવી રહી છે અને એમાંથી ત્રણ ફિલ્મમાં સતીશ શાહના અભિનયની આભા ફરી એકવાર સિને રસિકોને માણવા મળશે. શાહરુખ ખાનની પ્રારંભિક દોરની ફિલ્મ ‘કભી હાં કભી ના’માં પહેલી વાર બંને કલાકાર સાથે જોવા મળ્યા હતા. કુશળ અભિનેતા એ કહેવાય કે જે રોલની લંબાઈ સામે જોયા વિના અભિનયનું ઊંડાણ દર્શકો સમક્ષ રજૂ કરે. દર્શકો જ્યારે કિંગ ખાનની ફિલ્મો ફરી જોશે ત્યારે શાહરુખનું સ્ટારડમ તો એન્જોય કરશે જ, પણ સાથે સાથે જે સહજતાથી રમૂજ પડદા પર સાકાર કરવાની હથોટી ધરાવતા સતીશ શાહની કમાલનો પણ આનંદ લેશે.

‘કભી હાં કભી ના’માં શાહ સાહેબ એના નામની યુવતી (સુચિત્રા કૃષ્ણમુર્તિ)ના પિતા સાયમન ગોન્ઝાલ્વિસના પાત્રમાં જોવા મળે છે. મિસ્ટર ગોન્ઝાલ્વિસ એક બેકરીના માલિક છે અને ગળ્યું ખાવાના બેહદ શોખીન હોવાથી બેકરીની ઘણી આઈટમ પોતે જ ખાઈ જતા હોય છે. ડાયાબિટીસથી પીડાતા અને લોકોનું ધ્યાન ખેંચવા સતત કોશિશ કરતા ગોન્ઝાલ્વિસના તરફડિયાં કે પછી દીકરી એના પાસેથી કેકનો ટુકડો માગતા પરવશ પિતાશ્રી તરીકે સતીશ શાહનું સામર્થ્ય દેખાય છે. રમૂજી પાત્ર ભજવતી વખતે કોમિક ટાઈમિંગનું ખાસ્સું મહત્ત્વ હોય છે અને સતીશ શાહની એમાં માસ્ટરી રહી છે.

ફરાહ ખાનની ‘મૈં હૂં ના’ ફિલ્મમાં કામ કરવાની પોતાની ઈચ્છા નહોતી એવું સતીશ શાહે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. જોકે, જૂના સંબંધો અને શાહરુખના આગ્રહને માન આપી તેમણે પ્રોફેસર માધવ રસઈનો રોલ કરવા માટે હા પાડી હતી. બોલતી વખતે મોંમાંથી થૂંક ઊડતા પ્રોફેસરના નાના અમથા રોલમાં પણ સતીશ શાહ ધ્યાન ખેંચવામાં સફળ રહ્યા હતા. ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મમાં સુધ્ધાં શાહસાહેબનો નાનકડો જ રોલ છે, પણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગોલ્ડન એરાની ઠેકડી ઉડાવતા સીનમાં સતીશ શાહ મોજ કરાવે છે. એમાંય જ્યારે પોતાના યુનિટના સભ્યોને ‘બિમલ રોય એન્ગલ’ કે પછી ‘ગુરુ દત્ત એન્ગલ’ અને ‘સત્યજિત રાય’ એન્ગલ શૂટ કરવા ફરમાન આપે છે ત્યારે સમજ્યા વિના મહારથીઓનું અનુકરણ કરવાની ઘેલછા અભિનેતાએ આબાદ ઉપસાવી છે.

---

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# બોક્સ ઓફિસની નવી સ્ક્રિપ્ટઃ ફિલ્મ વિના ફૂલટાઈમ એન્ટરટેઇનમેન્ટ!

### નોન ફિલ્મ કન્ટેન્ટનો ટ્રેન્ડ શું થિયેટર્સ માટે સેવિયર- તારણહાર સાબિત થશે?



વર્ષો સુધી થિયેટર એટલે ફિલ્મ, પણ હવે સમય એવો આવ્યો છે કે થિયેટરમાં ફિલ્મ વિના પણ શો ચાલી રહ્યા છે અને લોકો જોઈ પણ રહ્યા છે. દુનિયાભરમાં એક નવો ટ્રેન્ડ ઝડપથી ફેલાઈ રહ્યો છે, નોન ફિલ્મ કન્ટેન્ટ ઈન થિયેટર્સનો. બીજા શબ્દોમાં કહીએ તો ફિલ્મ સિવાયની વસ્તુઓ જેમ કે મ્યુઝિક કોન્સર્ટ, ક્રિકેટ મેચ, ફૂટબોલ ટૂર્નામેન્ટ્સ, એવોર્ડ શો, લાઈવ ઇવેન્ટ્સ, સ્ટેન્ડ-અપ કોમેડી, બ્રોડવે શો કે જૂની ફિલ્મ્સના રી-રિલીઝ શો જોવા માટે લોકો ફરી થિયેટર તરફ વળે છે. આજના સમયમાં થિયેટરની મોટી ચેલેન્જ છે OTT નો આરામ.

છેલ્લા કેટલાક સમયથી પીવીઆર-આઈનોક્સ ગ્રુપે પહેલ કરી છે કે હવે એ નોન ફિલ્મ કન્ટેન્ટ પણ બતાવશે. હકીકતમાં છેલ્લા કેટલાક મહિનામાં અમુક સિનેમાઘરોમાં ઇન્ડિયા વર્સેસ પાકિસ્તાન વર્લ્ડ કપ મેચનું લાઈવ સ્ક્રીનિંગ થયું અને એની ટિકિટ્સ હાઉસફૂલ થઈ ગઈ હતી. એવા સમયે ઘણા મલ્ટિપ્લેક્સ માલિકોએ કહ્યું કે જો યોગ્ય નિયમો અને સર્ટિફિકેશન મળે તો એ પ્રકારનું કન્ટેન્ટ નિયમિત રીતે બતાવી શકાશે.

હા, આ રસ્તો એકદમ સરળ નથી. કેટલાક રાજ્યના સિનેમા કાયદા મુજબ ફક્ત સર્ટિફાઈડ ફિલ્મ્સ જ થિયેટરમાં દેખાડી શકાય. એટલે નોન ફિલ્મ કન્ટેન્ટ માટે પરમિશન લેવી પડે છે. જેમ કે તામિલનાડુ સિનેમા રેગ્યુલેશન એક્ટ મુજબ ક્રિકેટ મેચ કે અનસેન્સર્ડ લાઈવ શો દેખાડવાની મનાઈ છે, પરંતુ ઘણાં રાજ્યોમાં હવે નિયમોમાં બદલ માટેની ચર્ચા ચાલી રહી છે, કારણ કે સિનેમા હોલ્સ માટે પેરેલલ નવા રસ્તા શોધવા જ પડશે.

નોન ફિલ્મ કન્ટેન્ટ સાથે થિયેટર્સને જીવંત રાખવા માટે એક એવો જ ટ્રેન્ડ ચાલી રહ્યો છે ફિલ્મ્સના રી- રિલીઝ શોનો. લોકો હવે ક્લાસિક કે લોકપ્રિય ફિલ્મ્સને મોટી સ્ક્રીન પર ફરી જોવાનું પસંદ કરી રહ્યા છે. ‘યશરાજ ફિલ્મ્સે’ ‘દિલ તો પાગલ હૈ’ને રી-રિલીઝ કરી અને ૯૦ના દાયકાની રોમેન્ટિક મ્યુઝિકલ વાઇબને નવી પેઢી સમક્ષ લાવ્યા. ‘જબ વી મેટ’ પણ માર્ચમાં રી- રિલીઝ થઈ અને તેની નોસ્ટાલ્જિક સફર માટે દર્શકો પહોંચ્યા હતા. ‘યે જવાની હૈ દીવાની’ કે પછી હોલિવૂડની ‘ઇન્ટરસ્ટેલર’ જેવી ફિલ્મ્સે સિનેમાઘરોમાં ફરી કમાણી કરી. રેખા અભિનિત ‘ઉમરાવ જાન’ 4K રી-માસ્ટર્ડ વર્ઝન અને વિદ્યા બાલનની ‘પરિણીતા’ તો 8K રી-માસ્ટર્ડ વર્ઝન સાથે થિયેટર્સમાં ફરી વખત રજૂ થઈ. ‘તુંબાડ’ અને ‘સનમ તેરી કસમ’ જેવી ફિલ્મ્સ તો રી-રિલીઝમાં ટોપ સાબિત થઈ અને પોતાની રિલીઝ કરતા પણ વધુ કમાણી કરીને બીજી વખતમાં સફળ સાબિત થઈ.

વિશ્વભરમાં પણ નોન ફિલ્મ કન્ટેન્ટે સિનેમા હોલનો અર્થ બદલી નાખ્યો છે. અમેરિકામાં ‘ટેલર સ્વીફ્ટઃ ધ એરાઝ ટૂર કોન્સર્ટ’ ફિલ્મે બોક્સ ઑફિસ પર લગભગ ૨૬૦ મિલિયન ડૉલર કમાયા, જે સામાન્ય ફિલ્મ કરતાં પણ વધુ કમાણી છે.

‘બિયોન્સેઃ રેનેસન્સ વર્લ્ડ ટૂર’ પણ મોટી સ્ક્રીન પર રિલીઝ થઈ. યુકેના નેશનલ થિયેટર લાઈવ પ્રોગ્રામ દ્વારા છેલ્લા દસ વર્ષથી લંડનના બ્રોડવે શો, શેક્સપિયરનાં નાટકો અને અન્ય થિયેટર પ્રોડક્શનને સિનેમા હોલમાં લાઈવ બતાવવામાં આવે છે. મેટ્રોપોલિટન ઓપેરા ન્યૂયોર્કમાંથી લાઈવ ઈન એચડી પ્રોગ્રામ ચલાવે છે, જેમાં વિશ્વભરના થિયેટર હોલમાં લાઈવ ઓપેરા સ્ક્રીનિંગ થાય છે. આ બધું દર્શાવે છે કે લોકો ફક્ત ફિલ્મ જ નહીં, પણ થિયેટર્સમાં સારો અનુભવ ઈચ્છે છે!

બોલિવૂડમાં છેલ્લા ઘણા સમયથી બોક્સ ઑફિસ પર સાતત્યતાથી હિટ્સ જોવા મળી નથી રહી. થિયેટર માટે એ ખાલીપો ભરવો જરૂરી બન્યો. એથી જ પીવીઆર, આઈનોક્સ, અને મિરાજ સિનેમાઝ જેવી ચેઈન્સે નોન ફિલ્મ શોની શરણ લીધી છે. OTT એ લોકોને શીખવી દીધું છે કે મનોરંજન દેવની કૃપાથી ફિલ્મ્સ કોઈપણ સમયે, ક્યાંય પણ જોઈ શકાય છે.

લોકોને હવે થિયેટર્સમાં ફક્ત ફિલ્મ નહીં, ઇવેન્ટ એક્સપિરિયન્સ જોઈએ છે. એ સ્થિતિમાં થિયેટર માટે પ્રશ્ન છે દર્શકોને કેમ બોલાવવા? તેનો જવાબ છે કલેક્ટિવ એક્સપિરીયન્સ! જેમ કે જયારે તમે મિત્રો સાથે વર્લ્ડ કપ મેચ મોટી સ્ક્રીન પર જુઓ, ત્યારે એનો આનંદ મોબાઈલ કે ટીવી કરતાં ઘણો મોટો હોવાનો. એ જ રીતે કોન્સર્ટ કે નાટક પણ મોટી સ્ક્રીન પર એવો જ અનુભવ કરાવે છે.

હા, હજી પણ કેટલાક ટેક્નિકલ અને કાયદાકીય પ્રશ્નો છે. નોન ફિલ્મ કન્ટેન્ટ માટે સર્ટિફિકેશન જરૂરી છે કે નહીં, લાઈવ ઇવેન્ટના રાઈટ્સ કોણ ધરાવે અને પ્રાઈસિંગ કેવી રીતે નક્કી થશે? તેમજ લાઈવ ફેન્સ ઇવેન્ટમાં સુરક્ષા, ક્રાઉડ કંટ્રોલ, ફાયર હેઝાર્ડ જેવા મુદ્દાઓ ઊઠે છે. જોકે ઇન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ માને છે કે જો યોગ્ય સિસ્ટમ તૈયાર થાય તો આ પ્રકારનું કન્ટેન્ટ થિયેટર માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

આગામી સમયમાં મોટા સિનેમા ચેઈન્સ પોતાના ઇવેન્ટ સિનેમા ડિવિઝન બનાવી શકે છે. જેમાં ફક્ત ફિલ્મ નહીં, પણ લાઈવ મ્યુઝિકલ, સ્ટેન્ડ-અપ કોમેડી, ડોક્યુમેન્ટરી, સ્પોર્ટ્સ સ્ક્રીનિંગ અને ક્લાસિક રી-રિલીઝને નિયમિત રીતે બતાવવામાં આવે. જેમ એક સમય ફિલ્મ્સને નવી ટેક્નોલોજીએ બચાવી હતી, તેમ હવે નોન ફિલ્મ એન્ટરટેઇનમેન્ટ થિયેટરને નવી ઓળખ આપી રહ્યું છે.


**લાસ્ટ શોટ**

***FICCIEY* મીડિયા અને એન્ટરટેઇનમેન્ટ રિપોર્ટ ૨૦૨૫ મુજબ, નોન-ફિલ્મ કન્ટેન્ટ અને રી-રિલીઝ ફિલ્મ્સે દેશભરના થિયેટર્સમાં કુલ દર્શક સંખ્યામાં આશરે ૮ થી ૧૦ ટકા વધારો આપ્યો છે.**

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## વિભિષણનો વિશેષ ‘વિવેક’



વાર તહેવારે બોલિવૂડ કલાકારોની સારપ બહાર આવતી હોય છે. ઘણીવાર આ બધું પી.આર. સ્ટંટ માટે પણ થતું હોય છે. તેમ છતાં એવાં ઘણાં કલાકાર છે, જે મૂંગા મોઢે સેવા અને દાન કરતાં રહેતાં રહે છે, પરંતુ આ બધું જ્યારે કોઈ ‘સમાચારમાં રહેતો કલાકાર’ કરે ત્યારે આપણને ખબર પડતી હોય છે.

વિવેક ઓબેરોય બદનસીબે અચ્છો કલાકાર હોવા છતાં સમાચારમાં ખાસ ચમકતો નથી. તેમ છતાં આજકાલ તેના એક નિર્ણયે તેને સમાચારમાં વહેતો જરૂર કરી દીધો છે.

વાત એમ છે કે આવતે વર્ષે આવનારી મેગ્નમ ઓપસ-વૈભવી ફિલ્મ ‘રામાયણ’માં વિવેક ઓબેરોય વિભિષણની મહત્ત્વની ભૂમિકા ભજવવાનો છે. હાલમાં જ્યારે તેને ફિલ્મ અને પોતાના રોલ વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેણે લોકોને આશ્ચર્યમાં મૂકી દીધાં હતાં. વિવેક ઓબેરોયે પહેલાં તો ‘રામાયણ’ ફિલ્મને હોલિવૂડની ભવ્ય ફિલ્મોનો ‘ભારતીય જવાબ’ ગણાવ્યો. વિવેકના માનવા અનુસાર હોલિવૂડમાં જે સ્તરે ફિલ્મો બને છે અને આપણે ફક્ત તેનાં વખાણ કરતાં રહી જઈએ છીએ એવું હવે લોકો ‘રામાયણ’ જોયા બાદ નહીં કરે. આટલું જ નહીં, વિવેકે આ વાતચીત દરમ્યાન એવું પણ જાહેર કર્યું કે તે આ ફિલ્મમાં વિભિષણની ભૂમિકા ભજવવા બદલ મળનારી મહેનતાણાની રકમને દાન કરી દેશે. કેન્સરથી પીડાતાં બાળકો માટે કામ કરતી સંસ્થાને આ રકમ દાન કરશે એવી એણે ઈચ્છા જાહેર કરી છે. ખરેખર વિભિષણ જેવો ‘વિવેક’ આ ઓબેરોયે કરી દેખાડ્યો ખરો!

## ‘દૃશ્યમ ૩’માં બાબુભૈયા નથી....



નવી ફિલ્મો જ્યારે લોન્ચ થાય ત્યારે એની સ્ટારકાસ્ટ વિષે અફવાઓ ઊડતી રહેતી હોય છે. આવી જ એક અફવા ‘દ્રશ્યમ ૩’ માટે તાજેતરમાં ઊડી કે આ ફિલ્મમાં પરેશ રાવળને સાઈન કરવામાં આવ્યા છે. હવે આપણે દ્રશ્યમ ફ્રેન્ચાઇઝીની મૂળ કથા તો જાણીએ જ છીએ! એ અફવાને માની જનારા લોકોએ એમ પણ માની લીધું હતું કે પરેશભાઈ આ ફિલ્મમાં અજય દેવગણને આરોપી સાબિત કરનારા પોલીસવાળા બનશે, કારણકે આ પ્રકારનો રોલ ‘દ્રશ્યમ ૨’માં અક્ષય ખન્નાએ ભજવ્યો હતો.

જોકે, જ્યારે ખુદ બાબુભૈયાને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડી દીધી. પરેશભાઈનું કહેવું હતું કે ‘ફિલ્મના મેકર્સ દ્વારા તેમનો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને તેમને સ્ક્રિપ્ટ પણ ગમી હતી, પરંતુ તેમને જે રોલ ઓફર કરવામાં આવ્યો હતો તેમાં તેમને ‘મજા ન આવી’. પરેશભાઈનું કહેવું છે કે સ્ક્રિપ્ટ ભલે ગમે તેટલી સારી હોય પણ જો તમને પોતાનો જ રોલ કરવાની મજા ન આવે તો પછી બાકી બધું નકામું છે.

ટૂંકમાં પરેશ રાવળ ‘દ્રશ્યમ ૩’માં નાની કે મોટી કોઈજ ભૂમિકા ભજવવાના નથી એ કન્ફર્મ છે. આ ફિલ્મ ૨ ઓક્ટોબર ૨૦૨૬ના દિવસે રિલીઝ થવાની છે. ૨ ઓક્ટોબર અને ‘દ્રશ્યમ’નો સંબંધ કેટલો પાક્કો છે એ આપણને ખબર જ છે.

## આદિત્ય પંચોલીનો ‘તેઝાબ’



અમુક કલાકારો ગુમનામીના અંધકારમાં એવાં ખોવાઈ જતાં હોય છે કે પછી શોધ્યા જડતા નથી. આદિત્ય પંચોલી આવા કલાકારોમાંથી એક છે. ઘણીવાર આ પ્રકારના કલાકારો ગમે ત્યારે સમાચારમાં પરત આવવા માટે વિસ્ફોટક નિવેદન કરી દે છે.

તાજેતારમાં એક ઇન્ટરવ્યૂ દરમિયાન આદિત્યએ શરૂઆત તો એમ કહી ને કરી કે બોલિવૂડમાં નેપોટીઝમ કરતાં રાજકારણ વધુ રમાય છે. પછી પોતાનાં આ નિવેદનનું સમર્થન કરવા તેણે એક ગોળગોળ બોમ્બ ફોડ્યો.

આદિત્ય પંચોલીએ બોલિવૂડમાં રાજકારણ કેટલું અંદર સુધી ઘૂસી ગયું છે એ સાબિત કરવા એમ કહ્યું કે ૧૯૮૮માં એન. ચંદ્રાની ફિલ્મ ‘તેઝાબ’ રિલીઝ થઇ એમાં મુન્નાની ભૂમિકા પહેલાં એ કરવાનો હતો,

પરંતુ, એક મોટા પ્રોડ્યુસરે પોતાના ભાઈની લાગવગ એન. ચંદ્રા સાથે લગાવી અને એને ફિલ્મનો હીરો બનાવી દીધો! .

બાય ધ વે, તમને પણ યાદ જ હશે કે ‘તેઝાબ’ના મુન્નાની જાનદાર ભૂમિકા અનિલ કપૂરે ભજવી હતી! ‘તેઝાબ’ એ અનિલ કપૂરની ‘લાઈફ ચેન્જિંગ’ ફિલ્મોમાંથી એક હતી. એ સમયે ‘તેઝાબ’ ઉપરાંત ‘રામ લખન’, ‘રખવાલા’ અને ‘ઈશ્વર’ એમ સળંગ ચાર હીટ ફિલ્મો અનિલે આપી હતી અને રાતોરાત સુપરસ્ટાર બની ગયો હતો. આદિત્ય પંચોલી બેશક સારો કલાકાર છે, પરંતુ ક્યાં મુન્ના તરીકે અનિલ કપૂર ને ક્યાં અદિત્ય પંચોલી?!

અહીં નવાઈ એ વાતની છે કે આટલાં વર્ષો બાદ આ વાતનો ઉલ્લેખ કરવાનો અર્થ શો?

**કટ એન્ડ ઓકે...**




*બોલિવૂડમાં અમુક કલાકારો મોડાં આવવાનું તો દૂર... એ સેટ પર દેખા જ દેતાં નથી... અમે એમની રાહ જોઈએ અને એ લોકો ફોન પર જ શૂટ કેન્સલ કરી દેતાં હોય છે.*

*ઇમરાન હાશ્મીનો ઘટસ્ફોટ!*

## પ્રકરણ-૪૫

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઇમ કથા...




યોગેશ સી પટેલ

કેબિનમાં હાજર અશોક ગાયકવાડ, ચંદ્રેશ ગોહિલ અને રવિ કદમ માટે ઘણી જ આંચકાજનક માહિતી હતી. અમુક ક્ષણ માટે ત્રણેય સ્તબ્ધ થઈ ગયા. મરણપથારીએ પડેલા દરદીને નવજીવન આપનારા ડૉક્ટરને લોકો ઈશ્વર સમાન ગણે છે, પણ આ લોકોએ તો શેતાનને પણ શરમાવ્યો હતો. કોનો કયો અવયવ કાઢીને સોદો કરવાનો છે એ નક્કી કરવા આરોગ્ય શિબિર યોજતા હતા!

ડૉ. ભંડારીની વાત સાંભળીને ત્રણેય અધિકારીનો ગુસ્સો મગજ પર સવાર થઈ ગયો. ગોહિલ દિમાગથી કામ લેનારો અધિકારી હતો એટલે એ પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શકતો હતો, પણ ગાયકવાડ પોતાની ખુરશીમાંથી ઊભા થઈને ડૉ. ભંડારીની નજીક આવ્યા.

‘આ કૌભાંડ કઈ રીતે ચાલતું હતું, તેમાં કોણ કોણ સંડોવાયેલું છે તેમ જ બધાની ભૂમિકા વિશે વિગતો આપો...’

ગોહિલે પૂછેલા સવાલના જવાબમાં ડૉ. ભંડારીએ ચુપકીદી સેવી. તેમને વારંવાર ચેતવણી આપવી પડતી હોવાથી ગાયકવાડ ગિન્નાયા.

‘ડૉક્ટર, સવાલ તમને પૂછવામાં આવ્યો છે.’ કદમ જાણે યાદ અપાવતો હતો.

‘મેં કહ્યુંને... મારા વકીલ સાથે જ હું વાત...’ ડૉ. ભંડારી વાક્ય પૂરું કરે તે પહેલાં જ ગાયકવાડે એક સણસણતો લાફો ઝીંકી દીધો.

ગાયકવાડે એટલા જોરથી લાફો માર્યો કે ડૉ. ભંડારી ખુરશીમાંથી ડગમગી ગયા. માથું ટેબલ સાથે પટકાયું એટલે તેમના મોંમાંથી ઊંહકારો નીકળ્યો. કાનમાં સણકા આવવા લાગ્યા અને આંખે અંધારાં...

‘બહુ થયું, ગોહિલ... આને ડિટેક્શન રૂમમાં લઈ લે. બધા હાથ સાફ કરશે તો જ આનું ભેજું ઠેકાણે આવશે.’ બન્ને હાથે શર્ટના કૉલરથી ઝાલીને ગાયકવાડે ડૉ. ભંડારીને ઊભા કરી દીધા.

‘તમને હજુ શું જાણવું છે... બધી જ માહિતી તો મળી ગઈ છે!’ જેમતેમ પગ પર ઊભા રહેલા ડૉ. ભંડારીએ કહ્યું.

‘અમારે આખો ઘટનાક્રમ ગોઠવવો છે!’ ગોહિલ બોલ્યો.

ગાયકવાડની થપ્પડની અસરમાંથી પોતાની જાતને બહાર લાવવા ડૉ. ભંડારી લાંબા શ્વાસ લેતા હતા. ગાયકવાડ ડૉ. ભંડારીને શ્વાસ લેવાનો પણ સમય આપવા માગતા નહોતા. એક હાથે ડૉક્ટરનો શર્ટનો કૉલર પકડી રાખી બીજા હાથ ફરી તમાચો મારવાની તૈયારીમાં તે હતા. મુડદાલ બની ગયેલા ડૉ. ભંડારીએ હાથના ઇશારેથી ગાયકવાડને રોક્યા.

‘એક મિનિટ... મને થોડી વાર શાંત બેસીને શ્વાસ તો લેવા દો... હું બધું જ કહેવા તૈયાર છું!’

ગોહિલ તરફ જોઈને ગાયકવાડે ડૉ. ભંડારીનો કૉલર છોડ્યો એટલે ડૉક્ટર ધબ... દઈને ખુરશીમાં બેસી પડ્યા.

‘શિંદે અને બંડગર તો ઠીક, આ ગાયકવાડ પણ કંઈ કમ નથી... બળ અજમાવવાની એકેય તક છોડતા નથી!’ ગોહિલે વિચાર્યું.

‘એક કૉફી મળશે... પ્લીઝ!’ ડૉ. ભંડારીએ વિનંતી કરી.

‘આ પોલીસ સ્ટેશન છે, ડૉક્ટર... હૉટેલ નથી કે તારી સરભરા થાય!’ ગાયકવાડે કહ્યું.

પૂછપરછની વચ્ચે મોબાઈલની રિંગ વાગી એ ખુદ ગોહિલને ન ગમ્યું, પણ સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેનો કૉલ હતો. મહત્ત્વની વાત કહેવા જ તેણે ફોન કર્યો હશે એની ગોહિલને ખાતરી હતી.

‘કાળેનો કૉલ છે. ગાયકવાડસાહેબ... મને લાગે છે, હવે ડૉક્ટરની સાન ઠેકાણે આવી ગઈ હશે... તેમને કૉફી પીવડાવી દઈએ!’

ગોહિલે આંખથી ઇશારો કર્યો એટલે ગાયકવાડે ડૉક્ટર સહિત તેમના બધા માટે કૉફીનો આદેશ આપ્યો.

‘બોલ... કાળે!’ કેબિન બહાર આવીને ગોહિલે કૉલ રિસીવ કરી કહ્યું.

‘સર... પેલો ચૌધરી મુંબઈથી રફુચક્કર થવાની તૈયારીમાં છે!’

‘કેમ?’

‘એ તો ખબર નથી પડી, પણ બિહાર જવા સ્પેશિયલ ક્વૉટામાં ટ્રેનની ટિકિટ રિઝર્વ કરાવી છે એણે!’

‘ક્યારની ટ્રેન છે?’

‘કાલે બપોરે પટના એક્સપ્રેસમાં લોકમાન્ય ટિળક ટર્મિનસથી બેસવાનો છે!’

‘એને રોકવો પડશે!’ ગોહિલે કહ્યું.

‘સર... એને પોલીસ સ્ટેશને લઈ આવું?’ કાળેએ પૂછ્યું.

‘ના. અત્યારે એને તાબામાં લેશે તો બબાલ મચશે. હજુ એની સંડોવણીના કોઈ પુરાવા નથી!’

વિચાર કરીને ગોહિલે સૂચવ્યું: ‘એક કામ કર. એને મળીને અત્યારે મુંબઈ બહાર જવાની ના પાડ. તપાસમાં એની મદદ જોઈએ છે, એવું બહાનું કર!’

કૉલ કટ કરતાં પહેલાં ગોહિલે ખાસ સૂચના આપી: ‘બે કોન્સ્ટેબલને સાદા વેશમાં તેના પર નજર રાખવા કહી દે... આ હિલતા મકાન છટકી ન જાય તેની તકેદારી રાખજે!’

* * * *

‘તમે ઝમીલને કઈ રીતે ઓળખો છો?’

‘કોણ ઝમીલ!’

‘ચ્યા માયલા! કોન ઝમીલ?’ કોન્સ્ટેબલ નામદેવ દળવીથી બોલાઈ ગયું પછી કામત તરફ જોઈ તેણે નજર ઝુકાવી દીધી.

‘ડ્રગ્સ તસ્કર સલ્લુનો સાથી, જે અત્યારે અમારી કસ્ટડીમાં છે!’ ઈન્સ્પેક્ટર રાજીવ કામતે ફોડ પાડ્યો.

ભાયંદરની ખાડીમાંથી મળેલી એમ્બ્યુલન્સ આરે પોલીસ સ્ટેશન પરિસરમાં લાવ્યા પછી ફોરેન્સિક લૅબને તેની તપાસ કરવાની જાણ કરાઈ હતી. બીજી બાજુ, ડ્રગ્સના કારોબારમાં સંડોવાયેલા ઝમીલના કૉલ રેકોર્ડ પરથી તેણે ડૉ. કુશલ સહાણેને પાંચેક વાર સંપર્ક સાધ્યાનું સામે આવ્યું હતું. તપાસની ગતિ વધી હોવાથી કામતને તાત્કાલિક દળવી સાથે ડૉ. સહાણેની પૂછપરછ માટે મોકલાયો હતો.

‘ડૉક્ટરસાહેબ... તમારી સાથે એ સંપર્કમાં હતો. અમારી પાસે કૉલ રેકોર્ડ છે.’ કામતે ચોખવટ કરી.

‘ઝમીલ...’ બબડીને ડૉ. સહાણે વિચારમાં પડ્યા.

પછી કહ્યું: ‘હા... યાદ આવ્યું. એ તો મારો પેશન્ટ છે!’

‘... પણ અત્યારે એ અમારા કેસનો આરોપી છે!’ કામતે કહ્યું.

‘એણે શું કર્યું?’

‘ડ્રગ્સ સપ્લાય કરતો હતો. શબમાં ડ્રગ્સ ભરીને મુંબઈ બહાર મોકલતો!’

‘અરે, બાપરે!’

‘હા... આવા રીઢા આરોપીએ છેલ્લા એક મહિનામાં પાંચેક વાર તમને કૉલ કર્યા હતા...’

કામતે ઉમેર્યું: ‘તમે કહેવાનું કષ્ટ લેશો કે એણે તમને શા માટે કૉલ કર્યા હતા?’

‘મળવા આવવા અને સમસ્યા જણાવવા...’ ડૉ. સહાણેએ સહજતાથી જવાબ આપ્યો.

‘એટલે?’

‘અમુક પેશન્ટ કે કોઈના રેફરન્સથી આવેલા દરદી એપોઈન્ટમેન્ટ માટે સીધા મને કૉલ કરે છે... પછી જરૂરી સલાહ માટે પણ કૉલ કરતા હોય છે!’

ડૉ. સહાણેએ ઉમેર્યું: ‘મને લાગે છે... ઝમીલે પણ આ જ કારણસર કૉલ કર્યા હતા. એ ચેકઅપ માટે આવ્યો પણ હતો, પણ કોઈ બીમારીનું નિદાન થયું નહોતું!’

‘હું સમજ્યો નહીં...’

‘છાતીમાં દુખાવો થતો હતો એટલે એને શંકા હતી કે હાર્ટને લગતી સમસ્યા હશે, પણ તપાસમાં એવું કંઈ જણાયું નહીં... કદાચ કફને કારણે દુખાવો થયો હશે!’

> **પાપ જમીનમાં કેટલા પણ ઊંડા દાટો, ડૉક્ટર... ક્યારેકને ક્યારેક એ જમીન ફાડીને બહાર આવે જ!**

‘...પણ તમારી એની સાથે ઓળખાણ કઈ રીતે?’ કામત ફરી મૂળ મુદ્દા પર આવ્યો.

‘મારી ઓળખાણ નથી... એ તો ડૉક્ટર ઈમાનદારના રેફરન્સથી આવ્યો હતો!’

‘ડૉક્ટર ઈમાનદાર!’ કામત બોલી પડ્યો.

‘એક્ચ્યુઅલી વાત એમ છે કે આરે હૉસ્પિટલના ડૉક્ટર હિરેમઠે ડૉક્ટર ઈમાનદાર પાસે ચેકઅપ કરાવવાની સલાહ ઝમીલને આપી હતી.’

શ્વાસ લેવા થોડું રોકાયા પછી ડૉ. સહાણેએ કહ્યું: ‘ત્રણ-ચાર દિવસ માટે ડૉક્ટર ઈમાનદાર શહેર બહાર હોવાથી તેમણે ઝમીલને મારો નંબર આપ્યો હતો અને આ બાબતે ડૉક્ટર ઈમાનદારે મને કૉલ પણ કર્યો હતો!’

‘એટલે કે ડૉક્ટર હિરેમઠ ઝમીલને ઓળખતા હશે!’ કામતે કહ્યું.

‘એની મને જાણ નથી. આ બાબતે તમે ડૉક્ટર હિરેમઠ અને ડૉક્ટર ઈમાનદારને જ મળો!’

* * * *

‘કૉફી પીવાઈ ગઈ હોય તો વાત આગળ વધારીએ, ડૉક્ટર?’ ડૉ. ભંડારીએ કૉફીનો છેલ્લો ઘૂંટ પીને કપ ટેબલ પર મૂકતાં જ ગોહિલે પૂછ્યું.

‘તમને લાગે છે કે મારી કબૂલાત કરવાથી આ રૅકેટ અટકી જવાનું છે? તમે લાંબો સમય સુધી મને લૉકઅપમાં રાખી પણ નહીં શકો!’ ડૉ. ભંડારીએ આત્મવિશ્વાસથી કહેલી વાતથી ગોહિલને ખાતરી થઈ કે માસ્ટરમાઈન્ડ હજુ નજરમાં નથી આવ્યો.

‘એ બધું પછી જોવાઈ જશે... અત્યારે તમે આ રૅકેટ કઈ રીતે ચાલતું હતું તેની માહિતી આપો.’

‘જે દરદીમાં ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરવાનું હોય તેના તબીબી રિપોર્ટ અમને મળી રહે છે, પણ તેની સાથે મેળ ખાતા દાતા ગોતવા મુશ્કેલ હોય છે...’

ડૉ. ભંડારી બોલવા લાગ્યા: ‘આ માટે અમે મેડિકલ કૅમ્પ યોજવાનો રસ્તો શોધી કાઢ્યો, જેમાં તપાસને બહાને અમે લોકોની વિગતો મેળવી લેતા!’

‘કઈ રીતે?’

‘બ્લડ ગ્રૂપથી માંડીને સામાન્ય ટેસ્ટ આરોગ્ય શિબિરમાં જ થઈ જતી. એને આધારે અંદાજો લગાવીને ટાર્ગેટ પસંદ કરાતા. પછી ટાર્ગેટને ગંભીર બીમારીનાં લક્ષણનું કારણ બતાવીને બાકીની ટેસ્ટ માટે ડૉ. પાઠકની લૅબોરેટરીમાં મોકલવામાં આવતા.’

ડૉ. ભંડારીએ જણાવ્યું: ‘ડૉક્ટર પાઠક ડિમાન્ડ અનુસાર ટાર્ગેટની ટેસ્ટ કરતા અને તેનો રિપોર્ટ તૈયાર કરતા.’

‘...પણ ટેસ્ટ કરાવવા રહેવાસીઓ સહેલાઈથી માની જતા?’ ગાયકવાડે પૂછ્યું.

‘તેમના મનમાં અમે સ્વાસ્થ્ય સંબંધી ચિંતા ઉપજાવી દેતા. અત્યારે તપાસ નહીં કરાવે તો બીમારી ગંભીર સ્તરે પહોંચવાનો ડર બતાવતા. વળી, ડૉક્ટર પાઠકની લૅબમાં અડધી કિંમતે ટેસ્ટની લાલચ આપતા!’

‘તો પછી અવયવ કાઢીને તમારા ટાર્ગેટને મારી શા માટે નાખતા?’ ગોહિલે પૂછ્યું.

‘કોઈ પુરાવો ન રહે તે માટે!’

‘નાણાંની લાલચ આપીને પણ મનાવી શકતા હતાને?’

‘એમાં ભવિષ્યમાં આ કાંડ સામે આવવાનો ડર હતો. વ્યક્તિ જીવિત જ ન હોય એમાં અમારી સલામતી વધુ હતી.’

‘જબરજસ્ત ભેજું દોડાવીને રૅકેટ ચલાવવા આટલી હત્યા કરી નાખી, પણ આખરે આ કૌભાંડ ઊઘાડું પડ્યું જને? પાપ જમીનમાં કેટલા પણ ઊંડા દાટો, ડૉક્ટર... ક્યારેકને ક્યારેક એ જમીન ફાડીને બહાર આવે જ!’

‘એ તો અમારા બદનસીબ કે હેલિકૉપ્ટર બરાબર એ જ જગ્યાએ તૂટી પડ્યું, નહીંતર આમ મંજરીનું શબ જમીનની બહાર આવત નહીં અને કૌભાંડ જમીનમાં દફન રહેત!’

‘આ અવયવ ચોરીમાં ડ્રગ્સનો કારોબાર કેવી રીતે ઉમેરાયો?’ ગોહિલે અવયવ ચોરી શબ્દ વાપરતાં ડૉ. ભંડારી પહોળી આંખે તેને જોઈ રહ્યા.

‘એ મને નથી ખબર... સલ્લુ ડ્રગ્સનું સ્કૅન્ડલ ચલાવતો હતો. મને તો પછીથી ખબર પડી કે ડ્રગ્સ સપ્લાય કરવા તે શબનો ઉપયોગ કરતો હતો.’

‘પછીથી એટલે ક્યારે?’ ગાયકવાડે સવાલ કર્યો.

‘આ કેવો પ્રશ્ન છે?’

‘મારો કહેવાનો અર્થ છે કે ખબર પડી ત્યારે તમે આ કારોબાર રોક્યો કેમ નહીં? તમે શા માટે તેમાં સામેલ થયા?’

‘ઑફિસર... આ બધા ધંધા એવા હોય છે કે એક વાર એ રસ્તે ચાલી પડો પછી પાછા ફરવાના વિકલ્પ નથી બચતા... કાનૂની માર્ગનો વિચાર પણ કરી શકાતો નથી!’ ડૉ. ભંડારી ગંભીર થઈને બોલ્યા.

‘તમે આટલા આત્મવિશ્વાસથી કહેતા હતા કે તમને લાંબો સમય લૉકઅપમાં રાખી નહીં શકીએ... એનો મતલબ તમારા માથે વરદહસ્ત ખરો... કોણ છે તમારો આકા?’

ફાટી આંખે ડૉ. ભંડારી ગોહિલને જોઈ રહ્યા. ગોહિલે બરાબર તેમની વાતને પકડી લીધી હોવાનું ડૉ. ભંડારીએ વિચાર્યું.

‘આરોપીઓ શોધવાનું કામ તમારું છે... મેં શું કર્યું એ તમને કહી દીધું. હવે બાકીનું તમે જુઓ!’

‘તમારા પર વિધાનસભ્ય જાંભુળકરનો હાથ છે કે તેના પીએ ચૌધરીનો?’

‘મને નથી ખબર...’ ડૉ. ભંડારીએ આવું કહેતાં ગાયકવાડ ઝાટકા સાથે ખુરશીમાંથી ઊભા થયા. ગાયકવાડનો આવેશ જોઈ ડૉ. ભંડારી ધ્રૂજવા લાગ્યા અને એટલું જ બોલ્યા...

‘ચૌધરીને પકડી લાવો અને એને જ પૂછો!’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| बोरा | વાવવું |
| बोसा | વાછટ |
| बोया | નકામું |
| बोदा | ચુંબન |
| बौछार | કોથળો |

### ઓળખાણ પડી?



કારકિર્દીના પ્રારંભમાં સતીશ શાહ દ્વારા અભિનીત કઈ ફિલ્મનો સીન છે એની ઓળખાણ પડે છે? ચિત્રપટની ખાસ્સી પ્રશંસા થઈ હતી.

અ) વિક્રમ વેતાલ બ) ભૂમિકા ક) ચશ્મે બદ્દુર ડ) જાને ભી દો યારો

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ રા | ૩ મ | ર્શ | ૪ ન | ■ | ૫ જ્ઞા | ન | પી | ૬ ઠ |
| ૭ જ | ખ | મ | ■ | ૮ સ | મ | તા | ■ | ■ | પ |
| વ | ■ | તા | ■ | લ | ■ | ■ | ૯ ક | ■ | કો |
| ણી | ■ | ૧૦ મ | ગ | ■ | ૧૧ વ | ■ | ૧૨ ડ | ૧૩ ર | ■ |
| ■ | ૧૪ ના | ચી | ■ | ૧૫ ચ | હ | ૧૬ લ | પ | હ | ૧૭ લ |
| ૧૮ સા | ફ | ■ | ૧૯ બ | ■ | ૨૦ ન | કી | ■ | ૨૧ ન | સ |
| ૨૨ દ | ર | મિ | યા | ૨૩ ન | ■ | ■ | ૨૪ વા | સ | ણ |
| ■ | મા | ■ | ૨૫ ન | ટ | ૨૬ વ | ર | ■ | હ | ■ |
| ૨૭ જ | ની | ૨૮ ન | ■ | ૨૯ ખ | ડ | ક | ■ | ૩૦ ન | ૩૧ ખ |
| મા | ■ | ૩૨ ફો | ગ | ટ | ■ | ૩૩ મ | લ્લ | ■ | રા |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | ■ | ૫ | | | ■ | | ■ | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | ૯ | | ■ | |
| ■ | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | |
| | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | ■ | | ■ | ૨૬ | |
| | ■ | ૨૭ | | | ૨૮ | ■ | ૨૯ | ■ | |
| ૩૦ | | | | ■ | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. પ્રકાશિત કરવું તે (૪)
૩. મંડળી, સભા (૪)
૫. રાજાને સંબોધન (૩)
૭. રક્ષણ (૨)
૮. ભાગ, અંશ (૩)
૧૦. જેનું --- છે, એનો નાશ છે (૨)
૧૧. ફળ પાકીને --- દઇને ખરે (૨)
૧૨. રહસ્ય (૨)
૧૩. નાજુક (૩)
૧૫. પડખું, પાસું (૪)
૧૭. ભમરી, વલય (૩)
૧૮. ગોવાની રાજધાની (૩)
૧૯. ખટપટી, કપટ કરનાર (૩)
૨૧. બંધાયેલું (૨)
૨૩. સીમા, મર્યાદા (૨)
૨૪. ડંખ (૨)
૨૬. મારી મમ્મીના પપ્પાનો દીકરો (૨)
૨૭. વાતો, ગપ્પાં ગોષ્ઠિ (૪)
૩૦. લાખોનો માલિક (૪)
૩૧. માફી માગવી તે (૫)

**ઊભી ચાવી**

૧. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૨. અધમ પુરુષ, ધીટ (૪)
૩. કૂવો (૪)
૪. છનો સમૂહ (૩)
૬. શરદપૂનમે રાસની--- બોલે (૪)
૯. સિંચાઇની એક પદ્ધતિ (૬)
૧૦. નાણાંનો વહીવટ કરનાર (૪)
૧૨. ગુજરાતીનો જાણીતો કવિ (૩)
૧૩. વફાદાર (૬)
૧૪. કપટ (૨)
૧૬. ---નું વહાણ ઊંટ (૨)
૨૦. પદ, હોદ્દો (૨)
૨૨. પર્યુષણમાં બધા --- કરે (૪)
૨૪. પતિ-પત્ની (૩)
૨૫. સસલું (સં) (૨)
૨૭. ખોટી વાત, અફવા (૨)
૨૮. --- લેવો એટલે તરફેણ કરવી (૨)
૨૯. ભણતર કે મકાન, --- મજબૂત જોઇએ (૨)
૩૨. એકમથી અમાસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

મહેન્દ્ર કપૂર - ઉષા મંગેશકરે ગાયેલું ‘રૂડી ને રંગીલી રે, વ્હાલા તારી વાંસળી રે’ ગીત ઉપેન્દ્ર ત્રિવેદીની કઈ ફિલ્મનું છે એ જણાવો.

અ) મળેલા જીવ બ) શેતલને કાંઠે
ક) જેસલ તોરલ ડ) રાણકદેવી

### જાણવા જેવું

નાના બજેટની ફિલ્મોમાં અભિનયથી પ્રારંભ કરી મોટી નામના મેળવનારા જબરદસ્ત અભિનેતા સતીશ શાહે એમની ફિલ્મ કારકિર્દીમાં દિલીપ કુમાર, અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન સાથે પણ કામ કર્યું હતું. દિલીપ સાબ અને બિગ બી સાથે ‘શક્તિ’માં અને કિંગ ખાન સાથે ‘મૈં હૂં ના’માં જોવા મળ્યા હતા.

### સુડોકુ-૯૧૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | | ૬ | | ૧ | | ૯ | ૫ |
| | | ૬ | ૪ | | ૯ | ૨ | | |
| | ૧ | | | | | | ૩ | |
| ૧ | | | | ૫ | | | | ૯ |
| | | | ૧ | | ૭ | | | |
| ૬ | | | | ૪ | | | | ૨ |
| | ૪ | | | | | | ૨ | |
| | | ૭ | ૩ | | ૮ | ૯ | | |
| ૩ | ૬ | | ૭ | | ૪ | | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ |
| ૪ | ૮ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૪ | ૩ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૬ | ૭ | ૪ | ૨ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ | ૨ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

કરિયરમાં વૈવિધ્યપૂર્ણ રોલ કરનારા અસરાનીએ અમિતાભ બચ્ચન સાથે કઈ ફિલ્મમાં ગીત પણ ગાયું હતું એ કહી શકશો ?

અ) ચુપકે ચુપકે બ) આલાપ ક) મુકદ્દર કા સિકંદર ડ) જુર્માના

### નોંધી રાખો

પરિવર્તન સંસારનો સાર્વત્રિક નિયમ છે. હૃદયમાં પ્રણયના અંકુર ફૂટે ત્યારે દુનિયા હોય એથી વધુ સુંદર લાગે છે એ વાત નક્કી છે.

### માઈન્ડ ગેમ

૧૯૮૦ના દાયકામાં સતીશ શાહએ કઈ અવિસ્મરણીય ટીવી સિરિયલમાં કામ કર્યું હતું? શફી ઈનામદાર અને સ્વરૂપ સંપટ સાથી કલાકાર હતા.

અ) વરદાન બ) ફિલ્મી ચક્કર
ક) યે જો હૈ ઝિંદગી ડ) ઘર જમાઈ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बताशा | પતાસું |
| पुताई | સફાઈ |
| लडी | હારમાળા |
| फटाके | ફટાકડા |
| बांटना | વહેંચવું |

**ઓળખાણ પડી?** ગુણવંતરાય આચાર્ય

**માઈન્ડ ગેમ** નઝરાના

**ગુજરાત મોરી મોરી રે** અમીરબાઈ કર્ણાટકી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો** સંત જ્ઞાનેશ્વર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પપ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહતા (૧૩) વિપીન શાહ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજિતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) હિનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નિતીન જયંતીલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) હિંમત ખોલીયા (૪૬) ચેતના છેડા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** હીરો - મિથુન ચક્રવર્તી, સંગીત દિગ્દર્શક - બપ્પી લાહીરી. ૧) સ્મિતા પાટીલ, સલમા આગા, ૨) રણજિતા, ૩) આયેશા ઝુલકા, ૪) માધુરી દીક્ષિત, ૫) કાજલ કિરણ, ૬) કિમ, ૭) સ્મિતા પાટીલ, મંદાકિની

**ક્વિઝ (બ)** ૧) અંજાના - બબીતા, ૨) ગોરા ઔર કાલા - હેમા માલિની, ૩) તલાશ - શર્મિલા ટાગોર, ૪) ઘરાના - આશા પારેખ, ૫) ગુંજ ઉઠી શેહનાઈ - અમિતા, ૬) ધૂલ કા ફૂલ - માલા સિન્હા, ૭) આપ આયે બહાર આયી -સાધના

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

# સતીશ શાહ
## અલબેલો- આનંદી ને ઓલ-રાઉન્ડર અદાકાર





ફિલ્મ : જાને ભી દો યારો...



‘ફિલ્મી ચક્કર’ સિરિયલ



સતીશ શાહ-સંજય છેલઃ કૈસા ઉલ્લું બનાયા?

પહેલીવાર હું સતીશ શાહના બાંદ્રાનાં ઘરે ગયો ત્યારે ત્યાં રીતસરની ઝેડ સિક્યોરિટી! મારી સેકંડહેન્ડ કારને પોલીસ અને સ્નીફર શ્વાનોએ રોકી-તપાસી- જાતજાતના સવાલો પૂછ્યા. હું અવાક કે એક નેતાને ય ઈર્ષા આવે એવી એક અભિનેતાને આટલી બધી સિક્યોરિટી?

એ પછી સતીશે ઘરમાં ગંભીરતાથી સમજાવ્યું :

‘અમારા જેવા પોપ્યુલર એક્ટરોને દુબઈથી શો માટે કે કોઈ અંડરવર્લ્ડવાળાઓની ફિલ્મ માટે ધમકી આવે એટલે આવી સ્પેશિયલ સિક્યોરિટી તો મસ્ટ.’

ત્યારે બાબરી ઘટના બાદ મુંબઈ બૉમ્બબ્લાસ્ટ પછીનાં દિવસો હતા. એવામાં કોઈનો ફોન આવ્યો તો સતીશે શુદ્ધ મરાઠીમાં પોલીસ કમિશનર સાથે વાતો કરી. પછી મેં જતી વખતે જોયું તો સાંજે પોલીસની સંખ્યા ઓર વધેલી. સતીશ નીચે મૂકવા આવ્યો તો સૌ પોલીસવાળાઓએ હસીને સલામી આપી. હું ‘હાશ’ કરીને માંડ ગાડીમાં બેઠો ત્યારે સતીશે કહ્યુંઃ ‘(ગાળ) આ સ્પેશ્યલ સિક્યોરિટી મારી નથી...આ મારા ઘર સામે શિવસેનાપ્રમુખ બાળ ઠાકરે રહે છે, એમની છે! બનાયાના ઉલ્લુ?!’ ને પછી સતીશ ગામ ગજાવતું હસ્યો. એ ગામ ગજાવતું હાસ્ય થોડા જ દિવસો પહેલાં સ્મશાનના રાખોડી ધુમાડામાં ઊડી ગયું.

ગુજરાતી ગૌરવ એવા બહુમુખી પ્રતિભાવાળા સતીશ શાહે પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં અભિનયનો કોર્સ કરેલો પણ આર્ટ-સિનેમાનાં કલાકારો જેવી નકલી એક્ટિંગ કે ભારી અભિનય એણે ક્યારેય ના કર્યો. શરૂઆતમાં ‘શક્તિ’ જેવી ફિલ્મમાં સ્મિતા પાટિલની છેડતી કરતા લોકલ ટ્રેનના દ્રશ્યમાં ગુંડા તરીકે નાના સીનમાં દેખાતો, પણ ખરેખર તો શરૂઆતમાં એને ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટના મિત્રો સઇદ અને અઝીઝ મિર્ઝા કે કુંદન શાહે કામ આપેલું. ગર્ભશ્રીમંત સતીશ શાહ અને એની મરાઠી પત્ની મધુએ સંઘર્ષના દિવસોમાં આર્ટ ફિલ્મોમાં કોસ્ચ્યુમનું કે ટિફિન સપ્લાયનું કામ પણ કરેલું- પણ એય મિત્રભાવે.

‘અરવિંદ દેસાઇ કી અજીબ દાસ્તાં’, ‘આલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યોં આતા હૈ’ જેવી હડાહડ ગંભીર ફિલ્મમાં સતીશ પોતાની રીતે નાની ભૂમિકામાં ચમકી જતો. ‘મોહન જોશી હાજિર હો’માં કરપ્ટ વકીલ તરીકે નેગેટિવ રોલ પણ સુંદર રીતે ભજવેલો ને બહુ ઓછાને ખબર હશે કે દાદા કોંડકેની મરાઠી ફિલ્મોમાં પણ કામ કરેલું, કારણ કે મુંબઈનાં વિખ્યાત ‘ભારત છોડો આંદોલન ૧૯૪૨’વાળા ગોવાલિયા ટેંક વિસ્તારમાં ઉછરેલો એટલે પાક્કું મરાઠી અને ફાંકડું પારસી ગુજ્જુ આવડે.

સતીશ શાહ, રસ્તા પર ક્રિકેટ કે ગીલ્લી-ડંડા રમેલો મુંબઇકર હતો. ‘બાંદ્રાનો ટપોરી ખ્રિસ્તી’ હોય કે ‘મરાઠી શાકવાળો’ કે ‘બિહારી કૂલ્ફીવાળો’... સતીશ શાહ આબેહૂબ એ પાત્રમાં ઢળી જાય. વળી પત્ની મરાઠી એટલે ‘કોજાગિરી પૂર્ણિમા’(શરદ પૂનમ)ની પાર્ટીમાં મિત્રોને બોલાવતો. જોની લીવરને બોલાવી ખાસ રમૂજી આઇટમ સતીશ બનાવતો. માઇક પર કિશોર-રફીના મસ્ત ગીતો ગાતો, કારણ કે ગાયક પણ હતો. આખા બોલિવૂડમાં સતીશ એકમાત્ર સદાયે ઓલ રાઉન્ડર - આનંદી ને અદ્ભુત માણસ હતો.

સતીશ ખરેખરો સ્ટાર બન્યો આપણાં ગુજરાતી નિર્દેશક કુંદન શાહની યાદગાર કોમેડી ‘જાને ભી દો યારોં’માં. એક લીચડ- કરપ્ટ મ્યુનિસિપલ કમિશ્નર ડિમેલોના પાત્રથી, જેમાં લગભગ ૧ કલાક લાશ તરીકે લાજવાબ અભિનય કરેલો. આ ફિલ્મમાં સતીશ હતો તો લાશ પણ લાશની જેમ જેમ અલગ અલગ જગ્યામાં એને છુપાવવામાં તેમ તેમ સતીશના હાવભાવ સૂક્ષ્મ રીતે બદલાતા. ફિલ્મના ક્લાઇમેક્સમાં મહાભારતનો દ્રૌપદી વસ્ત્રહરણના મેડ સીનમાં સ્કેટિંગ શૂઝ પર આટલા પડછંદ સતીશને દ્રૌપદી બનાવવામાં આવે છે ને એની મોટીમોટી આંખોના હાવભાવ જોઈ લોકો ગાંડા થઈ ગયેલા.

સતીશ કહેતો, ‘ભારતની એકમાત્ર કલાત્મક આર્ટ ફિલ્મ ને પાછી હિટ કોમેડી ત્રણ ‘શાહ’ લોકોએ બનાવેલી. નસીરુદ્દીન- કુંદન ને સતીશ શાહ... જેમાંનાં બે ‘શાહ’ ગુજરાતી!’

સતીશ ગ્રાંટ રોડની ગુજરાતી મિડિયમની ન્યૂ એરા સ્કૂલમાં ભણેલો, જ્યાં નાટકોની ખૂબ કદર. સતીશ ઉપરાંત ત્યાંથી ‘જેઠાલાલ’ (દિલીપ જોશી), ‘ગુજ્જુભાઇ’ (સિદ્ધાર્થ રાંદેરિયા) જેવા અનેક કલાકારો નીકળ્યા, ગુજરાતી બાળનાટકોના નિર્દેશક નામદેવ લહૂટેના માર્ગદર્શનમાં, પણ કેટલાં ગુજરાતીને હરખ તો શું, ખબર પણ હશે કે સતીશ શાહ ગુજરાતી હતો? મુંબઈની રંગભૂમિની મહાન નાટ્યસંસ્થા ‘આઈ.એન.ટી.’ના પ્રણેતા દામુ ઝવેરીનો નજીકનો સંબંધી હતો, પણ સ્ટેજથી સતીશ ખૂબ બીતો.

૧૯૮૫માં કુંદન શાહની હિટ કોમેડી સિરિયલ ‘યે જો હૈ ઝિંદગી’માં દર અઠવાડિયે સતીશ નવા જ પાત્રોમાં દેખાય. ક્યારેક પારસી, ક્યારેક બિહારી, ક્યારેક ખ્રીસ્તી. ‘અપુન કા થર્ટી યર્સ કા એક્સપીરિયન્સ હૈ’ જે રીતે બંબૈયામાં બોલે કે સાઉથ ઇંડિયનના રોલમાં ‘જો દિખતા હૈ વો હોતા નહીં હૈ ઔર જો હોતા હૈ વો દિખતા નહી હૈ’ જેવા સતીશના ડાયલોગોએ એ વખતે આખા ભારતને ઘેલું કરી મૂકેલું.

એ પછી તો જીતેન્દ્ર, રાજેશ ખન્ના, અમિતાભ, શાહરુખ, સલમાન દરેક સ્ટારની ફિલ્મોમાં એ છવાઈ જતો. સલમાનની ‘હમ આપ કે હૈ કૌન’, શાહરુખની ‘દિલવાલે દુલ્હનિયા...’ જેવી અનેક સુપરહિટ ફિલ્મોમાં સતીશ હોય જ. ૧૯૯૪-૯૫માં મેં લખેલી ‘ફિલ્મી ચક્કર’થી એણે મને કોમેડી લખવાની હિંમત આપી ને સફળ બનાવ્યો. ‘ફિલ્મી ચક્કર’માં ફિલ્મો પાછળ પાગલ પરિવાર હતો ને એમાં સતીશ તો દેવ આનંદ, મેહમૂદ, અમિતાભ, રાજેશ ખન્ના વગેરેની આબેહૂબ સ્ટાઇલમાં અભિનય કરતો. અશોક પંડિત નિર્દેશિત એ શો સતત ૩ વર્ષ સુધી ભારતની પહેલી સેટેલાઇટ ચેનલ ‘ઝી’ પરનો પહેલો હિટ કોમેડી શો હતો. એમાં સતીશ તથા રત્ના પાઠકની જોડી. ગંભીર રત્ના વાતવાતમાં લોજિક પૂછે એટલે સતીશે રત્નાનું નામ ‘સલીમ લંગડા’, ‘બાબુ ચીકના’ જેવા નામોની જેમ ‘રત્ના લોજિક’ પાડેલું. એ સિરિયલમાં મેં ૪-૫ એપિસોડ ડિરેક્ટ પણ કરેલાં. શરૂઆતમાં મને ડિરેક્શનનો જે ડર લાગતો એ સતીશને લીધે દૂર થયો. સતીશ એકમાત્ર એવો અભિનેતા છે, જે સૌ સ્ટાર્સની ટીકા કરનાર નસીરુદ્દીન શાહને પણ ગમતો!

એ પછી તો એણે મેં લખેલી અનેક ફિલ્મો જેમ કે ‘ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની’, ‘ચલતે ચલતે’ વગેરેમાં સાથે કામ કર્યું. એ શાહરુખનો ને સૌનો મિત્ર-સૌનો લાડકો. ‘ફિલ્મી ચક્કર’ની યાદગાર જોડી ફરીથી ‘સારાભાઈ વિ. સારાભાઈ’માં ૨૦૦૪માં રીપિટ થઈ, જેમાં બહુ સંયમથી સતીશે ‘ઇન્દ્રવદન’ની ભૂમિકા ભજવેલી, માત્ર એને જ આજની પેઢીને જાણે છે. કમનસીબે કલાકારનું છેલ્લું સફળ કામ છાપ છોડતું હોય છે, પણ સતીશ તો ‘કભી હાં, કભી ના’માં ‘વો તો હે અલબેલા, હઝારોં મેં અકેલા’ ગાનારો વર્સેટાઇલ અલબેલો અદાકાર હતો.

‘ફિલ્મી ચક્કર’માં મેં એક એપિસોડ લખેલો ને નિર્દેશિત કરેલો , જેમાં એક એક્સિડન્ટને લીધે સતીશને સૌ મૃત માની બેસે છે. પછી સતીશ મોં છુપાડીને પોતાની જ ઠાઠડી ઊંચકે છે, પોતાની જ લાશ બળતી જુવે છે, પોતાના બેસણાંમાં રડતા રડતા કોમેડી કરે છે.

હમણાં સતીશના અગ્નિદાહમાં ગયો ત્યારે થયું કે કાશ, પેલા એપિસોડની જેમ મિત્રોના ખરખરા વચ્ચે ખરેખરો સતીશ પાછો આવીને અટ્ટહાસ્ય કરેઃ

‘દેખા? સબ કો ઉલ્લુ બનાયાના!?’

કાશ.... ■

---

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# રિષભ શેટ્ટી
## સફળતા અગાઉ ઘણો સંઘર્ષ પણ કર્યો છે આ કલાકારે...



સન ૨૦૨૫ની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મમાં ‘કાંતારા-ચેપ્ટર વન’નો સમાવેશ થયો છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં રૂ. ૮૦૦ કરોડ કરતાં વધુ કમાણી કરી લીધી છે.

‘કાંતારા’ સંસ્કૃત શબ્દ છે, એનો અર્થ છે : ‘રહસ્યમય ગાઢ જંગલ’.

આ ફિલ્મનો મુખ્ય કલાકાર રિષભ શેટ્ટી છે અને તેણે જ ફિલ્મનું દિગ્દર્શન અને લેખન પણ કર્યું છે. અત્યારે ચારે તરફ રિષભ રિષભ શેટ્ટીની વાહ-વાહ થઈ રહી છે. કન્નડ, તેલુગુ, તમિળ અને મલયાલમ ઉપરાંત હિન્દીમાં આવેલી આ ફિલ્મે રિષભ શેટ્ટીને એકદમ ટોચના સ્થાને બેસાડી દીધો છે,

પણ આ રિષભ શેટ્ટી ખૂબ જ સંઘર્ષ કરીને આ સ્થાન સુધી પહોંચ્યો છે. તેનું જીવન કોઈ ફિલ્મ કથાથી જરાય ઊતરતું નથી...

મોટેભાગે કન્નડ ફિલ્મોમાં અભિનય કરનારા રિષભ શેટ્ટીનું સાચું નામ પ્રશાંત શેટ્ટી છે અને કર્ણાટકના કેરળમાં સાત જુલાઈ ૧૯૮૩ના તેનો જન્મ થયો છે. તેણે શાળાનું શિક્ષણ કુંડાપુરામાં કર્યું છે અને બેંગલુરુની વિજયા કોલેજમાંથી તેણે બી.કોમ કર્યું છે. કોલેજનું શિક્ષણ પૂરું કર્યા પછી રિષભ શેટ્ટીએ ફિલ્મોમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો હતો.

કોલેજકાળ દરમિયાન પોતાના નાનકડા ગામમાં તે વાર-તહેવારે નાટકોમાં ભાગ લેતો હતો. ગ્રેજ્યુએટ થયા પછી તેણે પાણીની બોટલો વેચી છે, રિયલ એસ્ટેટમાં કામ કર્યું છે અને હોટેલમાં પણ નોકરી કરી છે. આ બધાની સાથે જ તેણે બેંગલોરમાં સરકારી ફિલ્મ એન્ડ ટી.વી. ઈન્સ્ટિટયુટમાંથી ફિલ્મ દિગ્દર્શનમાં ડિપ્લોમાં મેળવ્યો હતો.

એમ છતાંય તેનો સંઘર્ષ અહીં પૂરો થયો નહોતો. ફિલ્મ ઉદ્યોગમાં તે જાણીતાં ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શકને ત્યાં કામ કરતો હતો. ઘણી વાર તો ક્લેપ બોય કે સ્પોટ બોય પણ રહ્યો હતો. સ્પોટ બોય તરીકે તેણે ફિલ્મનાં કલાકારોને ચા પણ પીવડાવી છે. આ જ દરમિયાન તેની ઓળખાણ રક્ષિત શેટ્ટી સાથે થઈ અને એ બન્ને મિત્ર બની ગયા.

ક્લેપ બોય, સ્પોટ બોય તરીકે કામ કરતાં કરતાં તે સફળ નિર્માતા- દિગ્દર્શકનો સહાયક પણ બન્યો. ત્યાર પછી ૨૦૧૨ ‘ગુઘલક’ નામની ફિલ્મમાં તે વિલન બન્યો. પવનકુમાર કલ્યાણની ‘લુસિયા’માં તેણે પોલીસ અધિકારીની નાની ભૂમિકા ભજવી. ત્યાર પછી ૨૦૧૪માં આવેલી રક્ષિત શેટ્ટી દિગ્દર્શિત ફિલ્મમાં તેને અગત્યની ભૂમિકા મળી. બસ. ત્યાર પછી એને એક પછી એક ફિલ્મો મળવા લાગી અને ૨૦૧૯માં ‘બેલ બોટમ’ નામની ફિલ્મમાં તેને હીરોની ભૂમિકા મળી હતી. આ ફિલ્મથી તેનો સંઘર્ષ ખતમ થયો એમ કહી શકાય.

૨૦૨૨માં આવેલી બે ફિલ્મે તેનું જીવન પલટાવી નાખ્યું. આ બેમાંથી એક ફિલ્મ તો તેલુગુ ભાષાની હતી, અને પછી આવી ‘કાંતારા’. લોકવાયકા અને લોકવાર્તા પરથી બનેલી આ ફિલ્મે ૨૦૨૨માં ખૂબ જ કમાણી કરી. આ ફિલ્મમાં તેણે અભિનય ઉપરાંત દિગ્દર્શન પર પણ હાથ અજમાવ્યો અને આ ફિલ્મે તેને ટોચના દિગ્દર્શક અને હીરોમાં સ્થાન અપાવી દીધું. આ ફિલ્મ પહેલાં માત્ર કન્નડમાં જ રિલીઝ થઈ હતી. પણ ત્યાર પછી એને તમિળ, તેલુગુ, મલયાલમ અને હિન્દીમાં ડબ કરવામાં આવી અને એક અનોખો ઈતિહાસ સર્જાઈ ગયો...

‘કાંતારા’ની પ્રિકવલ સમાન ‘કાંતારા- ચેપ્ટર વન’ તો રિલીઝ થતાંની સાથે જ કમાણીમાં એક પછી એક વિક્રમ નોંધાવતી જ જાય છે. અત્યારે આ ફિલ્મ વિકી કૌશલની ‘છાવા’ ફિલ્મ કરતાંય કમાણીમાં આગળ નીકળી ગઈ છે.

---

## તા. ૧ થી ૭ નવેમ્બર ૨૦૨૫ સુધી...

**OTTનું હોટસ્પોટ**

મહિલા વર્લ્ડ કપની મેચ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. જિયો હોટસ્ટાર અને સ્પોર્ટસ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ ચાલી રહ્યું છે. બીજી સેમિ-ફાઈનલ ૩૦ ઓકટોબરે અને ફાઈનલ મેચ બીજી નવેમ્બરે ‘લાઈવ’ જોવા મળશે.

આ દરમિયાન ભારતીય પુરુષોની ટીમ અત્યારે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. વન-ડે સિરીઝ પછી હવે ટી-૨૦ મેચનો રોમાંચ જામ્યો છે. ટી-૨૦ની ત્રીજી મેચ બીજી નવેમ્બરે હોબાર્ટમ, ચોથી મેચ છ નવેમ્બરે ગોલ્ડ કોસ્ટમાં અને પાંચમી અને અંતિમ મેચ આઠ નવેમ્બરે- બ્રિસ્બેનમાં રમાશે, જેનું પ્રસારણ જિયો હોટસ્ટાર પર જોવા મળશે.

આવતા અઠવાડિયે નેટફિલક્સ- સોની લીવ - એમેઝોન પ્રાઈમ પર નવી નવી સિરીઝ જોવા મળશે. આ સિવાય ૩૧ ઓકટોબરે એટલે કે આજે રિષભ શેટ્ટીની ‘કાંતારા ચેપ્ટર-વન’ તેલુગુ, તમિળ, કન્નડ અને મલયાલમ ભાષામાં રજૂ થશે. હિન્દીમાં તે ક્યારે રજૂ થશે એ હજી સસ્પેન્સ છે.

* નેટફિલક્સઃ આ ઓટીટી પ્લેટફોર્મ પર સાતમી નવેમ્બરે માનવ કૌલ અભિનીત સુપરનેચરલ ડ્રામા મિસ્ટ્રી ‘બારામુલ્લા’ રજૂ થવાની છે. આ ફિલ્મમાં કાશ્મીરના દશ્યો ખૂબ સારી રીતે કંડારવામાં આવ્યા છે.

* સોની લીવઃ ચીલાચાલુ સિરિયલો અને શોની વચ્ચે હુમા કુરેશી અભિનીત ‘મહારાણી’ સીઝન ફોરનું પ્રસારણ સાતમી નવેમ્બરથી શરૂ થવાનું છે.

* એમેઝોન પ્રાઈમઃ આ લોકપ્રિય ઓટીટી પ્લેટફોર્મ પર સાતમી નવેમ્બરે ‘ધ વર્લ્ડ બિટવીન અસ’ની બીજી સીઝન શરૂ થઈ રહી છે. ■

---

**ક્વિક ફિલ્મી ક્વિઝ**
**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

**અહીં દર્શાવેલી દરેક ફિલ્મનો હીરો અને સંગીત દિગ્દર્શક એક જ છે... તો એ કોણ અને એ ફિલ્મની હીરોઈન કોણ?**

૧) કસમ પૈદા કરનેવાલે કી
૨) સુરક્ષા
૩) દલાલ
૪) પ્રેમ પ્રતિજ્ઞા
૫) વારદાત
૬) ડિસ્કો ડાન્સર
૭) ડાન્સ ડાન્સ




### ક્વિઝ (બ)

**રાજેન્દ્ર કુમારનાં આ ગીતો કઈ ફિલ્મના છે અને તેની હીરોઈન કોણ છે એ જાણો છો?**

૧) રીમ ઝિમ કે ગીત સાવન ગાયે હાયે ભીગી રાતો મેં...
૨) ધીરે ધીરે બોલ કોઈ સુન ના લે, સુન ના લે કોઈ સુન...
૩) આજ કો જૂનલી રાત માં ધરતી પર હૈ આસમાન...
૪) જબ સે તુમ્હે દેખા હૈ આંખો મેં તુમ્હી તુમ હો...
૫) જીવન મેં પિયા તેરા સાથ રહે હાથો મેં તેરે મેરા.
૬) તેરે પ્યાર કા આશરા ચાહતા હું વફા કર રહા હું
૭) મુજે તેરી મહોબ્બત કા સહારા મિલ ગયા હોતા..

**જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’**

# કેવડિયામાં પીએમ મોદીએ ₹ ૧૨૨૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું

## એકતાનગરમાં ઈ-બસોને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી, 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે બે દિવસીય ગુજરાત મુલાકાત દરમિયાન એકતા નગરમાં ₹ ૧૨૨૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી.

કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સામેલ થવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા હતા. વડોદરા એરપોર્ટ પર ઉતરાણ બાદ તેઓ હેલિકૉપ્ટર દ્વારા કેવડિયા જવાના હતા, પરંતુ હવામાનની પ્રતિકૂળતાને લીધે વડા પ્રધાન બાય રોડ કેવડિયા પહોંચ્યા હતા.

વડા પ્રધાને એકતાનગર અને રાજપીપલા વિસ્તાર માટે કુલ ₹ ૧૨૨૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. એકતાનગર વિસ્તારમાં પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે વડા પ્રધાને ઈ-બસોને લીલી ઝંડી બતાવી સેવામાં મૂકી હતી. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના ઐતિહાસિક અવસર નિમિત્તે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલને સમર્પિત સ્મારક સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું હતું. વડા પ્રધાન મોદી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ૩૧મી ઓક્ટોબરે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેમની આ મુલાકાત કેવડિયાને વિકાસની નવી દિશા આપવા સાથે દેશમાં રાષ્ટ્રીય એકતાના સંદેશને વધુ મજબૂત બનાવશે. વડા પ્રધાન મોદીની આ મુલાકાત નર્મદા જિલ્લાના વિકાસ માટે એક નવી સીમાચિહ્નરૂપ સાબિત થશે.

એકતા નગરમાં વડા પ્રધાન મોદીના હસ્તે પ્રવાસીઓની સુવિધા માટે નવી ૨૫ ઈ-બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમણે લીલી ઝંડી બતાવી આ બસોને પ્રસ્થાન કરાવી હતી. એકતા નગરમાં પહેલાથી જ ૩૦ ઈ-બસો દોડતી હતી, જેમાં ૨૫નો ઉમેરો થતા કુલ ૫૫ ઈ-બસો પ્રવાસીઓને સેવામા કાર્યરત રહેશે. નવી ઉમેરાયેલી ઈ-બસો ૯ મીટર લાંબી મિનિ એસી બસો છે, જે એક વખત ચાર્જ કર્યા પછી ૧૮૦ કિલોમીટર સુધી દોડી શકે છે. દરેક બસમાં બે ઇમર્જન્સી એક્ઝિટ બારીઓ સાથે દિવ્યાંગજનો માટે ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહિલાઓ માટે અલગથી ૪ પિન્ક બેઠક તૈયાર કરવામાં આવી છે, જેથી તેઓ સુરક્ષિત અને આરામદાયક રીતે મુસાફરી કરી શકે.

## આજે એકતાનગરમાં પ્રથમવાર દિલ્હીના ગણતંત્ર દિવસની તર્જ પર ટેબ્લો અને સશસ્ત્ર દળોની મુવિંગ પરેડ યોજાશે

અમદાવાદઃ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર રાષ્ટ્રની નજર ગુજરાતના એકતાનગર પર છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાનિધ્યમાં આ વર્ષે ૩૧ ઓક્ટોબર-રાષ્ટ્રીય એકતા દિવસનો સમારોહ એક ઐતિહાસિક અને ભવ્ય રૂપ ધારણ કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં આજે યોજાનાર આ ભવ્ય સમારોહ એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને ખરા અર્થમાં સાર્થક કરશે.

આ વર્ષની ઉજવણીનું સૌથી મોટું આકર્ષણ 'યુનિટી પરેડ' બનશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૯થી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી સતત એકતાનગર ખાતે કરવામાં આવી રહી છે. આ વર્ષે પ્રથમવાર દિલ્હીના ગણતંત્ર દિવસની પરેડની તર્જ પર યોજાનારી સશસ્ત્ર દળો અને પોલીસ ટુકડીઓની મુવિંગ પરેડ લોકોમાં અનેરું આકર્ષણ જમાવશે. શૌર્ય, શિસ્ત અને દેશભક્તિની ભાવનાથી ભરપૂર આ પરેડ રાષ્ટ્રની સંયુક્ત શક્તિની આછેરી ઝલક પ્રસ્તુત કરશે.

રાષ્ટ્રીય એકતા દિવસના આ ભવ્ય સમારોહમાં વધુ એક મહત્ત્વપૂર્ણ નવી પહેલ કરવામાં આવી છે. દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરી-ગણતંત્ર દિવસની થતી ભવ્ય ઉજવણીની તર્જ પર આ વર્ષે પ્રથમવાર એકતાનગર ખાતે પણ સશસ્ત્ર દળ અને વિવિધ રાજ્યો દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે. ■

## ગાંધીનગરમાં અસામાજિક તત્ત્વોએ સરદાર પટેલના બેનરો ફાડ્યાં, ઉમિયા પરિવારમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં અસામાજિક તત્ત્વોનાં કૃત્યો સામે ઉમિયા પરિવારના સભ્યોમાં વ્યાપક રોષ ફેલાયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી માટે શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલાં બેનરો ફીડી નાખવામાં આવ્યાં હોવાથી ઉમિયા પરિવાર અને સમુદાયના સભ્યોમાં વ્યાપક રોષ ફેલાયો હતો. આવાં અસામાજિક તત્ત્વો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે ઉમિયા પરિવારના સભ્યો કલેક્ટર કચેરીએ જઈને રજૂઆત કરી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે રાજ્યભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગરના કુડાસણ, રાયસણ, કોબા અને રહેજા જેવા વિસ્તારોમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણીના બેનરો લગાવવામાં આવ્યાં હતાં. જેમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની શુભેચ્છા પાઠવતાં લખાણો લખવામાં આવ્યાં હતાં, પરંતુ કેટલાક અસામાજિક તત્વોએ આ બેનરોને જાણી જોઈને ફાડી નાખ્યા હોવાથી વિવાદ સર્જાયો હતો. સરદારનાં બેનરો ફાડી નાખવાની જાણ થતાં ઉમિયા પરિવારના સભ્યો ભારે ગુસ્સે ભરાયા હતા.

ઉમિયા પરિવારના સભ્યોએ કલેક્ટર અને પોલીસને એક આવેદનપત્ર આપીને આ ઘટનાને ગંભીરતાથી લેવા વિનંતી કરી હતી. ઇરાદાપૂર્વક બેનરો ફાડીને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો પ્રયાસ થયો હોવાનો ઉમિયા પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો હતો. તેમ જ ઇરાદાપૂર્વક બેનરો ફાડનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. ■

## ગુજરાતને હજુ પણ માવઠાથી રાહત નહીં મળેઃ સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે ૧૮૬ તાલુકામાં કમોસમી વરસાદ

અમદાવાદઃ ગુજરાતમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો હોય તેમ છેલ્લા ચાર-પાંચ દિવસથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ત્રણ દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. અરબસાગરમાં ડીપ ડિપ્રેશન સક્રિય હોવાના કારણે હાલ રાજ્યમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. આગામી દિવસોમાં ભારે વરસાદની સાથે ૫૫થી ૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ભારે વરસાદ સાથે થન્ડર સ્ટ્રોમ એક્ટિવિટી રહેશે. આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી. આજે જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ભારે વરસાદ થઇ શકે છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, રાજ્યમાં સાંજે ૬ કલાક સુધીમાં ૧૮૬ તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ભાવનગરના મહુવામાં સૌથી વધુ ૩.૧૯ ઇંચ કમોસમી વરસાદ પડ્યો હતો. હાંસોટમાં ૨.૭૨ ઇંચ, તળાજામાં ૨.૫૬ ઇંચ, સુબીરમાં ૨.૩૨ ઇંચ, મહુવા (સુરત)માં ૨.૨૦ ઇંચ, ગાંધીનગરમાં ૨.૦૯ ઇંચ, કલોલમાં ૧.૬૫ ઇંચ, કડીમાં ૧.૬૧ ઇંચ, તલોદમાં ૧.૬૧ ઇંચ, દહેગામમાં ૧.૫૪ ઇંચ, પાલિતાણામાં ૧.૪૨ ઇંચ, ઓલપાડમાં ૧.૪૨ ઇંચ, સિહોરમાં ૧.૩૮ ઇંચ, પ્રાંતિજમાં ૧.૩૮ ઇંચ, હિંમતનગરમાં ૧.૩૪ ઇંચ કમોસમી વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, પાંચ તાલુકામાં બે ઇંચથી વધારે, ૧૮ તાલુકામાં એક ઇંચથી વધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. રાજ્યમાં માવઠાના કારણે ત્રીજા નંબરના સૌથી મોટા કડાણા ડેમના મેન દરવાજા ખોલી પાણી છોડવામાં આવ્યું હતું મહીસાગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદના પગલે કડાણા ડેમમાં નવા નીરની આવક નોંધાઈ હતી. મહેસાણા જિલ્લામાં અંધારું છવાતા ધોળે દિવસે હાઇવે ઉપર વાહનચાલકોએ લાઈટો ચાલુ કરી વાહન ચલાવવાની ફરજ પડી હતી. ગુજરાતમાં વરસી રહેલા કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે. ગુજરાતના ખેડૂતો બરબાદ થઇ ગયા છે, સૌરાષ્ટ્રથી લઇને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોના પાકનું ધોવાણ થયું છે. રાજ્યમાં મગફળી, કપાસ, ડાંગર સહિતના પાકોને નુકસાન થયું છે. ■

## રાજુલાની ધાતરવડી ડેમમાં ડૂબેલા ત્રણ સગાભાઈ સહિત તમામ યુવકના મૃતદેહ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ નજીક ધાતરવડી નદીમાં બે દિવસ પહેલા એક કરુણ ઘટના બની હતી. નાહવા અને માછલી પકડવા ગયેલા ત્રણ સગાભાઈ સહિત ચાર યુવકો ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ધોરણે યુવાનોની શોધખોળ શરૂ કરી હતી. સતત ત્રણ દિવસની ભારે જહેમત અને શોધખોળ બાદ ડૂબી ગયેલા ચારેય યુવાનોના મૃતદેહ મળી આવ્યા હતા.

અમરેલી ફાયર વિભાગની ટીમે ૨૯મી ઓક્ટોબરે ડૂબી ગયેલા ચાર યુવકોમાંથી મેરામ પરમાર અને પીન્ટુ વાઘેલાનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. જ્યારે ગુરુવારે સવારે કાના પરમાર નામના યુવકનો મૃતદેહ ઘટનાસ્થળથી આશરે પાંચ કિલોમીટર દૂર જૂની માંડવડી ગામ નજીકથી અને ચોથા યુવકનો મૃતદેહ ગુરુવારે બપોરે ધાતરવડી ડેમ પાસેના માડરડીથી જાપોદેરના પુલ નજીકની મળી આવ્યો હતો.

ડૂબી ગયેલા ચાર યુવાનોમાંથી ત્રણ યુવકો સગા ભાઈઓ હતા, જેના કારણે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ફાયર વિભાગની ટીમે ત્રણ મૃતદેહો શોધી કાઢ્યા હતા, જ્યારે એક મૃતદેહ શોધવામાં એનડીઆરએફની ટીમે પણ મદદ કરી હતી.

આ કરુણ બનાવને પગલે વિસ્તારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, યુવકોને તરતા આવડતું હતું, જોકે પાણીમાં વમળ સર્જાયું હતું, જેને કારણે તેઓ નદીમાં પ્રવાહમાંથી બહાર નીકળી શક્યા ન હતા અને ડૂબ્યા હતા. ■

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'આઇકોનિક રોડ્સ' પ્રોજેક્ટને ગ્રહણઃ ₹૪૦૫ કરોડના કામમાંથી માત્ર ૧૫ ટકા જ થયું કામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાત રસ્તાઓને આઇકોનિક રોડ્સ તરીકે વિકસાવવાના પ્રસ્તાવને મંજૂરી મળ્યાના એક વર્ષ વીતી ગયું હોવા છતાં કામ ગોકળ ગતિએ ચાલી રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં આશ્રમ રોડ, જજીસ બંગલો રોડ, આનંદનગર રોડને ₹૪૦૫ કરોડના ખર્ચે આઇકોનિક રોડ્સ તરીકે ડેવલપ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે એક વર્ષ વીતવા છતાં માત્ર ૧૦ થી ૧૫ ટકા જેટલું જ કામ થયું છે. આ પ્રોજેક્ટનો હેતુ શહેરના મુખ્ય રસ્તાઓને શ્રેષ્ઠ ડિઝાઇન, લેન્ડસ્કેપિંગ અને ઓન-સ્ટ્રીટ પાર્કિંગની સુવિધા સાથે નવો લુક આપવાનો હતો. આ પ્રોજેક્ટ અઢી વર્ષમાં પૂર્ણ કરવાનો ટાર્ગેટ હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટરને વારંવાર નોટિસ અને બ્લેકલિસ્ટ કરવાની ચેતવણી આપવા છતાં કામમાં ખાસ પ્રગતિ થઈ નથી.

આ અંગે સૂત્રોએ જણાવ્યું કે, અંદાજિત ખર્ચ ₹૩૫૦ કરોડ હતો, જેની સામે ₹૪૦૫ કરોડનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું. તેમ છતાં, એક વર્ષ પછી પણ આશ્રમ રોડ, આનંદનગર રોડ, એરપોર્ટ રોડ અને વિસત રોડ પર નહિવત્ કામ થયું છે. ઇસ્કોનથી પકવાન જંકશન સુધીના સર્વિસ રોડ પર પણ માત્ર એક જ તરફ કામ પૂર્ણ થયું છે. હાલની ગતિ જોતાં, કોન્ટ્રાક્ટ અવધિમાં પ્રોજેક્ટ પૂરો થાય તે અસંભવ લાગે છે.

એએમસીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ૨૦.૬ કિમી.ના વિસ્તારમાં ફેલાયેલો છે, જેનો અંદાજિત ખર્ચ પ્રતિ કિલોમીટર ₹૧૯.૬૬ કરોડ છે, જે તેને શહેરના ઇતિહાસના સૌથી મોંઘા રોડ પ્રોજેક્ટ્સમાંથી એક બનાવે છે. આશ્રમ રોડનો સ્ટ્રેચ 'હેરિટેજ પાથવે' થીમ પર વિકસાવવાનો છે, જ્યારે કલ્યાણ જ્વેલર્સ-થી-એસજી હાઇવે સ્ટ્રેચમાં 'ઓલિમ્પિક' થીમ અપનાવવામાં આવશે. તમામ આઇકોનિક રોડ્સ પર પેઇડ પાર્કિંગ સુવિધાઓ સાથે ઓન-સ્ટ્રીટ પાર્કિંગનું પણ આયોજન છે.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું, છેલ્લા દાયકામાં, એએમસીએ આરસીસીથી લઈને વ્હાઇટ-ટોપિંગ સુધીના અનેક રોડ ડેવલપમેન્ટ મોડલ્સ સાથે પ્રયોગો કર્યા છે - પરંતુ તેમાંથી કોઈ પણ આઇકોનિક રોડ્સ જેટલા મોંઘા નથી. કોર્પોરેશન પહેલાથી જ દર વર્ષે રોડ રિસર્ફેસિંગ પાછળ ₹૫૦૦ કરોડથી વધુ ખર્ચ કરે છે, જેમાં પ્રોજેક્ટનો ખર્ચ પ્રતિ કિમી. ₹૨ કરોડ સુધીનો હોય છે. વ્હાઇટ-ટોપિંગ રોડ્સનો સરેરાશ ખર્ચ પ્રતિ કિમી ₹૧૮.૭૫ કરોડ છે, જ્યારે ૨૦૨૦માં સીજી રોડના રિડેવલપમેન્ટનો ખર્ચ પ્રતિ કિમી. ₹૯.૫ કરોડ હતો. તેમ છતાં, આ વખતે વધુ ખર્ચ કરવા છતાં કામની પ્રગતિ નબળી રહી છે.

આઇકોનિક રોડ્સ પ્રોજેક્ટ કાર્યક્ષમતા અને સૌંદર્યલક્ષી બંનેને વધારવા માટે અનેક ડિઝાઇન અને નાગરિક સુવિધાઓ સાથે આયોજિત કરવામાં આવ્યો હતો. ઓળખાયેલા દરેક સ્ટ્રેચમાં, હાલના રોડની પહોળાઈના આધારે, ત્રણ લેન હશે. તમામ રસ્તાઓ પર ૧ થી ૧.૫ મીટર પહોળો સેન્ટ્રલ મીડિયન બનાવવામાં આવશે, જેમાં વોક-વે અને પ્લાન્ટેશન હશે. રાહદારીઓ માટે સુરક્ષિત માર્ગ પૂરો પાડવા માટે બંને બાજુએ બેથી ત્રણ મીટરના ફૂટપાથ વિકસાવવામાં આવશે.

વધુમાં, પ્રોજેક્ટમાં વેન્ડિંગ ઝોન, બેન્ચ, વોકિંગ ટ્રેક, શિલ્પો અને બાળકોના રમતના વિસ્તારો જેવી સુવિધાઓથી સજ્જ બફર ઝોનનો વિકાસ પણ સામેલ છે. એએમસી દ્વારા સુસંગત અને સુવ્યવસ્થિત શહેરી ડિઝાઇન સુનિશ્ચિત કરવા માટે તમામ આઇકોનિક રોડ્સ પર એકરૂપ સાઇનેજ બોર્ડ સ્થાપિત કરવાની પણ યોજના છે. ■

## ગુજરાત કૉંગ્રેસમાં આંતરિક કલહઃ ચાવડા-ગોહિલે અલગ સ્નેહમિલન યોજ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કોંગ્રેસનો ફરી આંતરિક કલેહ સામે આવ્યો હતો. વર્તમાન પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે અલગ અલગ તારીખે 'સ્નેહમિલન' કાર્યક્રમોનું આયોજન કરતાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા હતા. આ બંને નેતાઓએ કોંગ્રેસ કાર્યાલય ખાતે જ જુદા-જુદા કાર્યક્રમો યોજતા, પક્ષ ફરીથી બે જૂથમાં વહેંચાયેલો જોવા મળ્યો હતો.

વર્તમાન પ્રમુખ અમિત ચાવડાએ ૨૫મી તારીખે શનિવારે કોંગ્રેસ કાર્યાલયમાં તેમના સમર્થકો સાથે સ્નેહમિલન યોજ્યું હતું. બાદમાં ભૂતપૂર્વ પ્રમુખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે ૨૯મી તારીખે કોંગ્રેસ કાર્યાલયમાં તેમના સમર્થકો માટે સ્નેહમિલન યોજ્યું હતું. બંને નેતાઓ દ્વારા આયોજિત આ અલગ-અલગ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સમર્થકોએ હાજરી આપી હતી.

આ ઘટનાથી ગુજરાત કોંગ્રેસમાં સંગઠનાત્મક સ્તરે જૂથવાદ યથાવત્ હોવાનું અને પક્ષમાં એકતાનો સંપૂર્ણ અભાવ હોવાનું સામે આવ્યું હતું. એક જ વ્યક્તિ પ્રમુખ હોવા છતાં પાર્ટી મુખ્યાલયમાં બે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન રાજ્યમાં વિપક્ષની સ્થિતિને વધુ નબળી બનાવી શકે છે. ■

## આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં યુનિટી માર્ચને પ્રસ્થાન કરાવશે

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'સરદાર ૧૫૦ યુનિટી માર્ચ'નું પ્રસ્થાન કરાવશે. 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક ભારત, આત્મનિર્ભર ભારત'ના સંદેશને વધુ મજબૂત કરવા આ યુનિટી માર્ચનું આયોજન કરાયું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી સવારે ૭.૩૦ વાગ્યે યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવશે. આ યુનિટી માર્ચ નારણપુરા સરદાર પટેલ કોલોનીથી શરૂ થઈ સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, સી.જી. રોડ થઈને આશ્રમ રોડ પરની મહાત્મા ગાંધીજીની પ્રતિમા ખાતે પૂર્ણ થશે. આ યુનિટી માર્ચમાં મેયર પ્રતિભાબેન જૈન, પ્રધાન દર્શનાબેન વાઘેલા, સાંસદો, ધારાસભ્યો, ડેપ્યુટી મેયર, મ્યુનિસિપલ કમિશનર સહિતના પદાધિકારીઓ હાજર રહેશે. ■

## અમદાવાદમાં સોલા પોલીસે ભાડાનાં મકાનોમાં રહેતાં ૧૭ બાંગ્લાદેશી ઘૂસણખોરની ધરપકડ કરી

અમદાવાદઃ ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરિકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં પણ આવા વિદેશી નાગરિકોને શોધીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. અમદાવાદ, સુરત સહિત અનેક શહેરમાં દરોડા પાડીને શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે સોલા વિસ્તારમાંથી ગેરકાયદે વસવાટ કરતા કુલ ૧૭ બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. સોલા પોલીસે ભાડાનાં મકાનોમાં રહેતાં ૧૭ બાંગ્લાદેશી ઘૂસણખોરની અટકાયત કરી હતી. બાતમીના આધારે પોલીસ દ્વારા તમામ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ૧૭ લોકોમાં મોટાભાગે મહિલાઓ હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ તમામ વિદેશી નાગરિકો કોઈપણ પ્રકારના કાયદેસર દસ્તાવેજો અથવા મંજૂરી વિના ભારતમાં રહેતા હતા. જેથી પોલીસે દેશની સુરક્ષા અને કાયદાનું ઉલ્લંઘન કરનારાં તત્ત્વો સામે કડક વલણ અપનાવ્યું હતું.

પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આ તમામ ઘૂસણખોર બાંગ્લાદેશીઓ સાથે વિગતવાર પૂછપરછ કરવામાં આવશે. પૂછપરછ કર્યા બાદ તેમને સરદારનગર જેએફસી સેન્ટર ખાતે મોકલવામાં આવ્યાં હતા. આ કેન્દ્રમાં તેમની આગળની કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને તેમના મૂળ દેશમાં પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, ગેરકાયદેસર ઘૂસણખોરોને પકડી પાડવાની આ ઝુંબેશથી અન્ય ગેરકાયદેસર વસાહતીઓમાં ફફડાટ ફેલાયો હતો. ■

## અમદાવાદમાં 'મિસરી' ફિલ્મી કલાકારોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી ફિલ્મ મિસરીના કલાકારો અમદાવાદના રસ્તાઓ પર ટ્રાફિક નિયમોના ખુલ્લેઆમ ધજાગરા કરતા જોવા મળ્યા હતા. જેને લઈને પોલીસ જાતે ફરિયાદી બની હતી. જેની કાર્યવાહીના ભાગરૂપે ફિલ્મી કલાકારોએ પોતાની ભૂલ કબૂલતા માફી પણ માગી હતી.

અમદાવાદ ટ્રાફિક પોલીસે ''મસરી' ફિલ્મના કલાકારોનો આફટર અને બીફોરનો વીડિયો પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો હતો.અમદાવાદ ટ્રાફિક પોલીસે શેર કરેલા વીડિયોમાં અભિનેતા ટિકુ તલસાણિયા, પ્રેમ ગઢવી અને જેસલ જાડેજા નજરે પડ્યા હતા. જેમાં ટિકુ તલસાણિયાએ પોતાની ભૂલ કબૂલતા કહ્યું હતું કે, અમારા લીધે રસ્તામાં લોકોને અડચણો થઈ, ટાઈમસર ન પહોંચી શક્યા અને જે કંઈ પણ થયું એ બદલ એમે દિલગીર છીએ. સાથોસાથ જેસલ જાડેજાએ પણ કહ્યું હતું કે, આવા સ્ટંટ ન કરવા જોઈએ. નોર્મલ રીતે રાઈડ કરવું. પોતાની અને બીજાની જિંદગી સલામત રાખવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતી ફિલ્મ 'મિસરી'ના પ્રમોશન દરમિયાન કેટલાક કલાકારો દ્વારા બાઈક પર જીવના જોખમે સ્ટંટબાજી કરવામાં આવતી હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો. વીડિયોમાં અભિનેતા ટીકુ તલસાણિયા, પ્રેમ ગઢવી અને અભિનેત્રી માનસી પારેખ સહિત અન્ય કલાકારો સ્ટંટ કરતા જોવા મળ્યા હતા. જેને લઈને અમદાવાદની એ-ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. વાઇરલ વીડિયોને લઈને પોલીસે જણાવ્યું હતું કે, સ્ટંટ માટે કોઈ પ્રકારની પરવાનગી લેવામાં આવી નહોતી. ■

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ ગેરકાયદે ઊભી કરાઈ હોવાનો તપાસમાં ઘટસ્ફોટ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧૯ ઑગસ્ટે ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલના ધોરણ ૧૦ના વિદ્યાર્થીની તેની જ સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ ઘટના રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી. આ ઘટના બાદ સ્કૂલને લઈ ડીઇઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસમાં એવો ઘટસ્ફોટ થયો હતો કે, સ્કૂલ ગેરકાયદે ઊભી કરવામાં આવી છે, જેથી હવે આ સ્કૂલને સરકાર હસ્તક લઈ લેવા માટે શિક્ષણ વિભાગને પત્ર લખવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આ શાળામાં કુલ ૧૦ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેથી તેમના ભવિષ્યને ધ્યાને રાખતા આગામી દિવસોમાં સરકાર આ સ્કૂલને પોતાના હસ્તક લેશે તેવું લાગી રહ્યું છે. આ સાથે સ્કૂલ વિરૂદ્ધ કાર્યવાહી પણ કરવામાં આવશે તેવી ડીઇઓએ જણાવ્યું હતું. શાળાના સંચાલકોએ માત્ર રૂપિયા માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે છેતરપિંડી કરી હોવાથી તેમના સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માગણીઓ પણ કરવામાં આવી હતી. ■

## હુડા વિરુદ્ધ હિંમતનગરમાં ખેડૂતોનું મહાસંમેલન યોજાયું, ૧૮ ગામનાં લોકો એકઠા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (હુડા)માં હિંમતનગર આસપાસના ૧૧ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના કારણે ૧૧ ગ્રામપંચાયતનાં ૧૮ ગામના લોકો વિરોધ દ્વારા કેટલાય સમયથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ વિરોધને લઈને હિંમતનગરમાં નેશનલ હાઈવે ૪૮ પર આવેલા કાંકરોલ પાસે ખેડૂતોનું એક મહાસંમેલન યોજાયું હતું. જેમાં ૧૮ ગામના ખેડૂતો તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં હુડા રદ કરવાની માગ સાથે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ સંમેલન દરમિયાન ખેડૂતોએ નેતાઓ અને વિધાનસભાનો ઘેરાવો કરીને ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી. હિંમતનગરના ખેડૂતોનો વિરોધ શહેરી વિકાસના વિરુદ્ધમાં નહીં, પરંતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ આવતી ટાઉન પ્લાનિંગ સ્કીમની જોગવાઈઓ સામે આ વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ખેડૂતોની આજીવિકા મુખ્યત્વે ખેતીવાડી અને પશુપાલન પર નભે છે. જો ખેડૂતોની ૪૦ ટકા જમીન કપાત જાય તો બાકીની ૬૦ ટકા જમીનમાં તેમનો જીવનનિર્વાહ કરવો મુશ્કેલ બનશે તેવું ખેડૂતોએ જણાવ્યું હતું. હિંમતનગરમાં મોટાભાગના લોકોનું જીવન જમીન પર નિર્ભર હોવાથી આ જોગવાઈનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. છેલ્લા એક મહિનામાં ખેડૂતોએ હિંમતનગરમાં ચાર મોટા સંમેલન યોજાઈ ચૂક્યાં છે. ખેડૂતોએ નેતાઓને ચીમકી આપતા જણાવ્યું હતું કે, અમે ખેડૂત ખાતેદાર છીએ, જો હુડા રદ નહીં થાય તો આવનારી ચૂંટણી અમે જ તમને હરાવવા નીકળી જઈશું. ■

# જેમિમાની લડાયક ઈનિંગ્સથી જયજયકારઃ ભારત ફાઈનલમાં, ઑસ્ટ્રેલિયા આઉટ

નવી મુંબઈઃ ભારતે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ગુરુવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાને દિલધડક સેમિ ફાઇનલમાં પાંચ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મુંબઈની જેમિમા રૉડ્રિગ્સ (૧૨૭ અણનમ, ૧૩૪ બૉલ, ૧૯૩ મિનિટ, ૧૪ ફોર) આ હાઈ-પ્રોફાઇલ અને હાઇ-સ્કોરિંગ મુકાબલાની સુપરસ્ટાર હતી. ભારતે ૩૩૯ રનનો લક્ષ્યાંક ૪૮.૩ ઓવરમાં ૫/૩૪૧ના સ્કોર સાથે (નવ બૉલ બાકી રાખીને) મેળવી લીધો હતો.

મૅચની અંતિમ પળોમાં ઑસ્ટ્રેલિયાની ફીલ્ડર્સે છોડેલા કૅચ આ મુકાબલાના ટર્નિંગ પૉઇન્ટ હતા. ગયા વખતની ચૅમ્પિયન ટીમે સ્મૃતિ મંધાના અને હરમનપ્રીતને ટાર્ગેટ બનાવવાના મનસૂબા સાથે આ મૅચમાં રમવાનું શરૂ કર્યું હશે, પરંતુ જેમિમા તેમને સૌથી વધુ ભારે પડી. જેમિમાએ એક પછી એક જોડીદાર સાથે મળીને ખૂબ જ સમજદારીપૂર્વકના વ્યૂહ સાથે ભારતને અવિસ્મરણીય વિજય અપાવ્યો હતો.

અગાઉ બે વાર ફાઇનલમાં પહોંચીને ટ્રોફીથી વંચિત રહેલા ભારતને આ વખતે પહેલી જ વખત વર્લ્ડ કપની ટ્રોફી જીતવાની સુવર્ણ તક છે. ભારતે ૩૩૯ રનનો તોતિંગ લક્ષ્યાંક મહામહેનતે મેળવી જ લીધો હતો.

જેમિમાએ હરમન સાથેની ૧૬૭ રનની પાર્ટનરશિપ ઉપરાંત મંધાના સાથે ૪૬ રનની, દીપ્તિ શર્મા સાથે ૩૮ રનની, રિચા ઘોષ સાથે ૪૬ રનની પાર્ટનરશિપ અને છેલ્લે અમનજોત કૌર સાથે ૩૧ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

જેમિમાએ ૧૧૫ બૉલમાં દસ ફોરની મદદથી ૧૦૦ રન પૂરા કર્યા હતા. કૅપ્ટન હરમનપ્રીત કૌર ૮૯ રન કરીને આઉટ થઈ હતી. દીપ્તિ શર્મા ૨૪ રનનું બહુમૂલ્ય યોગદાન આપીને વિકેટ ગુમાવી બેઠી હતી. જોકે પછીથી રિચા ઘોષ, દીપ્તિ અને અમનજોત કૌરે જેમિમાને સાથ આપીને ભારતને વિજય અપાવવામાં યોગદાન આપ્યા હતા.

રવિવારે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ફાઇનલમાં ભારતનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે થશે. ■







# જય શાહ મળ્યા ઑલિમ્પિક્સનાં પ્રમુખને, ક્રિકેટ વિશે ભરપૂર ચર્ચા કરી

ઝુરિકઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના ચૅરમૅન જય શાહ સ્વિટ્ઝરલૅન્ડમાં ઑલિમ્પિક ગેમ્સનું સંચાલન કરનાર ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)નાં પ્રમુખ કિર્સ્ટી કૉવેન્ટ્રીને આ અઠવાડિયાની શરૂઆતમાં મળ્યા હતા અને તેમની સાથે ક્રિકેટ બાબતમાં ભરપૂર ચર્ચા કરી હતી. ખાસ કરીને, ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સથી ક્રિકેટના આ સૌથી મોટા રમતોત્સવમાં થનારાં પુનરાગમન બાબતમાં તેમણે એકમેકના વિચારો વ્યક્ત કર્યા હતા.

ક્રિકેટ સૌથી પહેલાં અને છેલ્લે ૧૯૦૦ની ઑલિમ્પિક્સમાં રમાઈ હતી અને ત્યાર પછી ક્રિકેટની મહાન રમતને અવગણવામાં આવી હતી. જોકે ૧૨૮ વર્ષ બાદ હવે (૨૦૨૮માં) ક્રિકેટની રમત ઑલિમ્પિક ગેમ્સમાં કમબૅક કરી રહી છે. ૧૯૦૦ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ક્રિકેટની માત્ર એક મૅચ રમાઈ હતી અને ત્યાર બાદ ૨૦૦ જેટલા દેશોના પ્રતિનિધિત્વ સાથે રમાતા આ રમતોત્સવમાંથી ક્રિકેટની રમતને અદૃશ્ય કરી નાખવામાં આવી હતી.

જય શાહ આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયામાં પણ કૉવેન્ટ્રીને મળ્યા હતા અને ત્યારે પણ ઑલિમ્પિક્સમાં ક્રિકેટના કમબૅક વિશે તેમણે ઘણી ચર્ચા કરી હતી.

જય શાહે એક્સ પર પોતાના હૅન્ડલ પર લખ્યું છે,



'આઇઓસીનાં પ્રમુખ કિર્સ્ટી કૉવેન્ટ્રીને મળીને ખૂબ આનંદ થયો. અમે લૉસ ઍન્જલસની ૨૦૨૮ની ઑલિમ્પિક્સથી ક્રિકેટના આ રમતમાં થનારા કમબૅક બાબતમાં ખૂબ રસપ્રદ ચર્ચા કરી. આ દિશામાં જે પ્રગતિ થઈ છે એની પણ અમે વાતો કરી હતી. અમે બન્ને એક વાત પર સંમત હતા કે ઑલિમ્પિક્સના વિકાસમાં ક્રિકેટની મહાન રમત ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવશે.'

લૉસ ઍન્જલસમાં ૨૦૨૮ની જે ઑલિમ્પિક ગેમ્સ યોજાશે એમાં પુરુષ અને મહિલા, બન્ને વર્ગમાં છ-છ ટીમની ટૂર્નામેન્ટ રમાશે. બન્ને વર્ગમાં યજમાન અમેરિકાની ટીમને આપોઆપ પ્રવેશ મળશે. ■

# ઑસ્ટ્રેલિયામાં ટીનેજ ક્રિકેટરનું ગરદન પર બૉલ વાગવાથી મૃત્યુ

## ભારત અને ઑસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટરો હાથ પર કાળી પટ્ટી પહેરીને રમી

નવી મુંબઈઃ ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે મહિલા વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં બન્ને ટીમની ખેલાડીઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમી હતી અને એનું કારણ એ હતું કે તેમણે મંગળવારે મેલબર્નમાં રમતી વખતે ગરદન પર બૉલ વાગવાને પગલે મૃત્યુ પામેલા ૧૭ વર્ષની ઉંમરના બેન ઑસ્ટિનને અંજલિ આપવા હાથ પર કાળી પટ્ટી પહેરી હતી.







### ટીનેજર ઑસ્ટિનનું મૃત્યુ કેવી રીતે થયું?

ટીનેજર બેન ઑસ્ટિનને મેલબર્નમાં મંગળવારે સાંજે પાંચ વાગ્યે ફર્નટ્રી ગલી ક્રિકેટ ક્લબના પ્રૅક્ટિસ સેશન દરમ્યાન ગરદનમાં બૉલ વાગ્યો હતો. તેણે હેલ્મેટ પહેરી હતી, પણ ગરદનના રક્ષણ માટે નેક ગાર્ડનો ઉપયોગ નહોતો કર્યો. વૅન્ગર તરીકે ઓળખાતા બૉલ-થ્રોઇંગ ડિવાઇસની મદદથી ફેંકવામાં આવેલો એક બૉલ તેને ગરદન પર વાગ્યો હતો. આ પ્રકારના ડિવાઇસમાં બોલર હાથમાં બૉલ-લૉન્ચર પકડે છે અને એમાં ગોઠવેલો બૉલ બૅટ્સમૅન તરફ ફેંકે છે. બેનની તાબડતોબ તબીબી સારવાર શરૂ કરવામાં આવી હતી. તરત જ તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યો હતો. ઘણી વાર સુધી તે વેન્ટિલેટર પર હતો, પરંતુ ગરદનમાં તથા માથાની નજીકના ભાગમાં ઈજા એટલી બધી ગંભીર હતી કે મોડી સાંજે તેણે છેલ્લો શ્વાસ લીધો હતો. તે આ તાલીમ લીધા બાદ એક ટી-૨૦ મૅચમાં રમવાનો હતો. તેના સાથી ખેલાડીઓની નજર સામે તેને આ ઈજા થઈ હતી અને તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.

ફર્નટ્રી ગલી ક્રિકેટ ક્લબના સત્તાધીશોએ બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું, 'બેન ઑસ્ટિન બહુ જ સારો ખેલાડી હતો. તે સારો લીડર પણ હતો અને મિત્રતાની ભાવનાવાળો હતો. અમને બેનની ખોટ હંમેશાં વર્તાશે.'

ટ્રૅજેડીએ અમારો દીકરો છીનવી લીધોઃ ઑસ્ટિનના પિતા

૧૭ વર્ષીય બેન ઑસ્ટિનના પિતા જેસ ઑસ્ટિને બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું, 'અમારા બ્યૂટિફુલ પુત્ર બેનના મૃત્યુથી અમે સૌ સ્તબ્ધ છીએ. આ ટ્રૅજેડીએ અમારો વહાલસોયો દીકરો છીનવી લીધો. ટ્રેસી (મારી પત્ની) અને અમારા ત્રણેય બાળકોમાં બેન બધાને ખૂબ પ્રિય હતો. અમારા પરિવાર અને મિત્રોમાં બેન એક ઝળહળતો સિતારો હતો. અમે એક વાત હંમેશાં યાદ રાખીશું કે અમારા પ્રિય બેને સાથીઓની વચ્ચે પોતાની મનપસંદ રમત રમતી વખતે આ દુનિયામાંથી વિદાય લીધી. તેને ક્રિકેટની રમત ખૂબ ગમતી હતી અને જીવનમાં એ રમત તેને ખૂબ આનંદ અપાવતી હતી. જે બોલરે મારા દીકરાને બૉલ-લૉન્ચરની મદદથી બૉલ ફેંક્યો હતો તેની સામે અમને કોઈ જ ફરિયાદ નથી. હકીકતમાં આ ટ્રૅજેડીએ બે યુવાન ખેલાડીઓને અસર કરી જેમાંથી એક મારો દીકરો જે મૃત્યુ પામ્યો અને બીજાને માનસિક આઘાત પહોંચ્યો. એ બોલર અને તેના પરિવાર પ્રત્યે અમને ખૂબ સહાનુભૂતિ છે.'

### ફિલ હ્યુઝની જીવલેણ ઘટના પછી બીજો બનાવ

૨૦૧૪માં ઑસ્ટ્રેલિયાના જાણીતા ઓપનિંગ બૅટ્સમૅન ફિલ હ્યુઝને શેફીલ્ડ શીલ્ડ ટૂર્નામેન્ટની સિડનીની એક મૅચમાં બૅટિંગ દરમ્યાન (કાન નજીક) માથા પર બૉલ વાગતાં તાબડતોબ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પચીસ વર્ષનો હ્યુઝ બે દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝઝૂમ્યો હતો અને છેવટે તેનું મૃત્યુ થયું હતું. ■

# કેકેઆરની વાત ઉડી એટલે એમઆઇએ રોહિત વિશે 'ખુલાસો' કરવો પડ્યો, 'મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ'

મુંબઈઃ આઇપીએલની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) ટીમનો સહ-માલિક અને કિંગ ખાન તરીકે જાણીતો શાહરુખ ખાન રવિવાર, બીજી નવેમ્બરે બર્થ-ડે ઉજવશે, પરંતુ એ પહેલાં તેને ઉદાસ કરી મૂકે એવું કંઈક બન્યું છે. ખેલાડીઓની હરાજીની આગામી ઇવેન્ટ પહેલાં એક એવી અટકળ ઉડી છે જેના પર મુંબઈ ઇન્ડિયન્સે ઠંડું પાણી રેડી દીધું છે.

ભારતનો બૅટિંગ-લેજન્ડ અને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ને પાંચ ટાઇટલ અપાવનાર રોહિત શર્મા હવે આ જ ટીમ (એમઆઇ) સાથે જ રહેશે કે અન્ય કોઈ ટીમમાં જતો રહેશે એ વિશે સોશ્યલ મીડિયામાં અફવાઓ ચાલી રહી છે. કહેવાય છે કે રોહિત કેકેઆરમાં જતો રહેવાનો છે. જોકે આ માત્ર અટકળ છે.

### રોહિતને પચીસ કરોડની ઑફરની અફવા

રોહિતનો નજીકનો મિત્ર અને ભૂતપૂર્વ ક્રિકેટર અભિષેક નાયર કેકેઆરના હેડ-કોચ તરીકે નિયુક્ત થયો એને પગલે રોહિત વિશેની કેકેઆરને લગતી અફવા ઉગ્ર બની છે. કેટલાક અહેવાલોમાં તો ત્યાં સુધી જણાવાયું છે કે શાહરુખ ખાનના કેકેઆર ફ્રૅન્ચાઇઝીએ રોહિત શર્માને પોતાનામાં જોડાઈ જવા પચીસ કરોડ રૂપિયા ઑફર કર્યા છે. જોકે આ સંબંધમાં કોઈ જ પુષ્ટિ નથી મળી.

### એમઆઇની 'સ્પષ્ટતા'

ઊલટાનું, મુંબઈ ઇન્ડિયન્સે સોશ્યલ મીડિયામાં ખુલાસા તરીકેની પ્રતિક્રિયા આપવી પડી છે. એમઆઇએ ઇન્સ્ટાગ્રામ પરના પોતાના સત્તાવાર હૅન્ડલ પર પ્રતિક્રિયા આપી છે. આ રીઍક્શનમાં એમઆઇએ શાહરુખ ખાનની ટીમના વચ્ચેના અક્ષર (Knight) સહિત 'ડૉન' ફિલ્મના ડાયલૉગનો ઉલ્લેખ કર્યો છે. પ્રતિક્રિયામાં લખવામાં આવ્યું છે, 'આવતી કાલે સૂરજ ફરી ઊગશે એ તો નક્કી છે, પરંતુ Knightમાં... મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ.' અહીં



એવું માની શકાય કે એમઆઇએ કેકેઆરને સંકેત આપ્યો છે કે રોહિત અમને છોડીને તમારી પાસે આવશે એવી આશા છોડી દેજો.

### ૨૦૨૫માં રોહિતના ૪૧૮ રન

બે વર્ષ પહેલાં એમઆઇએ રોહિતના સ્થાને હાર્દિક પંડ્યાને કૅપ્ટન બનાવ્યો ત્યારથી અટકળો થઈ રહી છે કે રોહિત એમઆઇ છોડીને અન્ય કોઈ ટીમમાં (મોટા ભાગે કેકેઆરમાં) જોડાઈ જશે. જોકે ટૂર્નામેન્ટનો સમય નજીક આવતાં એ અટકળ મંદ પડી જતી હોય છે. દરમ્યાન ૨૦૨૫ની આઇપીએલમાં રોહિતે એમઆઇ વતી ૧૫ મૅચમાં ૧૫૦.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે ૪૧૮ રન કર્યા હતા. ■

# ઈજા અંગે ખુદ શ્રેયસ અય્યરે આપી મોટી અપડેટ! જાણો ક્યારે મેદાનમાં પરત ફરશે

મુંબઈઃ ગત શનિવારે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન-ડે દરમિયાન કેચ પકડવાના પ્રયાસમાં ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયરને પાંસળીમાં ઈજા થઇ હતી. સ્પ્લિનમાં આંતરિક રક્તસ્ત્રાવ થઇ રહ્યો હોવાની જાણ થતા, તેને આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો, તેની ઈજા જીવલેણ હોવાના અહેવાલો મળતા ચાહકોમાં ચિંતા ફેલાઈ હતી. એવામાં શ્રેયસ ઐયરે પોતે સોશ્યિલ મીડિયા પર પોસ્ટ કરી જાણકારી આપી છે કે તેની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને તેણે ચાહકોનો આભાર માન્યો.

શ્રેયસ હાલ સિડનીની હૉસ્પિટલમાં દાખલ છે, તેના જીવને હવે કોઈ જોખમ નથી. બીસીસીઆઇની મેડિકલ ટીમ સતત દેખરેખ રાખી રહી છે.

### ચાહકોનો આભાર માન્યો

શ્રેયસ ઐયરે ઇન્સ્ટાગ્રામ અને એક્સ પર પોસ્ટમાં લખ્યું કે તે સ્વસ્થ થઇ રહ્યો છે અને દરરોજ તેની તબિયત સુધરી રહી છે. તેણે સપોર્ટ માટે ચાહકોનો આભાર માન્યો. તેણે પોસ્ટમાં લખ્યું, ''મારા માટે પ્રાર્થના કરવા બદલ સૌનો આભાર.''

### ફરી ક્યારે મેદાનમાં દેખાશે

શ્રેયસ ઐયરને તાજેતરના ટીમનો વન-ડે ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ શ્રેયસ ઐયરને ક્રિકેટ રમવા પૂરતું સ્વસ્થ થવામાં સમય લાગી શકે છે. અહેવાલ મુજબ તે ઓછામાં ઓછા બે મહિના ક્રિકેટથી દૂર રહેશે.

અહેવાલ મુજબ શ્રેયસ ઐયરને આગામી મહિને દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે રમાનારી ત્રણ મેચની વન-ડે સિરીઝમાંથી બહાર રાખવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૬માં ન્યૂ ઝીલેન્ડ સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાં પણ તે રમી શકે એ નક્કી નથી. ફેબ્રુઆરી ૨૦૨૬માં આયોજિત ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં જગ્યા બનાવવી પણ શ્રેયસ માટે મુશ્કેલ હશે, કેમ કે તેને પૂરતી પ્રૅક્ટિસ કરવાનો સમય નહીં મળે. ત્યાર બાદ આઇપીએલમાં શ્રેયસ રમતો જોવા મળી શકે છે. ૨૦૨૬ના જુલાઈ મહિનામાં ભારતીય ટીમ ટેસ્ટ સિરીઝ રમવા ઇંગ્લૅન્ડ જશે, આ દરમિયાન શ્રેયસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની તક મળી શકે છે. ■



# બાબર મેદાન પર ઊતર્યો રોહિતનો વિક્રમ તોડવા, પણ ઝીરોમાં આઉટઃ આજે ફરી કસોટી

રાવલપિંડીઃ પાકિસ્તાને ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામેની તાજેતરની સિરીઝ ૧-૧થી ડ્રૉ કરી હતી, પરંતુ હવે ટી-૨૦ શ્રેણીમાં પાકિસ્તાને સાઉથ આફ્રિકા સામે સિરીઝની પહેલી જ મૅચમાં પછડાટ ખાધી છે અને એ માટે સોશ્યલ મીડિયામાં ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમને સૌથી વધુ જવાબદાર ગણાવવામાં આવી રહ્યો છે. રોહિત શર્માનો એક વર્લ્ડ રેકૉર્ડ તોડવાની ઉતાવળમાં તે વહેલો આઉટ થઈ ગયો હતો. પાકિસ્તાનમાં બાબર ખૂબ લોકપ્રિય છે, પણ મંગળવારે તે બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો અને ખાસ તેની બૅટિંગ જોવા આવેલા હજારો પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી તેના આગમનને વધાવી લીધું હતું.

જોકે બાબર હજી માંડ એક બૉલ રમ્યો ત્યાં તો બીજા બૉલ પર આઉટ થઈ ગયો હતો. મંગળવારે પાકિસ્તાન હારી ગયું અને હવે આજે બીજી મૅચ રમાશે.

મંગળવારે બાબરનો પર્ફોર્મન્સ જોવા આવેલા લોકોનો તેના આગમન સમયનો ઉત્સાહ હજી તો ઓસર્યો નહોતો ત્યાં તો તે આઉટ થઈને પાછો આવી રહ્યો હતો. આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ વતી રમતા ફાસ્ટ બોલર કૉર્બિન બૉશ્ચના બૉલમાં બાબરે કવરમાં રીઝા હેન્ડ્રિક્સને સાવ આસાન કૅચ આપી દીધો હતો. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રોહિત શર્મા ૪,૨૩૧ રન સાથે મોખરે છે અને ૪,૨૨૩ રન બનાવનાર બાબરે તેનો વિશ્વવિક્રમ તોડવા માત્ર નવ રન બનાવવાના હતા, પરંતુ શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. હવે આજે તેને રોહિતનો વિક્રમ તોડવાનો મોકો મળશે.

ઘણા મહિને ટી-૨૦ રમવા આવેલા બાબર પર સલમાન આગાની આગેવાનીમાં રમનાર ટીમને પણ ઘણી અપેક્ષા હતી. ફખર ઝમાનને આરામ આપીને બાબરને ટીમમાં સમાવવામાં આવ્યો હતો અને વનડાઉનમાં મોકલવામાં આવ્યો હતો, પણ તે માંડ ચાર મિનિટ ક્રીઝમાં રહ્યો અને વિકેટ ગુમાવી બેઠો હતો.

સાઉથ આફ્રિકાએ ઓપનર રીઝા હેન્ડ્રિક્સના ૬૦ રનની મદદથી ૨૦ ઓવરમાં ૧૯૪ રન કર્યા હતા જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૧૮.૧ ઓવરમાં ૧૩૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં સાઉથ આફ્રિકાનો પંચાવન રનથી વિજય થયો હતો અને ત્રણ મૅચની શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી.

### ટી-૨૦ના ટોચના પાંચ રનમેકર્સ

રોહિત શર્મા (૪,૨૩૧ રન)
બાબર આઝમ (૪,૨૨૩ રન)
વિરાટ કોહલી (૪,૧૮૮ રન)
જૉસ બટલર (૩,૮૬૯ રન)
પૉલ સ્ટર્લિંગ (૩,૭૧૦ રન) ■

# નવી મુંબઈના મેદાન પર વર્લ્ડ કપની ટ્રોફી સાથે મિતાલી અને કરીના કપૂર

નવી મુંબઈઃ ભારતની ભૂતપૂર્વ કૅપ્ટન મિતાલી રાજ અને યુનિસેફ ઇન્ડિયા નૅશનલ ઍમ્બેસેડર કરીના કપૂર ખાને ગુરુવારે નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ' ટ્રોફી વૉકઆઉટ' કર્યું હતું. મહિલા વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી સાથે ગ્રાઉન્ડ પર આગમન કરીને એને સ્થાપિત કરવાની વિધિમાં બન્ને હસ્તીએ ભાગ લીધો હતો અને હજારો પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

૪૨ વર્ષની મિતાલી મહિલા વન-ડે જગતની સર્વોચ્ચ રનમેકર ખેલાડી છે. મહિલા વન-ડે જગતમાં તેના ૭,૮૦૫ રન તમામ ખેલાડીઓમાં હાઇએસ્ટ છે. કરીના બૉલિવૂડની જાણીતી અભિનેત્રી છે. તેઓ બન્ને સાથે મેદાન પર બે બાળક તેમ જ યુનિસેફ ઇન્ડિયાના પ્રતિનિધિ પણ આવ્યા હતા. એમાં અનુક્રમે લુબના શાહ, ગૌરવ શર્મા તથા સિન્થિયા મૅકકૅફીનો સમાવેશ હતો.

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની સેમિ ફાઇનલ પહેલાંની મેદાન પરની વિધિ દરમ્યાન મિતાલી અને કરીનાની ઉપસ્થિતિને લીધે સ્ટેડિયમમાં બેઠેલા ક્રિકેટપ્રેમીઓ મૅચ પહેલાં જ રોમાંચિત થઈ ગયા હતા.




આઇસીસી-યુનિસેફની ભાગીદારી દુનિયાભરમાં ક્રિકેટની પહોંચનો લાભ લઈને બાળકોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ તેમ જ હિંસા સામે સુરક્ષાના અધિકારને સુનિશ્ચિત કરે છે. ■

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ જોધપુર વચ્ચે સુપરફાસ્ટ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૪૮૩૪ | બાંદ્રા ટર્મિનસ–જોધપુર | ૦૩.૧૧.૨૦૨૫ | ૧૦.૦૦ ક. (સોમવાર) | ૧૧.૨૫ ક. (બીજા દિવસે) |
| ૦૪૮૩૩ | જોધપુર–બાંદ્રા ટર્મિનસ | ૦૨.૧૧.૨૦૨૫ | ૦૬.૪૫ ક. (રવિવાર) | ૦૭.૦૦ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત, ભરૂચ, વડોદરા, રતલામ, નાગદા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, બનાસ્થલી નિવાઈ, દુર્ગાપુરા, જયપુર, અસલપુર, જોબનેર, ફૂલેરા, કુચમન સિટી, મકરાન, દેગાના અને મેર્તા રોડ સ્ટેશન બંને દિશામાં.

**સંરચનાઃ** ફર્સ્ટ AC, AC 2 - ટિયર, AC 3 - ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

ટ્રેન નં. ૦૯૦૦૭/૦૯૦૦૮ વલસાડ ⇌ ખાતીપુરા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન અનુક્રમે ૨૭/૧૧/૨૦૨૫ & ૨૮/૧૧/૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૪૮૩૪ અને ટ્રેન નં. ૦૯૦૦૭ની વિસ્તૃત ટ્રીપ માટે બુકીંગ ૦૧/૧૧/૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : x.com/WesternRly
instagram.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો


# સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટથી વધુ ઘટ્યો, નિફ્ટીએ ૨૫,૯૦૦ પોઈન્ટની સપાટી ફરી ગુમાવી

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચે વ્યાપાર સોદો લગભગ પાર પડી જવાની તૈયારીમાં હોવાના ટ્રમ્પના વિધાન અને ફેડરલ દ્વારા વ્યાજદરમાં અપેક્ષિત ઘટાડાની જાહેરાત છતાં ગુરુવારે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. બજારના સાધનો અનુસાર યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે વ્યાજદરમાં હાલનો ઘટાડો ૨૦૨૫નો સંભવતઃ અંતિમ ઘટાડો હોવાના સંકેત આપ્યા હોવાથી સેન્ટિમેન્ટ ખરડાયું હતું.

આ ઉપરાંત યુએસ-ચીન વેપાર વાટાઘાટોના નવા અપડેટ્સ પહેલા વૈશ્વિક બજારમાં સાવચેતીનું માનસ રહ્યું હતું.

સત્ર દરમિયાન ૬૮૪.૪૮ પોઇન્ટ અથવા તો ૦.૮૦ ટકાના ઘટાડા સાથે ૮૪,૩૧૨.૬૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ સેન્સેક્સ અંતે ૫૯૨.૬૭ પોઇન્ટ અથવા તો ૦.૭૦ ટકાના ઘટાડા સાથે ૮૪,૪૦૪.૪૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૭૬.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૬૮ ટકાના ઘટાડા સાથે ૨૫,૮૭૭.૮૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સના શેરોમાં ભારતી એરટેલ, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝર રહ્યો હતો. જોકે, લાર્સન એન્ડ ટૂબ્રો, ભારત ઇલેક્ટ્રોનિક્સ, અલ્ટ્રાટ્રેક સિમેન્ટ અને મારુતિ સુઝુકી ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. ખાસ કરીને મેટલ, આઇટી, એફએમસીજી અને ફાર્મા શેરોમાં સારું ધોવાણ જોવા મળ્યું હતું. જોકે, પીએસયુ બેંકોએ વલણને ટક્કર આપી અને હકારાત્મક ક્ષેત્રમાં રહેવામાં સફળ રહ્યા હતા.

બીજા ક્વાર્ટરમાં ખોટ જાહેર કર્યા બાદ ઇક્સિગોની પેરેન્ટ કંપની લી ટ્રાવેન્યુસ ટેક્નોલોજીના શેરમાં ૧૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. એજીઆર પર સુપ્રીમ કોર્ટના લેખિત આદેશથી મોટી રાહતની આશાઓ પર પાણી ફરી વળ્યું હોવાથી વોડાફોન આઈડિયાના શેરમાં ૧૨ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. બીજા ક્વાર્ટરમાં નફામાં ૨૫૩ ટકાનો ઉછાળો નોંધાવનાર ભેલના શેરમાં ચાર ટકાનો ઉછાળો હતો, સારા પરિણામોએ સેજીલિટીના શેરના ભાવ ૧૨ ટકા અને પીબી ફિનટેકના શેર વધ્યા હતા.

સ્ટોક બ્રોકિંગ ફર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયનબ્રેઇન ગેરેજ વેન્ચર ચોથી નવેમ્બરે રૂ. ૬,૬૩૨.૩૦ કરોડનું જાહેર ભરણું લાવશે અને તે સાતમી નવેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. કંપની આઇપીઓ સાથે રૂ. ૬૧,૭૦૦ કરોડના વેલ્યુએશનનો લક્ષ્યાંક રાખે છે. શેરની ફાળવણી ૧૦ નવેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૨ નવેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૫થી રૂ. ૧૦૦ પ્રતિ શેર છે. અરજી માટે મિનિમમ લોટ સાઇઝ ૧૫૦ છે. જાહેર ક્ષેત્રનું ફંડ હાઉસ એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, થીમેટિક ફંડ એલઆઈસી એમએફ કન્ઝમ્પશન ફંડ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહ્યું છે, જે કન્ઝમ્પશન થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ છે. આ નવી ફંડ ઓફર ૩૧ ઓક્ટોબરે ખુલશે અને ૧૪ નવેમ્બરના રોજ બંધ થશે. આ યોજનાનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડિયા કન્ઝમ્પશન ટોટલ રિટર્ન ઇન્ડેક્સ છે. આ ફંડનો ઉદ્દેશ્ય તેની કુલ સંપત્તિના ૮૦થી ૧૦૦ ટકા હિસ્સો સ્થાનિક વપરાશ આધારિત માગનો લાભ મેળવવા માટે સજ્જ કંપનીઓની ઇક્વિટી અને ઇક્વિટી સંબંધિત સિક્યોરિટીઝમાં ફાળવવાનો છે. ફિશર મેડિકલ વેન્ચર્સ લિમિટેડે બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૧૨૨.૬૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૮૮.૭૯ કરોડની આવક, વાર્ષિક ધોરણે ૪,૬૫૯.૬૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૯૬ કરોડનોચોખ્ખો નફો અને ૨,૫૧૧.૭૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૮.૭૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૧૫.૭૨ ટકા રહ્યો છે. એસબીઆઈ લાઇફ ઇન્સ્યોરન્સે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગરૂપે શરૂ કરેલી પહેલ થેંક્સ એ ડોટને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સમાં માન્યતા પ્રાપ્ત કરી છે. આ પહેલ સ્તન સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને વહેલા નિદાનના મહત્વ પર ભાર મૂકે છે. ઝુંબેશના ભાગરૂપે, કુલ ૧,૧૯૧ હોટ વોટર બેગનો ઉપયોગ કરીને રેકોર્ડબ્રેક મોઝેક સ્પેલિંગ હગ ઓફ લાઇફ બનાવવામાં આવ્યું હતું.

# વ્યાજદરમાં ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસા ખાબક્યો

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં બજારની અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હોવા છતાં ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે આગામી ડિસેમ્બર મહિનામાં રેટ કટ અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બોલાયેલા કડાકા ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ તેમ જ માસાન્તને કારણે ડૉલરમાં ઑઈલ માર્કેટિંગ કંપનીઓની વ્યાપક લેવાલી રહેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસા ખાબકીને ૮૮.૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૨૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૩૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૫ અને ઉપરમાં ૮૮.૩૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૪૭ પૈસાના કડાકા સાથે ૮૮.૬૯ના મથાળે બંધ રહ્યો હતો.

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ₹ ૨૦ની પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૪૦૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૯૨માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતા ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં થયા હતા.

# હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડ (HPCL)ના નાણાકીય પરિણામો

મુંબઈઃ HPCLએ ૩૦ સપ્ટે. ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ ત્રિમાસિક અને અર્ધવર્ષ માટેના તેના નાણાકીય પરિણામો જાહેર કરેલ છે. આ સમયગાળામાં મજબૂત રિફાઈનિંગ અને માર્કેટિંગ કામગીરી દ્વારા યોગ્ય રીતે સમર્થિત ઉત્કૃષ્ટ નાણાકીય કામગીરી જોવા મળી છે. કર પછીના સ્ટેન્ડ અલોન નફામાં ૭૩૧%નો વધારો થયો છે (₹ ૮,૨૦૧ કરોડ) H1માં થ્રુપુટમાં ૯.૭% વધારા સાથે મજબૂત રિફાઈનરી કામગીરી (૧૩.૨૩ MMT) થઈ છે. H1માં વેચાણના વોલ્યુમમાં ૩.૫% વધારા સાથે માર્કેટિંગમાં સ્થિર વૃદ્ધિ (૨૫.૧૧ MMT) થઈ છે. ડેબ્ટ ઈક્વિટી રેશિયાના ઘટાડા પર નોંધપાત્ર પ્રગતિ (૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ ૧.૩૮ની તુલનામાં ૧.૦૭ ખાતે સ્ટેન્ડ અલોન D/E). ક્વાર્ટર ૨માં બેરલદીઠ US$ ૮.૮૦ ગ્રોસ રિફાઈનિંગ માર્જિન (GRM) સાથે મજબૂત રિફાઈનિંગ કામગીરી કરી છે. HPCLને કોર્પોરેટ ગર્વનન્સ માટે સ્કોપ એમીનન્સ એવોર્ડ ૨૦૨૨-૨૩ સાથે સન્માનિત કરાયેલ છે. HPCLને HP પે ''ફ્યુઅલ ફેસ્ટ'' ઝુંબેશ માટે પ્રતિષ્ઠિત ET બ્રાન્ડ ઈક્વિટી માર્ટેક + એવોર્ડથી પણ સન્માનિત કરાયેલ છે. ■

### અમેરિકા ચીન વચ્ચે ટ્રેડ ડીલમાં અનિશ્ચિતતાઃ વૈશ્વિક સોનાચાંદીમાં ઉછાળો

# વિશ્વ બજારથી વિપરીત સ્થાનિક સોનામાં ₹ ૧૦૦૯નો ઘટાડો, ચાંદી ₹ ૧૫૦ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચેની ટ્રેડ ડીલ અથવા તો વેપાર કરાર થવા બાબતે અનિશ્ચિતતા જણાતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં અનુક્રમે ૧.૩ ટકાનો અને એક ટકાનો સુધારો આવ્યો હોવાના નિર્દેશ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦૫થી ૧૦૦૯નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૦નો સાધારમ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં પાંખાં કામકાજો વચ્ચે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦ના સાધારણ સુધારા સાથે ૧,૪૬,૭૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ તેમ જ ડૉલર સામે રૂપિયામાં ૪૮ પૈસાનો કડાકો બોલાયો હોવા છતાં સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકો સહિત સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦૫ ઘટીને રૂ. ૧,૧૯,૧૪૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૦૯ ઘટીને રૂ. ૧,૧૯,૬૧૯ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૧.૩ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૯૮૦ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૯૯૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૪૮.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે બજારે અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં બીજા વખત કપાતના નિર્ણય તેમ જ ટ્રમ્પ-શિ જિનપિંગ વચ્ચેની બેઠકની ફળશ્રુતિને પચાવી લીધી હોવાથી બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાનું એફએક્સટીએમના વિશ્લેષક લુકમાન ઓટુંગાએ જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે ડિસેમ્બરમાં વ્યાજદરમાં કપાત અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી હોવા છતાં હજુ ટ્રેડરો વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૭૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે નીચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની વ્યાજની ઊપજ ન આપતી સોનાચાંદી જેવી અસ્ક્યામતોમાં લેવાલી રહેતી હોય છે.

દરમિયાન આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને શિ જિનપિંગ વચ્ચે થયેલી બેઠક પશ્ચાત્ ટ્રમ્પે જણાવ્યું હતું કે બિજિંગ સોયાબીનની ખરીદી પુનઃ શરૂ કરશે અને મહત્ત્વના ખનીજોની નિકાસ ચાલુ રાખશે તેની સામે અમે ટૅરિફના દર ૧૦ ટકા ઘટાડીને ૪૭ ટકા રાખવા સહમત થયા છે. જ્યારે ચીન ખનીજની નિકાસ પરના નિયંત્રણો એક વર્ષ મુલતવી રાખવા સહમત થયું હોવાના અહેવાલ હતા.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. D.M.C./૨૮૨૫/ઈન્ફ્રા. તારીખ ૩૦.૧૦.૨૦૨૫

### પબ્લિક નોટીસ

આજ દિન સુધી સુધાર્યા મુજબ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૮૮૮ની કલમ ૨૯૭ (૧) (બી)ના અન્વયે, નીચે સહી કરનાર___ના અથવા તે પછીના દિવસે યોજાનાર તેમની મિટિંગમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરવાનો ઈરાદો ધરાવે છે, કારણ કે સદર અરજીનો નીચેની દરખાસ્તની સત્તા માટે સરળતાથી નિકાલ કરી શકાય.

''તારીખ ૧૫.૦૭.૨૦૨૫ના નં. E.E. T & C/ ES/R.L. નં. ૩૪૩ હેઠળ પ્લાન પર દર્શાવેલ મુજબ લીલા રંગમાં માર્ક કરેલ મુજબ M/પશ્ચિમ વોર્ડમાં છેડ્ડા નગર ચેમ્બુર ખાતે શ્રીનગર CHS લિ.થી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના સર્વિસ રોડ સુધી મંજૂર થયેલ ૧૮.૩૦ મી. (૬૦'૦૦'') પહોળી R.L. રીએલાઈન કરવા માટે''

ઉપર જણાવેલ તેની બદલીમાં નિર્ધારિત કરાનાર મોજુદ મંજૂર કરાયેલ R.L. (લાલ રંગમાં દર્શાવેલ) અને સુધારેલ (લીલા રંગમાં દર્શાવેલ) દર્શાવતો તારીખ ૧૫.૦૭.૨૦૨૫નો એક પ્લાન નં. E.E. T & C/ ES/R.L. નં. ૩૪૩ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ટ્રાફિક)ની ઓફિસમાં જમા કરાવેલ છે અને એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ઝીરો ફલોર, વર્લી નાકા પાસે, ડૉ. ઈ. મોઝેસ રોડ, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે તેમજ આસી. કમિશનર 'M/પશ્ચિમ' વોર્ડ, ૧૯ B, ૨૦ A, ૧લો રોડ, ચેમ્બુર ગોવઠણ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧ની ઓફિસ ખાતે ઓફિસ કલાકો દરમિયાન કોઈપણ સમયે ઈચ્છુક કોઈપણ દ્વારા નિરીક્ષણ કરી શકાશે.

કોર્પોરેશને કોઈપણ રજૂઆત અથવા કોર્પોરેશન સમક્ષ સદર દરખાસ્તના સંદર્ભમાં કોઈપણ વાંધો લાવવા ઈચ્છુક દરેક વ્યક્તિ મહાપાલિકા હેડ ઓફિસ ખાતે આ નોટીસના છપાયાના ૩૦ દિવસની અંદર મ્યુનિસિપલ સેક્રેટરીને સંબોધીને પત્ર દ્વારા તેમ કરી શકે છે, અને આવી મિટિંગના દિવસ પહેલા ૦૩ સ્પષ્ટ દિવસ કરતાં ઓછા નહિ તેમ સદર ઓફિસને મોકલી દેવા જોઈશે.

તારીખઃ

સહી/-
Dy. મ્યુનિ. કમિશનર (ઈન્ફ્રા.)

PRO/2064/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ચીફ એન્જીનીયર - બિલ્ડીંગ મેન્ટેનન્સ + H.I.C.)

નં. Ch.E/B.M/૦૧૨૯૮૧/II તા. ૨૯.૧૦.૨૦૨૫

### ટૂંકી ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | Ch.E. (બિલ્ડીંગ મેન્ટેનન્સ) |
| સબ-ડીપાર્ટમેન્ટ | ડે. ચી. એ. (બિલ્ડીંગ મેન્ટેનન્સ) સબ |
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૨૩૫૯૦૧ |
| વિષય | M/ પૂર્વ વોર્ડમાં IDA, દેવનાર, ગોવંડી પશ્ચિમ ખાતે ડોગ કેનલ્સ, કમ્પાઉન્ડ વોલ રિપેર્સ અને વિવિધ રિપેર કામનું બાંધકામ. |
| કુલ અંદાજીત ખર્ચ | રૂા. ૨,૨૩,૩૦,૫૪૪/- |
| બા.ર.ડી. | ₹ ૨,૨૩,૩૫૦/- (URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા) |
| ટેન્ડર વેચાણ | ૩૧.૧૦.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૧૩.૧૧.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | આસી. એન્જીનીયર - (B.M.) E.S. |
| નામ | શ્રી સંદીપ વડાલકર |
| ટેલિફોન નં. | ૯૮૨૦૫૯૪૮૦૦ |
| ઈ-મેઈલ- id | aecivilce.pd@mcgm.gov.in |

સહી/-
ડે. ચી. એ. (B.M.) સબ.

PRO/2055/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

## દેશ-વિદેશ

# મતદારયાદીની સમીક્ષાનો ડરઃ ૯૫ વર્ષના વૃદ્ધનું સુસાઈડ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનિપુર જિલ્લાના ૯૫ વર્ષના વૃદ્ધે બિરભુમમાં આત્મહત્યા કરી હતી. તેમના કુટુંબીજનોએ ગુરવારે દાવો કર્યો હતો કે હાલમાં ચાલુ સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)થી વિક્ષુબ્ધ થઈને વૃદ્ધે આત્મહત્યા કરી હતી.

બંગાળમાં છેલ્લા ૭૨ કલાકમાં આ પ્રકારનો બીજો બનાવ કોલકતાના પાનીહાતીમાં નોંધાયો છે. કૂચ બિહારના ખેડૂતે પોતાનું જીવન ટૂંકાવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં તે હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

પોલીસે માહિતી આપી હતી કે મૃતકની ઓળખાણ ક્ષિતિજ મજમુદાર તરીકે થઈ છે. તેમણે બુધવારે રાત્રે બિરભુમ જિલ્લાના ઈલમબજાર એરિયામાં તેમની પુત્રીના નિવાસસ્થાને ફાંસો ખાધો હતો. વૃદ્ધ તેમની પુત્રીના ઘરના એક રૂમમાં છત પર લટકેલી હાલમાં મળી આવ્યા હતા. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. તેમના કુટુંબે આક્ષેપ કર્યો હતો કે તેમના પર પ્રચંડ તાણ હતી. તેમને ડર હતો કે મતદારયાદી ચકાસણી પ્રોસેસમાં નામ નીકળી જવાથી તેમને બાંગ્લાદેશ જવું પડશે. (એજન્સી)

# વીમામાં આગનું કારણ મહત્ત્વનું ન ગણાયઃ સુપ્રીમ કોર્ટનો ચુકાદો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે એક કેસમાં આગના વીમાની રકમ ચૂકવવાનો વીમા કંપનીને આદેશ આપતા જણાવ્યું હતું કે આગના વીમામાં આગનું કારણ બિનમહત્ત્વનું ગણાય.

તેણે આગના વીમાને જોખમના મેનેજમેન્ટ, મિલકતની સુરક્ષા અને આર્થિક સલામતી માટેનું મહત્ત્વનું સાધન ગણાવ્યું હતું.સર્વોચ્ચ અદાલતે ઓરાયન કોન્મેક્સ પ્રાઇવેટ લિમિટેડના જાહેર ક્ષેત્રની વીમા કંપની નેશનલ ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડ સામેના આગને લગતા વીમાના દાવાને યોગ્ય ઠેરવ્યો હતો.

જસ્ટિસ દીપંકર દત્તા અને ન્યાયાધીશ મનમોહનની બૅન્ચે જણાવ્યું હતું કે આગ લાગવાની ઘટના સાચી હોવાનું સાબિત થાય તે પછી આગનું કારણ વીમાની રકમની ચુકવણી વખતે બિનમહત્ત્વનું બની જાય છે.

તેણે ચુકાદામાં જણાવ્યું હતું કે કંપનીના પ્રીમાઇસીસમાં ૨૦૧૦ના સપ્ટેમ્બરમાં લાગેલી આગ આકસ્મિક હતી અને તેથી તેને વીમાની રકમ મળવી જોઇએ. (એજન્સી)

# સરદારના સ્મરણમાં ૧-૧૫ નવેમ્બર દેશભરમાં ઉજવાશે 'ભારત પર્વ'

નવી દિલ્હીઃ આવતી કાલે ૩૧ ઓક્ટોબરના રોજ ભારતના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી છે, આવતી કાલે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે વડા પ્રધાન મોદીની હાજરીમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. એ પહેલા ગઈકાલે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મોટી જાહેરાત કરી છે. અમિત શાહે જાહેરાત કરી કે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પહેલી નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી 'ભારત પર્વ ૨૦૨૫' ઉજવવામાં આવશે. તેમણે એવી પણ જાહેરાત કરી કે હવેથી દર વર્ષે ૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતના એકતા નગર ખાતે સદર પટેલની જન્મજયંતી નિમિત્તે એક ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવશે.

# ઑપરેશન ત્રિશૂળઃ પાકિસ્તાનની સીમા પર ભારતીય લશ્કરની સૌથી મોટી ક્વાયત

નવી દિલ્હીઃ ભારતીય સેના અવારનવાર યુદ્ધાભ્યાસો કરતી હોય છે. જોકે, આ વખતે ભારતીય સેનાની ત્રણેય પાંખ એકસાથે યુદ્ધ કવાયત કરવા જઈ રહી છે. જેને 'ઓપરેશન ત્રિશૂળ' નામ આપવામાં આવ્યું છે. ખાસ વાત તો એ છે કે, આ યુદ્ધાભ્યાસ પાકિસ્તાન માટે ચેતવણી સમાન રહેશે. આ યુદ્ધાભ્યાસ પાકિસ્તાનની સરહદની નજીક થવા જઈ રહ્યો છે.

પશ્ચિમ રાજસ્થાનના રણપ્રદેશથી લઈને ગુજરાતના સર ક્રીક સુધીની ભારત-પાકિસ્તાન સરહદ પર આજથી (૩૦ ઓક્ટોબર) ભારતીય સેનાના ઇતિહાસની અત્યાર સુધીનો સૌથી મોટી સંયુક્ત લશ્કરી કવાયત છે.

# ચીનનું નિર્ધારિલા સમય કરતાં પહેલા સમાનવ મૂન મિશન

બેઈજિંગઃ ચીન ૨૦૩૦ સુધીમાં તેના અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારવાની દિશામાં અગ્રેસર છે. તેમજ ચીને તે અવકાશયાત્રીઓની ટુકડીનો પરિચય કરાવ્યો જે દેશના અવકાશ સ્ટેશન તરફ રવાના થશે. આ જાહેરાત ચીને ગુરૂવારે કરી હતી.

ચીનના માનવયુક્ત અવકાશ કાર્યક્રમના પ્રવક્તા ઝાંગ જિંગબોએ જણાવ્યું કે હાલમાં ચંદ્ર પર માનવ મિશન સાથે સંબંધિત તમામ સંશોધન અને વિકાસ કાર્યક્રમો સરળતાથી આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું કે લોંગ માર્ચ ૧૦ રોકેટ, ચંદ્ર પર ઉતરવા માટે બનાવવામાં આવી રહેલા સ્પેસસુટ અને સંશોધન વાહનો જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઇ છે. ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર માનવીઓને ઉતારવાનું નિશ્ચિત હોવાનું તેમણે જણાવ્યું હતું. ચીન હવે તેના તિયાનગોંગ અવકાશ મથક માટે નવા અવકાશયાત્રીઓની ટુકડીને મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આ મિશન ચીનના વ્યાપક અવકાશ કાર્યક્રમનો એક ભાગ છે. જે હેઠળ દરેક ટુકડી વૈજ્ઞાનિક સંશોધન કરવા માટે સ્ટેશન પર છ મહિના ગાળે છે.

નવી ટુકડીમાં ઝાંગ લૂ, વૂ ફેઇ અને ઝાંગ હોંગઝાંગનો સમાવેશ થાય છે. તેઓ શુક્રવારે રાત્રે ૧૧-૪૪ વાગ્યે(ચીન સમયાનુસાર) જિઉક્વાન લોન્ચ સેન્ટરથી પ્રસ્થાન કરશે. ઝાંગ લૂ અગાઉ શેનઝોઉ-૧૫ મિશનનો ભાગ રહી ચૂક્યા છે. જ્યારે વૂ ફેઇ અને ઝાંગ હોંગઝાંગ પહેલી વાર અવકાશમાં જઇ રહ્યા છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

AC/૯૨૨/Exp/૨૦૨૫-૨૬ તા. ૨૯.૧૦.૨૦૨૫

વિષયઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૨૦૬ (૨) હેઠળ અને ઈ-ઓક્શન મોડ દ્વારા ''જેમ છે જ્યાં છે ધોરણે'' સ્થાવર મિલકતના વેચાણ માટે મ્યુનિસિપલ નિયમનમાં નિર્ધારિત રીતે ઓક્શન.

### સુધારો - ૨

| ઈ-ઓક્શનની વિગતો | હાલની તારીખ | વિસ્તૃત તારીખ |
|---|---|---|
| ખરીદદાર રજીસ્ટ્રેશન & ટ્રેનિંગ | તા. ૧૦.૧૦.૨૦૨૫ થી તા. ૨૮.૧૦.૨૦૨૫ | તા. ૨૯.૧૦.૨૦૨૫ થી તા. ૦૫.૧૧.૨૦૨૫ |
| બારડી સુપ્રતિ તારીખ | તા. ૧૦.૧૦.૨૦૨૫ થી તા. ૨૮.૧૦.૨૦૨૫ | તા. ૨૯.૧૦.૨૦૨૫ થી તા. ૦૫.૧૧.૨૦૨૫ |
| ઈ-ઓક્શન તારીખ & સમય | તા. ૨૯.૧૦.૨૦૨૫ બપોરે ૧૨.૦૦ ક. | તા. ૧૬.૧૧.૨૦૨૫ બપોરે ૧૨.૦૦ ક. |

| ક્ર. નં. | SAC નં. | એસેસની વિગતો | મિલકત સરનામું | મિલકતનું વર્ણન | અનામત કિંમત | બારડી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | CX1100050020000 | મિનોચર માણેકશા ગાંધી | શ્રી વી. ડી. શાહ ૫૬-૫૮ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ મુંબઈ-૩ | દુકાન સાથે ઘર | ૨૬૦૧૦૦૭૪૫ | ૧૩૦૦૫૦૩૮ |

ઉપરોક્ત વિગતો મુજબ વિસ્તૃત તારીખો સિવાય, તારીખ ૧૦.૧૦.૨૦૨૫ ના રોજ પ્રકાશિત જાહેરાતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી.

સહી/-
એસેસર અને કલેકટર

PRO/1871/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## બાળકોને બંધક બનાવવાનો કેસ

# ‘મેં પોતે અપહરણકર્તા રોહિત આર્યને ચેક દ્વારા પૈસા આપ્યા હતા’

### પવઈના અપહરણકર્તા વિશે દીપક કેસરકરનો મોટો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના પવઈમાં એક સ્ટુડિયોમાં ૧૭ બાળકોને બંધક બનાવવાના કેસમાં હવે એક મોટો ખુલાસો થઈ રહ્યો છે. આરોપી રોહિત આર્યએ આરોપ લગાવ્યો હતો કે તેને સરકાર તરફથી બે કરોડ રૂપિયા મળ્યા નથી. આ માટે, જ્યારે ભૂતપૂર્વ પ્રધાન દીપક કેસરકર શિક્ષણ પ્રધાન હતા ત્યારે તે ભૂખ હડતાળ પર ઉતર્યો હતો. તેણે બાળકોને બંધક બનાવવાનું ઘૃણાસ્પદ કૃત્ય કર્યું કારણ કે તેને તેના પૈસા મળ્યા ન હતા. રોહિત આર્યના કૃત્ય પછી દીપક કેસરકરે એક ન્યૂઝ ચેનલ સમક્ષ મોટો ખુલાસો કર્યો કે તેણે રોહિત આર્યને ચેક દ્વારા પૈસા આપ્યા

(જુઓ પાનું ૪) ▶▶

### વીડિયોમાં રોહિતે શું કહ્યું?

બાળકોને બંધક બનાવ્યા પછી સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રોહિત આર્ય કહે છે કે સુસાઈડ કરવાને બદલે મેં એક પ્લાન બનાવ્યો અને અમુક બાળકોને મેં અહીં બંધક બનાવ્યા. મારી કોઈ વધુપડતી માગણીઓ નથી, એકદમ સામાન્ય માગણીઓ છે... ઘણી મોરલ અને એથિકલ ડિમાન્ડ છે.

રોહિત કહે છે, મારા કેટલાક સવાલ છે. મારે અમુક લોકો સાથે વાતચીત કરવી છે... સવાલ

(જુઓ પાનું ૪) ▶▶

## બંધક બનાવવાની ઘટનાઓ નવી નથી!

### આ રહી પાંચ ઈન્ટરેસ્ટિંગ ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવઈના સ્ટુડિયોમાં ગુરુવારે પ્રોફેસરે ૧૭ ટીનએજર સહિત ૧૯ જણને બંધક બનાવ્યાની ઘટનાએ ભારે ચકચાર મચાવી દીધી હતી ત્યારે મુંબઈ અગાઉ પણ આવી ઘટનાઓની સાક્ષી રહી હોવાનું યાદ રાખવું રહ્યું. આ રહી શહેરમાં બનેલી ચકચારી પાંચ ઘટના, જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

મુંબઈમાં બનેલી અત્યાર સુધીની સૌથી મોટી ઘટનામાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલાનો સમાવેશ થાય છે. આતંકવાદીઓએ દક્ષિણ મુંબની તાજમહાલ હોટેલ, ટ્રાઈડેન્ટ હોટેલ અને કોલાબાના છાબડ હાઉસમાં લોકોને બંધક બનાવ્યા હતા. જોકે ત્રાસવાદીઓએ આડેધડ ગોળીબાર કરીને અનેક બંધકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

પવઈ જેવી જ ઘટના ૨૭ ઑક્ટોબર, ૨૦૦૮ના રોજ કુર્લા પરિસરમાં બની હતી. બિહારના વતની રાહુલ રાજે

(જુઓ પાનું ૪) ▶▶

## જોખમી ઈમારતોના પુનર્વિકાસ માટે મ્હાડાએ એનઓસી આપવું જરૂરી

### ડેવલપર સાથેનો વિવાદ અડચણ ન બની શકેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ હાઈ કોર્ટે તાજેતરમાં જ ચુકાદો આપ્યો હતો કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) માટે જર્જરિત ઇમારતોના પુનર્વિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) જારી કરવું ફરજિયાત છે. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ આરતી સાઠેની બેન્ચે પણ જણાવ્યું હતું કે અરજદાર સોસાયટીના સભ્યો જર્જરિત ઇમારતમાં રહેતા હોય અને કોઈ કાનૂની અવરોધ ન હોય તો પુનર્વિકાસ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ જારી કરવું એ મ્હાડાની કાનૂની ફરજ છે .

બોરીવલીની એક સોસાયટીએ એક અરજી દ્વારા કોર્ટમાં મ્હાડાના નો ઓબ્જેક્શન સર્ટિફિકેટને કારણે બિલ્ડિંગના પુનર્વિકાસમાં વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ ઇમારતને જોખમી જાહેર કરવામાં આવી હતી અને તેને માળખાકીય રીતે અસુરક્ષિત અને તોડી પાડવાની ભલામણ

(જુઓ પાનું ૪) ▶▶

## હવે સામાજિક ન્યાય વિભાગના ₹ ૪૧૦ કરોડ લાડકી બહેન માટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સામાજિક ન્યાય વિભાગે લાડકી બહેન યોજનાના ઓક્ટોબરના હપ્તા પેટે ૪૧૦.૩૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ સંદર્ભે સરકારી આદેશ જારી કરવામાં આવ્યો છે. લાડકી બહેન યોજનાના બોગસ લાભાર્થીઓને તપાસવા માટે, આ યોજનામાં ઈ-કેવાયસી ફરજિયાત બનાવવામાં આવ્યું છે. મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ એવી સ્પષ્ટતા કરી હતી કે મોટાભાગની લાડકી બહેનોએ ઈ-કેવાયસી પૂર્ણ કરી લીધું છે. ૧૮

(જુઓ પાનું ૪) ▶▶

### અપાત્ર બહેનો પર ૪,૦૦૦ કરોડ ખર્ચ

મુંબઈઃ માહિતી અધિકાર (આરટીઆઈ) દ્વારા એવું જાણવા મળ્યું છે કે ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના’ હેઠળ અયોગ્ય મહિલા/લાભાર્થીઓને લગભગ ૪,૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ચકાસણીમાં વિલંબને કારણે સરકારી તિજોરી પર હજારો કરોડ રૂપિયાનો બોજ પડ્યો છે. લાડકી

(જુઓ પાનું ૪) ▶▶

## મતદાર યાદીમાં ‘અનિયમિતતા’ સામે ઠાકરે ભાઈઓ અને શરદ પવાર વિપક્ષની વિરોધ રેલીનું નેતૃત્વ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, એનસીપી (એસપી)ના સુપ્રીમો શરદ પવાર અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે સહિત મહા વિકાસ આઘાડીના સાથી પક્ષોના ટોચના નેતાઓ મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓ સામે મુંબઈમાં વિપક્ષના પહેલી નવેમ્બરની વિરોધ રેલીનું નેતૃત્વ કરશે.


ઠાકરે પિતરાઈ ભાઈઓ અને પવારે ગુરુવારે અહીં વાય. બી. ચવ્હાણ ખાતે એક બેઠક યોજી હતી જેથી ભવ્ય સંયુક્ત રેલીની વિગતો નક્કી કરી શકાય, જ્યાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા નસીમ ખાન, શેતકરી અને કામદાર પક્ષ (પીડબ્લ્યુપી)ના જયંત પાટિલ અને ડાબેરી પક્ષોના નેતાઓ પણ હાજર રહ્યા હતા.

બેઠક બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા, શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબે જણાવ્યું હતું કે વિરોધ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.